MARKET 4U
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શનિવાર । તા. ૦૪-૦૧-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨ । છૂટક નકલ : 3 રૂા. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂા.

બગદાદ એરપોર્ટ પર અમેરિકાનો રોકેટ હુમલો,જનરલ સહિત આઠ લોકોના મોત

અમેરિકાની ઈરાન પર 'એર સ્ટ્રાઈક': 'બાહુબલી' જનરલ સુલેમાની ઠાર

અમેરિકાને ઈરાન-ઈરાકની ધરતી પર હંફાવનાર લશ્કરી વડા માર્યા જતાં ટ્રમ્પે રાષ્ટ્રધ્વજ મૂકીને જાહેરાત કરી,- સુલેમાનીની હત્યા બદલ ઈરાને ત્રણ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો

૨૦૨૦ની શરૂઆતમાં જ ત્રીજા વિશ્વયુદ્ધના ભણકારા: અમેરિકા-ઈરાન આમને-સામને,વૈશ્વિક તંગદીલી,- સીરિયા અને ઈરાકમાં રિવોલ્યુશનરી ગાર્ડ્સની વિદેશી બ્રાન્ચમાં સુલેમાનીની મહત્વની ભૂમિકા



અમેરિકાનો પોતાના નાગરિકોને ઈરાન છોડવા આદેશ

બગદાદમાં અમેરિકન દૂતાવાસે કથળતી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શુક્રવારે બપોરે એક અખબારી યાદી બહાર પાડી હતી. આમાં, અહીં હાજર તમામ અમેરિકન નાગરિકો પાસેથી અમેરિકા પાછા ફરવાની સલાહ આપવામાં આવી છે. અખબારી યાદીમાં કહેવામાં આવ્યું છે કે બધા નાગરિકોએ તુરંત જ રવાના થવું જોઈએ, પછી ભલે તે અમેરિકા પરત ફરવું હોય અથવા બીજા દેશમાં જવું હોય.

બગદાદ/વૉશિંગ્ટન

ઈશુના નવા ૨૦૨૦ના વર્ષમાં જ વિશ્વમાં ફરી એકવાર યુધ્ધના ભણકારા વાગી રહ્યાં હોય તેમ નવા વર્ષના બીજા જ દિવસે વિશ્વની મહાસત્તા અમેરિકાએ ઈરાકની રાજધાની બગદાદ પર ડ્રોન હુમલો કરીને ઈરાનના કુદસ ફોર્સના સૌથી શક્તિશાળી લશ્કરી વડા જનરલ કાસિમ સુલેમાનીનો ખાત્મો બોલાવી દેતાં ઈરાક અને ઈરાને અમેરિકા સામે ખતરનાક બદલો લેવાની જાહેરાત કરતાં વૈશ્વિક સ્તરે એવી તંગદીલી સર્જાઈ છે કે જાણે ત્રીજા વિશ્વ યુધ્ધના ભણકારાં વાગવાની શરૂઆત થઈ ગઈ હોય. અમેરિકાના આ પગલાની અસર ભારત ઉપર પણ પડી છે. ભારત દ્વારા આંતરરાષ્ટ્રીય બજારમાં ખરીદાતા પેટ્રોલિયમ પેદાશોની કિંમતમાં અચાનક ઉછાળો જોવા મળ્યો હતો. અને તેના પગલે ભારતમાં પેટ્રોલ-ડિઝલના ભાવમાં વધારો થઈ શકે તેમ છે. તો બીજી તરફ આજના નેટયુગમાં અનિવાર્ય એવા સોશ્યલ મિડિયામાં ત્રીજુ વિશ્વ યુધ્ધના નામે મેસેજ અને વિડિયો વાયરલ થયા હતા. ઈરાન અને ઈરાક અમેરિકા સામે બદલાની કેવી કાર્યવાહી કરશે તોના પર વિશ્વ આખાની નજર ટિકાયેલી છે.

તાજેતરમાં અમેરિકાએ ઈરાન અને ઈરાકને અમેરિકી

અનુસંધાન પાના નં. ૮

અમેરિકાની ક્રૂરતાનો જડબાતોડ જવાબ મળશેઃ રુહાનીનો લલકાર

ઈરાન અને તેના ક્ષેત્રના સમર્થક રાષ્ટ્રોએ લશ્કરી વડા કાસિમ સુલેમાનીની અમેરિકા દ્વારા કરાયેલા હુમલામાં હત્યા બદલ ખતરનાક બદલો લેવાની વાત ઉચ્ચારી છે. ઈરાનના રાષ્ટ્રપતિ હસન રુહાનીએ એક નિવેદનમાં જણાવ્યું છે કે, 'ઈરાન તેમજ તેના ક્ષેત્રના મુક્ત રાષ્ટ્રો અમેરિકાની ક્રૂરતાનો જડબાતોડ જવાબ આપશે.' રુહાનીએ ઈરાન તેમજ સમર્થક મધ્ય પૂર્વના દેશોને લશ્કરના વડા સુલેમાનીની હત્યાનો બદલો લેવા માટે આહ્વાન કર્યું હતું. 'સુલેમાનીની શહીદીપકૂર અમેરિકાએ જે આક્રમકતા દાખવી છે તેનાથી ઈરાન તેમજ ક્ષેત્રના રાષ્ટ્રો અને લોકોને જોરદાર ઠેસ પહોંચી છે,' તેમ રુહાનીએ ઈરાન સરકારની એક વેબસાઈટ પર નિવેદન પોસ્ટ કર્યું હતું. રાષ્ટ્રપતિના જણાવ્યા મુજબ, સુલેમાનીની હત્યાથી ઈરાન તેમજ તેના સમર્થક રાષ્ટ્રોની શક્તિ તેમજ પ્રતિબદ્ધતા બેવડાઈ છે અને અમેરિકા દ્વારા ઈસ્લામિક મૂલ્યોના રક્ષણ માટે અમે ગમે તે હદ સુધી જતા ખચકાશું નહીં. આ પ્રકારના કાયરતાપૂર્વકના હુમલાથી અમેરિકાની આ ક્ષેત્રમાં નબળાઈ અને હતાશા છતી થઈ છે.

વડાપ્રધાને બેંગ્લુરુમાં ૧૦૭મી ભારતીય વિજ્ઞાન કોંગ્રેસનો પ્રારંભ કરાવ્યો

દેશના વૈજ્ઞાનિકોએ લેબોરેટરીમાં પ્લાસ્ટિકનો વિકલ્પ શોધવો આવશ્યકઃ મોદી

૨૦૨૫માં ભારત બાયોફ્યુઅલનું હબ બનશે,ઈનોવેશન ઈન્ડેક્સમાં ભારતની રેકિંગ સુધરીને ૫૨ પર પહોંચીઃ વડાપ્રધાન

બેંગ્લુરુ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે બેંગલુરુ ખાતે ૧૦૭મી 'ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ'નો પ્રારંભ કરાવતા જણાવ્યું કે પર્યાવરણને સુરક્ષિત રાખવા માટે વિશ્વના વૈજ્ઞાનિકોએ પ્રયોગશાળામાં પ્લાસ્ટિકનો વિકલ્પ શોધવો પડશે. ખેતીના વિકાસ સાથે સાથે પર્યાવરણ અનુકૂળ ઉર્જાનું ઉત્પાદન પર પણ ભાર આપવાની જરૂર છે. પાંચ દિવસના આ આયોજનમાં બે નોબેલ પુરસ્કૃત વિજેતાઓ ઉપરાંત વિશ્વભરના ૧૫ હજાર તજજ્ઞો ઉપસ્થિત રહેશે. સાયન્સ કોંગ્રેસમાં દર વર્ષે કોઈ સમસ્યા પર ચર્ચા અને સમાધાન શોધવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ વખતની થીમ કૃષિ વિકાસ રાખવામાં આવી છે.

મોદીએ જણાવ્યું કે- 'વિતેલા પાંચ વર્ષમાં ગ્રામીણ વિકાસનો લોકોએ અહેસાસ કર્યો છે. સ્વચ્છ ભારતથી આયુષ્માન સુધી ભારતની સૌથી મોટી યોજનાઓની દુનિયાનામાં સરાહના થઈ રહી છે. જેનું કારણ સાયન્સ એન્ડ ટેક્નોલોજી છે. દેશના છ કરોડ ખેડૂતોને પીએમ કિસાન યોજનાની રકમ ટ્રાન્સફર કરીને એક નવો રેકોર્ડ સર્જ્યો છે. ગામડાઓ સુધી વીજળી અને અન્ય વિકાસ કાર્યો પહોંચ્યા છે. આ બધું ટેક્નોલોજીની મદદથી સંભવ બન્યું છે. આજે ગામડામાં રસ્તાનું નિર્માણ સમયસર પૂર્ણ થાય છે. ગરીબો માટે બે કરોડથી વધુ આવાસ સમયસીમામાં તૈયાર થયા છે. મને એ જાણીને આનંદ થાય છે કે ઈનોવેશન ઈન્ડેક્સમાં ભારતનું રેકિંગ ૫૨ પર પહોચી ગયુ છે.

વડાપ્રધાને ભાષમણમાં જણાવ્યું કે, 'ટેક્નોલોજીને લીધે આજે ખેડૂતો સીધા

અનુસંધાન પાના નં. ૮

નાગરિકતા વિવાદઃ મોદી ૧૧મીએ મમતાના ગઢમાં જાહેરસભા ગજવે તેવી શક્યતા



ન્યુ દિલ્હી

પ.બંગાળમાં ખુદ રાજ્ય સરકાર જ મોદી સરકારના સંશોધિત નાગરિકતા કાયદાનો જોરદાર વિરોધ કરી રહી છે ત્યારે તેવા સમયે વડાપ્રધાન નરેન્દ્ર મોદી બંગાળની મુલાકાત લેવાના છે. તેમની મુલાકાતને લઈને વિવાદ સર્જાય તો નવાઈ નહીં. પીએમ મોદી ૧૧મી જાન્યુઆરીના રોજ કોલકાતાની મુલાકાત લે તેમ છે. તેમની સંભવિત કોલકાતા મુલાકાત વખતે ભાજપના બંગાળ એકમ સંસદમાં નાગરિકત્વ (સુધારા) બિલ પસાર કરવા બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું ભવ્ય સન્માન કરીને બંગાળમાં સત્તાપક્ષ ટીએમસી અને મુખ્યમંત્રી મમતા બેનર્જીની સામે શક્તિ પ્રદર્શનનો કાર્યક્રમ યોજવા પણ વિચારી રહ્યાં છે. રાજ્ય

અનુસંધાન પાના નં. ૮

પીડિતોએ વડાપ્રધાનને કહ્યું અહિંથી મત નહીં મળે, ૧૪૦૦ ઘર બળીને ખાખ

ઓસ્ટ્રેલિયા જંગલોમાં આગઃ વડાપ્રધાન સાથે આગ પીડિત લોકોએ હાથ પણ ન મિલાવ્યા

મેલબર્ન

દક્ષિણ પૂર્વ ઓસ્ટ્રેલિયાના જંગલોમાં સપ્ટેમ્બર, ૨૦૧૯થી જે આગ લાગી હતી તેણે અત્યાર સુધીમાં ૧૮ લોકોનો ભોગ લીધો છે અને આશરે ૧,૪૦૦ જેટલા ઘર બળીને ખાખ થઈ ગયા છે. આગની આ ઘટનામાં વધુ અસરકારક કાર્યવાહી નહીં કરી શકવાને લીધે ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી સ્કોટ મોરિસનની ખૂબ ટીકા થઈ રહી છે. ઘટના સ્થળે તપાસ માટે પહોંચેલા મોરિસનને સ્થાનિક લોકોની નારાજગીનો સામનો કરવો પડ્યો હતો અને નારાજ થયેલા પીડિત લોકોએ તેમની હાથ પણ મિલાવવાનો ઈકાર



કર્યો હતો. એક વ્યક્તિએ કહ્યું હતું કે તમને હવે અહીંથી એક પણ મત મળવાનો નથી, તમે મૂર્ખ છો. અત્રે ઉલ્લેખનીય છે કે મોરિસન ૧૩થી ૧૬ જાન્યુઆરી સુધી ભારતના પ્રવાસ પર છે. દેશમાં આ સ્થિતિને જોતા તેઓ ભારત પ્રવાસ મોકૂફ રાખી શકે છે.

ઓસ્ટ્રેલિયાના આશરે ૧.૨ એકર જંગલમાં ફેલાયેલી આંગમાં અત્યાર સુધીમાં ૧૪૦૦ કરતા વધારે ઘર બળી ગયા છે. ૫૦૦ કરતા વધારે લોકોને સમુદ્રી જહાજની મદદથી

અનુસંધાન પાના નં. ૮

કૂડ તેલનો ભાવ ૪.૪ ટકા વધી ૬૯.૧૬ ડૉલરને પાર

અમેરિકા-ઈરાનના તણાવને પગલે કૂડ તેલમાં ભડકોઃ પેટ્રોલ-ડિઝલના ભાવ વધશે

ન્યુ દિલ્હી

તેલ કંપનીઓએ શુક્રવારે સતત બીજા દિવસે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કર્યો છે. ૧ જાન્યુઆરીએ પેટ્રોલ અને ડીઝલના ભાવ સ્થિર હતા, પરંતુ તે પછી ગુરુવાર અને શુક્રવારે તેમાં વધારો કરવામાં આવ્યો છે. તો બીજી તરફ બગદાદ એરપોર્ટ પર અમેરિકન સૈન્ય દ્વારા કરવામાં આવેલા મિસાઈલ હુમલામાં ઈરાનના ટોચના કમાન્ડર કાસિમ સુલેમાની શહીદ થયા હતા, ત્યારબાદ કૂડ તેલની કિંમતમાં વધારો થયો છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં કૂડ ઓઈલના ભાવ ચાર ટકા મજબૂત બન્યા છે. આથી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ પર દબાણ આવ્યું છે. આજે, બ્રેન્ટ કૂડ તેલનો ભાવ ૪.૪ ટકા વધીને ૬૯.૧૬ ડોલર પર પહોંચી ગયો છે. ડબ્લ્યુટીઆઈ ૪.૩ ટકા વધીને ૬૩.૮૪ યુએસ ડોલર પર પહોંચી ગયું છે. આની અસર અન્ય દેશોની સાથે ભારત પર પણ થઈ શકે છે. દેશમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં વધુ વધારો થઈ શકે છે. આ કારણ છે કે ભારત અરબ દેશો તેમજ ઈરાન પાસેથી કૂડ તેલની આયાત કરતું રહ્યું છે.

દિલ્હીમાં એક લિટર પેટ્રોલના ભાવમાં ૧૦ પૈસા, કોલકાતા અને મુંબઈમાં સાત પૈસાનો વધારો થયો છે. તો ચેન્નાઈમાં પેટ્રોલના ભાવમાં

અનુસંધાન પાના નં. ૮

રાજસ્થાનના જોધપુરમાં કોંગ્રેસ પર વરસ્યા ગૃહમંત્રી

રાહુલ બાબા સીએએ કાયદો ના સમજાયો હોય, તો ઈટાલિયન ભાષામાં મોકલુઃ શાહ



સીએએ અંગે એક ઈંચ પણ પાછા નહીં હટીએ,કોટામાં બાળકોની ચિંતા કરો ગહેલોતજી

જોધપુર

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નાગરિકતા સંશોધન કાયદાના સમર્થનમાં રાજસ્થાનના જોધપુરમાં એક જંગી રેલી યોજી હતી. જેમાં ગૃહમંત્રીએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સહિત વિપક્ષના નેતાઓ પર આકરા પ્રહાર કર્યા હતા. અમિત શાહે કહ્યું હતું કે, જેટલી પર ગેરસમજ ફેલાવવી હોય તે ફેલાવી લો પણ ભાજપ આ મામલે એક ઈંચ પણ પીછેહટ કરશે જ નહીં.

ગૃહમંત્રી અમિત શાહે સીએએને લઈને કહ્યું હતું કે, કોંગ્રેસ, મમતા દીદી, એસપી, બીએસપી, કેજરીવાલ એન્ડ કંપની આ કાયદાનો વિરોધ કરી રહી છે. હું એ તમામને પડકાર ફેંકુ છું કે તે તેઓ સાબીત કરે કે આ કાયદાથી કોઈ પણ અલ્પસંખ્યકનું નુકસાન થશે. અમિત શાહે કહ્યું હતું કે, જો રાહુલ બાબાએ ખરેખર જો કાયદો વાચ્યો હોય તો મારી સામે આવી જાય અને ચર્ચા કરે. શાહે જોરદાર ટોણો મારતા કહ્યું હતું કે. જો રાહુલ બાબબાને કાયદો સમજમાં ના આવતો હોય તો ઈટલીયન ભાષામાં તેનું ટ્રાન્સલેટ કરીને મોકલવા તૈયાર છું.

તેમણે કહ્યું હતું કે, પાકિસ્તાન-બાંગ્લાદેશ-અફઘાનિસ્તાનમાંથી જે હિંદુ, જૈન, બૌદ્ધ, સિખ, ઈસાઈ અને પારસી અલ્પસંખ્યક આવ્યા તેમની કોઈની ચિંતા નથી કરી પરંતુ મોદી સરકારે પોતાનો વાયદો પુરો કર્યો છે. અમિત શાહે એમ પણ કહ્યું હતું કે, આ અલ્પસંખ્યકોને ભારતમાં નાગરિકતા આપવાનો મહાત્મા ગાંધી, જવાહરલાલ નેહરૂ, રાજેંન્દ્ર પ્રસાદ, સરદાર પટેલ સહિતના તમામ નેતાઓએ વાયદો કર્યો હતો તો શું તેઓ પણ સાંપ્રદાયિક હતાં? કોંગ્રેસે માત્ર ને માત્ર વોટબેંકના કારણે જોઈ જ નિર્ણય ના લીધો પરંતુ નરેન્દ્ર મોદી પર ઈંચની છાતી ધરાવતા નેતા છે, તેઓ

અનુસંધાન પાના નં. ૮

કોઈ પણ ભારતીય સંશોધિત નાગરિકતા કાયદાના કારણે પોતાની નાગરિકતા નહીં ગુમાવે

સીએએ વિરુદ્ધ થઈ રહેલા મોટાભાગના પ્રદર્શન રાજકારણથી પ્રેરિત : અમિત શાહ

ન્યુ દિલ્હી

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહએ નાગરિકતા સંશોધન કાયદાની વિરુદ્ધ પ્રદર્શનોને મોટાભાગે રાજકીય કરાર કર્યા અને કહ્યું કે કોઈ પણ ભારતીય આ કાયદાના કારણે પોતાની નાગરિકતા નહીં ગુમાવે. અમિત શાહે કોંગ્રેસ નેતાઓ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીને સીએએમાં એક પણ આવી જોગવાઈ બતાવવાનો પડકાર આપ્યો જેમાં કોઈની ભારતીય નાગરિકતા છીનવાઈ રહી હોય.

અમિત શાહે એક ન્યૂઝ ચેનલ સાથેની મુલાકાતમાં કહ્યું કે, હું એ વાતથી સહમત છું કે મોટાભાગના રાજકીય પ્રદર્શન છે. કેટલાક લોકો ગેરમાર્ગે દોરાયા છે પરંતુ અમે તેમને સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. ગૃહ મંત્રીએ કહ્યું કે, સીએએ હેઠળ સરકાર પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશના ઉત્પીડિત લઘુમતીઓને નાગરિકતા આપવા માંગે છે. તેઓએ કહ્યું કે, હું સ્પષ્ટપણે કહેવા માંગું છું કે સીએએમાં એવી જોઈ જોગવાઈ નથી જેના કારણે કોઈની નાગરિકતા છીનવાઈ શકે છે. ગૃહ મંત્રીએ કહ્યું કે આ ત્રણેય દેશોના શરણાર્થીઓને

અનુસંધાન પાના નં. ૮


એનઆરસી,એનપીઆર,સીએએ ભારતીય લોકોની વિરુદ્ધ છે

ભાજપ નતો હિન્દુ ધર્મને જાણે છે નતો તેને માને છે : અખિલેશ

લખનઉ

સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવે ભાજપ સરકાર પર આકરા પ્રહરો કર્યા છે. તેમણે જણાવ્યું છે કે, ભાજપ સરકાર બદલશે ત્યારે જ નવું વર્ષ આવશે. ભાજપ નતો હિન્દુ ધર્મને જાણે છે નતો તેને માને છે.

અખિલેશે યાદવે પાર્ટીના મુખ્યાલયમાં કાર્યકર્તાઓની સાથે વાત કરતા જણાવ્યું હતું કે, ભાજપ સરકારે તેના સમગ્ર કાર્યકાળમાં સમાજમાં ભાગલા પાડવાનું અને લોકોને હેરાન કરવાનું કામ કર્યું છે. સીએએ, એનઆરસી અને એનપીઆર ત્રણેય એક ષડયંત્ર છે અને ભારતીયોની વિરુદ્ધ છે. અખિલેશ યાદવે આહ્વાન કર્યું કે, વર્ષ ૨૦૨૨માં સામાજવાદી સરકાર બનાવવા માટે બધાએ લાગી જવું જોઈએ. નોટબંધી-જીએસટીને કારણે પ્રજાની મુશ્કેલી વધી ગઈ છે. બેરોજગારીમાં પણ વધારો થયો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, હવે એનપીઆરની મુશ્કેલી આવી ગઈ છે. જ્યારે આધાર કાર્ડમાં બધી જ માહિતી છે તો એનપીઆરની કવાયત કેમ કરવામાં આવી રહી છે. તેમણે પ્રજાને આહ્વાન કર્યું કે, તેઓ સત્યાગ્રહ આંદોલનની જેમ એનપીઆરનું ફોર્મ ભરે નહીં.



ભારતીય કેપ્ટન વિરાટ કોહલીએ પ્રખ્યાત સેલિબ્રિટી હેર સ્ટાઈલિસ્ટ આલિમ હાકિમ પાસે નવી હેર સ્ટાઈલ કરાવડાવી છે. તેના ફોટોગ્રાફ આલિમ હાકિમે સોશિયલ મીડિયામાં શેર કર્યા છે. વિરાટે 'ટોપ કટ' તરીકે ઓળખાતી હેર સ્ટાઈલ અપનાવી છે. લાગી રહ્યું છે કે, કોહલીની આ સ્ટાઈલ આગામી દિવસોમાં અન્ય ટીમ મેટ્સ પણ અપનાવશે.

ચૂંટણી બાદ જેપી નડ્ડાને અધ્યક્ષની જવાબદારી સોંપાશે

દિલ્હી વિધાનસભા ચૂંટણીની જવાબદારી શાહના માથેઃ નવા અધ્યક્ષની રાહ જોવી પડશે

ન્યુ દિલ્હી

પહેલા મધ્ય પ્રદેશ, છત્તિસઢ, રાજસ્થાન બાદ હરિયાણા, મહારાષ્ટ્ર અને ઝારખંડ એમ એક જ વર્ષમાં ૬ રાજ્યોમાં ભાજપને કારમી હાર મળતા હવે ફરી એકવાર ભાજપ અધ્યક્ષ અને ગૃહમંત્રી અમિત શાહ દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં સંપૂર્ણ પણે કમાંડ પોતાના હાથમાં લેશે. જેથી ભાજપને નવા અધ્યક્ષ માટે ફેબ્રુઆરીમાં દિલ્હી વિધાનસભા ચૂંટણી સુધી રાહ જોવી પડી શકે છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે દિલ્હી વિધાનસભા ચૂંટણી બાદ કાર્યકારી અધ્યક્ષ જેપી નડ્ડાને પાર્ટીની અધ્યક્ષ પદની જવાબદારી સોંપાશે. જોકે આમ થવામાં હજી બે મહિના જેટલો સમય લાગી શકે છે.

સામાન્ય રીતે લોકસભા અથવા વિધાનસભા ચૂંટણી ચાલતી હોય ત્યારે ભાજપ અધ્યક્ષ પદની પસંદગી નથી કરતી. આમ, આ સંજોગોમાં પાર્ટીને નવા અધ્યક્ષ ફેબ્રુઆરીના બીજા સપ્તાહમાં મળવાની શક્યતા છે. નિયમ પ્રમાણે અધ્યક્ષ પદની ચૂંટણી માટે ૫૦ ટકા રાજ્યોમાં સંગઠન ચૂંટણી જરૂરી છે. મકરસંક્રાતિ બાદ પાર્ટી આ નિયમ અમલી બનાવશે. બરાબર આ દરમિયાન જ દિલ્હી વિધાનસભા ચૂંટણીની જાહેરાત કરવામાં આવશે.

અમિત શાહના સ્થાને ભાજપના વર્તમાન કાર્યકારી અધ્યક્ષ જેપી નડ્ડાને અધ્યક્ષ બનાવવામાં આવશે. જોકે નડ્ડાને કાર્યકારી અધ્યક્ષ બનાવતાની સાથે જ આ બાબત નિશ્ચિત બની હતી. તેવી જ રીતે કાર્યકારી અધ્યક્ષ બન્યા બાદ નડ્ડાન રાષ્ટ્રીય સ્તરનો પ્રવાસ પણ પાર્ટી તરફથી ઈશારો છે કે, હવે આગામી નવા બીજેપી અધ્યક્ષ તેઓ જ બનશે. જો નડ્ડા ફેબ્રુઆરીમાં અધ્યક્ષ પદની કમાન સંભાળશે તો તેમની સામે પહેલો પડકાર બિહાર વિધાનસભા ચૂંટણી અને બીજો પડકાર પશ્ચિમ બંગાળની ચૂંટણી રહેશે.

સેન્ટર ફોર મોનીટરીંગ ઈન્ડિયન ઈકોનોમીના રિપોર્ટમાં ખુલાસો

મોદી સરકારની નિષ્ફળતાઃ ડિસેમ્બરમાં બેરોજગારી દર ૭.૭ ટકાએ પહોંચ્યો

નવેમ્બરમાં બેરોજગારીનો દર ૭.૪ ટકા હતો,૧૦ રાજ્યોમાં સૌથી વધુ બેરોજગારી દર તેમાં ૬ રાજ્યો ભાજપ શાસિત

ન્યુ દિલ્હી

બેરોજગારીએ વર્ષ ૨૦૨૦માં પણ મોદી સરકારનો પીછો છોડ્યો નથી. ડિસેમ્બરમાં બેરોજગારી દર વધીને ૭.૭ ટકાએ પહોંચી ગયો છે. એક થિંક ટેંક સેન્ટર ફોર મોનીટરીંગ ઈન્ડિયન ઈકોનોમીના એક રિપોર્ટમાં આ વાત સામે આવી છે. નવેમ્બર ૨૦૧૯ દરમિયાન દેશમાં બેરોજગારીનો દર ૭.૪ ટકા હતો.

બેરોજગારી એક એવો મુદ્દો છે જેને લઈને વિપક્ષે ગતવર્ષે સતત સરકારને ઘેરી. ચોંકાવનારી વાત તે છે કે ભાજપ શાસિત રાજ્યોમાં વધુ બેરોજગારી છે અને સૌથી વધુ બેરોજગારી ત્રિપુરામાં ૨૮.૬ ટકા જોવા મળી છે. દેશના જે ૧૦ રાજ્યોમાં સૌથી વધુ બેરોજગારી દર છે તેવા ૬ રાજ્યોમાં ભાજપ અને તેના સાથીપક્ષોની સરકાર છે. ત્રિપુરા,હરિયાણા અને હિમાચલ પ્રદેશમાં બેરોજગારી દર ૨૦ ટકાથી વધી ગયો છે. કર્ણાટક અને આસામમાં બેરોજગારી દર સૌથી ઓછો ૦.૯ ટકા છે જ્યારે હરિયાણામાં બેરોજગારીનો દર ૨૭.૬ ટકા છે.

આ અગાઉ ઓક્ટોમ્બરમાં દેશનો બેરોજગારી દર ત્રણ વર્ષની સર્વોચ્ચ સપાટી ૮.૪૫ ટકાએ પહોંચી ગયો હતો. પાછલા બે ક્વાર્ટરથી દેશનો જીડીપી ગ્રોથરેટ પણ ૫ ટકાથી નીચે આવી ગયો છે. નબળી માંગ અને રોકાણમાં ઘટાડાને કારણે જીડીપી ગ્રોથ ઝડપથી વધી રહ્યો નથી. સેન્ટર ફોર મોનીટરીંગ ઈન્ડિયન ઈકોનોમી અનુસાર શહેરી બેરોજગારી દર નવેમ્બરમાં ૮.૮૯ ટકા અને ડિસેમ્બરમાં ૮.૯૧ ટકા હતો. એટલે કે શહેરી બેરોજગારી દર ૨ સરેરાશ રાષ્ટ્રીય દર કરતા વધુ છે. દેશના જીડીપી ગ્રોથની ઝડપ પણ ઘટી ગઈ છે જેને કારણે વધુ માત્રામાં નોકરીઓનું સર્જન નથી થઈ રહ્યું તેમજ બેરોજગારી વધી રહી છે. ગ્રામીણ ભારતની વાર કરીએ તો બેરોજગારી દર ડિસેમ્બરમાં વધીને ૭.૧૩ ટકા વધી ગયો હતો, જે નવેમ્બરમાં ૬.૮૨ ટકા નોંધાયો હતો.

સીબીઆઈએ ૧૯ ઉચ્ચ અધિકારીની ટ્રાન્સફર કરી

ન્યુ દિલ્હી

સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઇ)એ બે ડીઆઈજી, ૧૪ પોલીસ સુપરિન્ટેન્ડન્ટ અને ત્રણ એસપી સહિત ૧૯ અધિકારીની તાત્કાલિક અમલમાં આવે એ રીતે ટ્રાન્સફર કરી હતી.

મુઝફ્ફરપુરના શેલ્ટર હોમમાંની કિશોરીઓ પરના જાતીય હુમલાની તપાસનું નેતૃત્વ કરી રહેલા ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ અભય સિંહને કોલકાતાની સ્પેશલ ક્રાઇમ બ્રાંચમાંથી ખસેડીને દિલ્હીની આર્થિક ગુનાવિરોધી શાખામાં મુકાયા છે. આમ છતાં, તેઓ જાતીય સતામણીના કેસની તપાસ ચાલુ રાખશે. ભ્રષ્ટાચારવિરોધી એકમ સંભાળી રહેલા ડીઆઈજી નીતિન દીપ બ્લાગ્ગનને એસી-ફાઇવ યુનિટનો વધારાનો અખત્યાર અપાયો છે. ચિટ ફંડના કેસની તપાસ કરી રહેલા કોલકાતાના યુનિટ ઇકોનોમિક ઑફેન્સિસ ફોરના એસપી પાર્થ મુખરજીને અહીંના વડા મથકમાં એઆઈજી (પોલિસી)ના હોદ્દા પર બેસાડાયા છે. તેઓ વિવેક પ્રિયદર્શીના અનુગામી બનશે. વિવેકને જયપુર ખાતે તબદીલ કરાયા છે. તેમણે ટૂ-જી સ્પેક્ટ્રમના કેસની તપાસનું નેતૃત્વ કર્યું હતું. આર્થિક ગુનાવિરોધી-થ્રીના એસપી વિજયેન્દ્ર બિદરીને ઇન્ટરપોલ કૉઑર્ડિનેશન યુનિટમાં તબદીલ કરાયા છે.

ઑગસ્ટા વેસ્ટલેન્ડ, વિજય માલ્યા અને અન્ય કેટલાક મહત્ત્વના કેસની તપાસ કરતી ટીમના સભ્ય કિરણ એસ.ને એસી-ફાઇવ યુનિટમાં ટ્રાન્સફર કરાયા છે.

રોબોટે અત્યાર સુધીમાં હોસ્પિટલમાં ૧૦૦થી વધુ સર્જરી કરી છે

સફદરજંગ હોસ્પિટલમાં રોબોટ કિડની ટ્રાન્સપ્લાન્ટ કરશે

ન્યુ દિલ્હી

આગામી બે માસમાં દિલ્હીની સફદરજંગ હોસ્પિટલમાં રોબોટની મદદથી કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવશે. રોબોટનો ઉપયોગ કરનારી હોસ્પિટલની ટીમે ત્રણ માસમાં ૧૦૦થી વધારે સર્જરી કરી છે. હવે રોબોટની મદદથી કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવાની તૈયારી કરવામાં આવી રહી છે. હોસ્પિટલની કિડની ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડોક્ટર અનૂપ કુમારે જણાવ્યું છે કે, કિડની ટ્રાન્સપ્લાન્ટ એક મુશ્કેલ સર્જરી છે. આ સર્જરી કરવા માટે પહેલા એક પ્રશિક્ષિત ટીમની જરૂર હતી. હવે અમારી ટીમ તૈયાર છે. અમે આગામી બે માસમાં કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવાનું શરૂ કરીશું.

ડોક્ટર અનૂપે જણાવ્યું હતું કે, ત્રણ મહિના પહેલા જ રોબોટ ઈન્સ્ટોલ કરાયો હતો. સરકારી હોસ્પિટલોમાં એઈમ્સ બાદ સફદરજંગ બીજી હોસ્પિટલ છે જ્યાં રોબોટ દ્વારા સર્જરી થાય છે. રોબોટની મદદથી ઓછા સમયમાં સારી સર્જરીના પરિણામ આવી રહ્યા છે. પહેલા જેટલા સમયમાં એક સર્જરી કરવામાં આવતી હતી હવે તેટલા જ સમયમાં બે સર્જરી થઈ રહી છે. જેને પગલે સર્જરી માટે લાંબા સમયથી રાહ જોઈ રહેલા દર્દીને લાભ થઈ રહ્યો છે.

ડોક્ટરે જણાવ્યું હતું કે, અમારો ઉદ્દેશ શ્રેષ્ઠ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કુશળતા મફતમાં ઉપ્લબ્ધ કરાવવાનો છે. જેમાં અમે સફળ થઈ રહ્યા છે. આજે અહિંયા એડવાન્સ કેન્સરની સારવાર શ્રેષ્ઠ ટેક્નિકની મદદથી ફ્રીમાં ઉપલબ્ધ કરવામાં આવી રહી છે. રોબોટનો ઉપયોગ પ્રોસ્ટેટ કેન્સર, કિડની કેન્સર, બ્લેડર કેન્સર, રીકંસ્ટ્રક્ટિવ સર્જરી અને એડવાન્સ કેન્સરમાં કરવામાં આવી રહી છે. રોબોટની મદદથી સર્જરીમાં કાપો નથી મૂકવામાં આવતો.

સીએએ-એનઆરસી વિરુદ્ધ જમાત-એ-ઈસ્લામીના કાર્યક્રમમાં હાજર રહેશે સંજય રાઉત

મુંબઈ

નાગરિકતા સંશોધન કાયદા અને રાષ્ટ્રીય નાગરિકતા રજીસ્ટર વિરુદ્ધ મુસ્લિમ સંગઠનો દ્વારા દેશભરમાં પ્રદર્શનો યોજાઈ રહ્યાં છે. હવે જમાત-એ-એસ્લામી હિંદ મુંબઈમાં સીએએ અને એનઆરસી વિરુદ્ધ શનિવારે એક કાર્યક્રમ કરવા જઈ રહી છે, જેમાં શિવસેનાના નેતા અને સાંસદ સંજય રાઉત પણ શામેલ થશે. જમાત-એ-એસ્લામી હિંદ મુંબઈ, મરાઠી પત્રકાર સંઘ અને એસોસિએશન ઓફ પ્રોટેક્શન ઓફ સિવિલ રાઈટ્સ મળીને આ કાર્યક્રમ કરી રહ્યાં છે.

સંજય રાઉત્તનું આ કાર્યક્રમમાં શામેલ થવું મહારાષ્ટ્રના રાજકારણમાં મહત્વનું માનવામાં આવી રહ્યું છે. કારણ કે શિવસેના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરે સાથે તેમના સંબંધોમાં તિરાડ પડી હોવાનું માનવામાં આવે છે. બરાબર ત્યારે જ એનઆરસી અને સીએએ મામલે મોદી સરકારને આડકતરી રીતે સમર્થન કરવાના શિવસેનાના વલણ વિરુદ્ધ સંજય રાઉત આ રેલીમાં શામેલ થવા જઈ રહ્યાં છે.

જમાત-એ-એસ્લામી હિંદના મુંબઈ અધ્યક્ષે જણાવ્યું હતું કે, સામનાના એડિટર અને શિવસેનાના નેતા સંજય રાઉતે સીએએ અને એનઆરસી વિરુદ્ધ યોજાનારા કાર્યક્રમમાં ભાગ લેવા માટેના આમંત્રણનો સ્વિકાર કર્યો છે. તેમણે સુનિશ્ચિત પણ કર્યું છે. સંજય રાઉત ઉપરાંત બોમ્બે હાઈકોર્ટના પૂર્વ જસ્ટિસ બીજી કોલસે પાટિલ, વરિષ્ઠ વકીલ મિહિર દેસાઈ અને વરિષ્ઠ વકીલ યૂસુફ મુછાલા પણ સીએએ અને એનઆરસી વિરુદ્ધ યોજાનારી ચર્ચામાં પોતાની વાત રજુ કરશે. સંજય રાઉત શું બોલશે તેના પર સૌકોઈની નજર છે.

રેપિસ્ટને ૨૧ દિવસમાં મોતની સજાનો ખરડો અમલમાં મૂકનાર આંધ્ર પ્રદેશ પ્રથમ રાજ્ય

હૈદરાબાદ

સગીર બાળાઓ અને મહિલાઓ પર બળાત્કાર કરનારને માત્ર ૨૧ દિવસમાં કેસ ચલાવીને મોતની સજા કરવાનો ખરડો -દિશા બિલ આંધ્ર પ્રદેશ વિધાનસભાએ ગુરૂવારે લાગુ પાડવામાં આવ્યો હતો.

આવો ખરડો પસાર કરનારું આંધ્ર પ્રદેશ દેશનું પહેલું રાજ્ય બન્યું હતું. આંધ્ર પ્રદેશમાં રેપના કેસ માટે અલગ કોર્ટ પણ સ્થાપવામાં આવશે એમ સરકારી પ્રવક્તાએ કહ્યું હતું.

એ માટેની જવાબદારી મહિલા સનદી અધિકારી કૃતિકા શુક્લાને સોંપવામાં આવી હતી. તેમને અને આઇપીએસ અધિકારી દીપિકાને આ બાબત માટે સ્પેશિયલ ઑફિસર બનાવવામાં આવ્યાં હતાં.

વાસ્તવમાં આંધ્ર પ્રદેશ વિધાનસભાએ આ ખરડો ડિસેંબરમાં પસાર કરી લીધો હતો. હૈદરાબાદની એક મહિલા વેટર્નરી ડૉક્ટર પર ગેંગરેપ કર્યા બાદ એની હત્યા કરનારા આરોપીઓનું હૈદરાબાદ પોલીસે એક્રાઉન્ટર કર્યું ત્યારે દેશભરમાં એના પડઘા પડ્યા હતા. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ અને કેટલાક નિવૃત્ત જજોએ પણ આ એક્રાઉન્ટરની ટીકા કરી હતી. ત્યારબાદ આંધ્ર પ્રદેશ સરકારે આ નિર્ણય કર્યો હતો

હૈદરાબાદની રેપ પીડિતાના બદલે આ ખરડામાં મહિલાનું કાલ્પનિક નામ દિશા રાખવામાં આવ્યું હતું.

વીર સાવરકર મુદ્દે રાજકારણ ગરમાયું

રાહુલ ગાંધી સમલૈંગિક છેઃ હિન્દુ મહાસભા અધ્યક્ષ

ન્યુ દિલ્હી

અખિલ ભારતીય હિન્દુ મહાસભાના અધ્યક્ષ સ્વામી ચક્રપાણિએ કોંગ્રેસ સેવાદળની વિવાદીત બુકલેટ અંગે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પર હુમલો કર્યો છે. તેમણે જણાવ્યું છે કે, અમે તો એવું પણ સાંભળ્યું છે કે રાહુલ ગાંધી સમલૈંગિક છે.

હિન્દુ મહાસભાના પ્રમુખ ચક્રપાણિએ કોંગ્રેસ પર પલટવાર કરતા જણાવ્યું હતું કે, આ ભૂતપૂર્વ મહાસભા અધ્યક્ષ વીર સાવરકરની વિરુદ્ધ હાસ્યાસ્પદ આરોપ છે. અમે તો એવું પણ સાંભળ્યું છે કે રાહુલ ગાંધી સમલૈંગિક છે.

મધ્ય પ્રદેશના ભોપાલમાં કોંગ્રેસ સેવાદળના રાષ્ટ્રીય પ્રશિક્ષણ શિબિરમાં વિવાદાસ્પદ પુસ્તક વહેંચવામાં આવ્યું હતું. જેનું શિર્ષક 'વીર સાવરકર કેટલા વીર?' આપવામાં આવ્યું છે. પુસ્તકમાં સાવરકર અંગે જે લખાણ લખવામાં આવ્યું છે તેને કારણ હવે રાજકારણ ગરમાયું છે.

કોંગ્રેસે વહેંચેલા આ પુસ્તકમાં એવું લખ્યું છે કે, સાવરકરે બાળપણમાં મસ્જિદ પર પથ્થર ફેંક્યા હતા અને ત્યાંની ટાઈલ્ટ પણ તોડી હતી. એટલું જ નહીં પુસ્તકમાં નાથૂરામ ગોડ્સે અને સાવરકરની વચ્ચે સમલૈંગિક સંબંધ હોવાનો પણ દાવો કરવામાં આવ્યો છે.

આવુ કરનારૂ પ્રથમ ભારતીય રાજ્ય

ઓડિશા પોલીસે મહિલાઓની સુરક્ષા માટે સ્પેશ્યલ ૩૦૦ની રચના કરી

ભૂવનેશ્વર

મહિલાઓની સુરક્ષા માટે એક નવા પ્રયોગ રૂપે ઓરિસા પોલીસે થ્રી હન્ડ્રેડ નામે યુવતીઓની ભરતી કરી હતી. આ યુવતીઓ પોલીસ માટે બાતમીદાર બનવા ઉપરાંત મુશ્કેલીમાં હોય એવી મહિલાઓને મદદ કરશે એમ જણાવવામાં આવ્યું હતું.

આ ટુકડીને સ્પેશિયલ થ્રી હન્ડ્રેડ એવું નામ આપવમાં આવ્યું હતું. ૧૮ વર્ષથી મોટી વયની યુવતીઓને પસંદ કરવામાં આવી હતી. આવી કુલ ૩૦૦ યુવતીઓની ભરતી કરવાની જાહેરાત કરાઈ હતી.

મહિલાઓ માટે જોખમ રૂપ ગણાય એવા સંવેદનશીલ વિસ્તારોમાં આ મહિલાઓ ફરજ બજાવશે. રાજયની પોલીસ પાસે હોય એવા બધા અધિકારો અને સાધન-શક્તિ આ યુવતીઓ પાસે પણ હશે.

ભુવનેશ્વરના પોલીસ કમિશનરે કહ્યું કે હૈદરાબાદમાં મહિલા વેટર્નરી ડૉક્ટર સાથે બનેલી ઘટના પછી અમે સ્પેશિયલ ૩૦૦ની રચના કરવાનો વિચાર કર્યો હતો અને હવે એનો અમલ થઈ રહ્યો છે. આ મહિલાઓને સ્વબચાવ અને છેડછાડ કે અન્ય પ્રકારની રંજાડનો શિકાર બનતી મહિલાના બચાવની પણ તાલીમ અપાઈ રહી હતી.

વાઘણે સેક્સની ના પાડતા વિફરેલા વાઘે મોતને ઘાટ ઉતારી

ઉદયપુર

ઉદયપુરના સજ્જનગઢ જૂલૉજીકલ પાર્કમાં એક વાઘે વાઘણને મારી નાંખી. ૧૩ વર્ષની દામિનીને જ્યારથી પૂણેથી લાવામાં આવી હતી તે આકર્ષણનું કેન્દ્ર હતી. તો કુમાર નામના વાઘને તેના પછી કર્ણાટકથી લાવવામાં આવ્યો હતો અને બંનેને આજુબાજુના વાડમાં રાખ્યા હતા. કહેવાય છે કે દામિની કુમારના પ્રસ્તાવને માની રહી નહોતી આથી ગુસ્સામાં આવીને કુમારે તેને મારી નાંખી.

બંનેની વચ્ચે થયેલા સંઘર્ષનો સાક્ષી એક વિઝિટર બન્યો. એક્સપર્ટસનું કહેવું છે કે ભલે બંનેને અલગ વાડામાં રાખ્યા હોય પરંતુ એકબીજાને તેઓ જોઈ શકે છે, સૂંઘી શકે છે અને રિએકટ કરી શકે છે. એવામાં તેમની નિકટતા ઘાતક હોય છે. રિટાયર્ડ સીસીએફ રાહુલ ભટનાગરે કહ્યું કે વાઘ ખૂબ જ તાકાતવાર હોય છે અને જો માદા પોતાની સેક્સુઅલ સાઈકલમાં નથી તો તે થોડીક જ મિનિટમાં માદાને મારી શકે છે.

કહેવાય છે કે આ જ દામિનીની સાથે થયું. એવું પહેલી વખત બન્યું છે કે કોઈ પ્રાણીએ માદા પાર્ટનરને મારી નાંખી હોય. ભટનાગરનું કહેવું છે કે આ કેયરટેકરની બેદરકારી હોય કે બાઉન્ડ્રી માટે ઉપયોગ મટિરીયલની ખરાબ ક્વોલિટીના લીધે કુમાર દામિનીના વાડામાં દાખલ થઈ શકયો આ અંગે વિસ્તૃત તપાસ બાદ જ ખબર પડશે.

કનેક્ટ ઈન્ડિયન્સ www.connectindians.inમાં જોડાઈ નિયમ મુજબ કામ કરો અને સોળ વર્ષ જુના સમાચારપત્ર (news paper) જંગ એ ગુજરાત www.jungegujarat.inના
PRESS પ્રતિનિધિ બની સમાજમાં પ્રતિષ્ઠા સાથે સંપત્તિ કમાવા તાત્કાલિક વહેલા તે પહેલાંના ધોરણે નિયુક્તિ માટે સંપર્ક કરો. ૯૯૭૮૪૦૬૨૫૭

જોજો ચૂકી જતા આ મોકો

MARKET 4U ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૫૫૦/- ભરી શકે તેવા અને
પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા
૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને
મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો
(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને **જીતો**



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રે ૧૫ ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિવસ

(શરતો લાગુ રહેશે)

9978406257

'આપની પ્રગતિ એજ અમારો નિર્ધાર'

શુ આપ **Market4u** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/-ભરાવી **Market4u**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **Market4u**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U** ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

અને હા જેને **PRESS** માં જોડાવામાં રસ હોય તેઓ પણ સંપર્ક કરી શકશે
PRESS પ્રતિનિધિ બનાવવામાં આવશે (નિયમ લાગુ રહેશે)

MARKET 4U **ફ્રેન્ચાઈઝી નીમવાના છે**

CEO Mrket4u, Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850
www.jungegujarat.in

Market4u રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી
(રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

સુરત

Market4u
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ઓફીસ એડ્રેસ

ભરૂચ

Market4u
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ
જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U**નું નવું સાહસ
WWW.CONNECTINDIANS.IN

Market4uના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને **Market4u** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો
9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૫૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **Market4u**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **market4u** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૫૫૦/- ભરો અને અન્યોને **Market4u**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૫૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in • www.market4u.in
ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ *મોકલવાનો ખર્ચ રૂ.૧૦૦/- અલગથી ચૂકવવાનો રહેશે*

CONNECT INDIANS : MLM Plan Rs. 550
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૧ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨
૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટર:** ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૫૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ રૂપિયા ૧૦૦/- એમ કુલ ૬૫૦/- ટ્રાન્સફર કરો . ટ્રાન્જેક્સનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **Market4u**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.jungegujarat.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :
CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257
(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી સ્થાનેથી...

પાકનુ ખતરનાક વલણ

પાકિસ્તાનની નીતિ હમેંશા જમ્મુકાશ્મીરમાં કોઈને કોઈ સમસ્યા ઉભી કરવાની રહી છે. કાશ્મીર સમસ્યા વધુને વધુ જટિલ બને તેવી ઇચ્છા તેની હમેંશા રહી છે. આ જ કારણસર પાકિસ્તાન હમેંશા કાશ્મીરના મામલે મધ્યસ્થીની વાત કરે છે. કલમ ૩૭૦ને દુર કરવામાં આવ્યા બાદ પણ પાકિસ્તાને જોરદાર હોબાળો મચાવ્યો છે. હાલમાં પાકિસ્તાની વડાપ્રધાને અમેરિકાની સાથે વાતચીત દરમિયાન પણ આવી જ વાત કરી હતી. ટ્રમ્પ સાથે વાતચીત વેળા ઇમરાને કાશ્મીર મામલે મધ્સસ્થતા કરવાની વાત કરી હતી. ઈમરાન ખાનની નવી સરકાર આવ્યાને ઘણો સમય થયો છે છતાં પાકિસ્તાનમાં કોઈ નવી ચીજ જોવા મળી રહી નથી. ત્રાસવાદીઓ સામે પણ પહેલા જેવી જ ઉદાસીનતા છે. આવી જ રીતે કાશ્મીર મુદ્દે પણ પાકિસ્તાની વડાપ્રધાન ઈમરાન ખાન અગાઉના વડાપ્રધાન જેવુ જ વર્તન કરી રહ્યા છે. પાકિસ્તાન હજુ પણ મનમાની કરી રહ્યુ છે. કાશ્મીરની પહેલા જ જટિલ રહેલી સમસ્યાને પાકિસ્તાન વધારે જટિલ અને મુશ્કેલ બનાવી દેવા માટે ઇચ્છુક છે. પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરી વિસ્તારમાં રાજકીય અને વહીવટી ફેરફાર કરવાના પાકિસ્તાનના પ્રયાસની નિંદા કરવામાં આવે તે જરૂરી છે. ભારત સરકાર દ્વારા યોગ્ય રીતે તેની નિંદા કરવામાં આવી ચુકી છે. અમે કાશ્મીરના પાકિસ્તાની કબજાવાળા વિસ્તાર ખાસ કરીને ગિલગિટ-બાલ્ટીસ્તાનમાં નકારાત્મક ફેરફારને ચુપચાપ રીતે જોઈ શકીએ નહી. હકીકતમાં પાકિસ્તાનના કબજાવાળા કાશ્મીરમાં ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં ચીનના અંગત મામલા પ્રભાવ જમાવી રહ્યા છે. આ જમીની વાસ્તવિકતા છે કે કાશ્મીરના આશરે ૧૯ ટકા હિસ્સા પર ચીનનો કબજો છે. તે તેને પોતાના ક્ષેત્ર તરીકે ગણાવે છે. કાશ્મીરના બાકી હિસ્સામા પણ તેની ગતિવિધી યોજનાપૂર્વકની ચાલના હિસ્સા તરીકે છે. ચીન ઇચ્છે છે કે ગિલગિટ-બાલ્ટિસ્તાન ક્ષેત્ર વિધિવત રીતે પાકિસ્તાનના પાંચમા પ્રાંત તરીકે રહે. ગિલગિટ અને બાલ્ટિસ્તાન જ્યારે પાકિસ્તાનના પાંચમાં પ્રાંત તરીકે બની જશે ત્યારે ત્યાં એજ થશે જે ઈસ્લામાબાદ ઇચ્છે છે. પાકિસ્તાનની આ રાજદ્ધારી બેઇમાની કાશ્મીરના ભારત વિરોધી અલગતાવાદીઓને પણ દેખાવવી જોઈએ. એકબાજુ પાકિસ્તાન કાશ્મીરીઓની સ્વતંત્રતા માટેની લડાઈમાં પૂર્ણ મદદ કરવાની વાત કરે છે ત્યારે તે કાશ્મીરી વિસ્તારોને પોતાના વિધિવત રાજ્ય બનાવી દેવાની દિશામાં પણ આગળ વધે છે. આ વિરોધાભાસ કાશ્મીરી લોકોના દિમાંગમાં આવે તે જરૂરી છે. કાશ્મીરી લોકો પાકિસ્તાનના ખતરનાક ઈરાદાને સમજે તે બાબત પણ જરૂરી છે. ઈતિહાસ સાક્ષી છે કે પાકિસ્તાની સેનાએ કાશ્મીર પર હુમલો કર્યો હતો. કાશ્મીરને એક સમસ્યા બનાવી દીધી હતી. હવે આગળ કાશ્મીરની સમસ્યાને વધારે જટિલ બનાવી દેવાના પાકિસ્તાનના પ્રયાસોનો વિરોધ ભારત સરકારને કરવાની જરૂર છે. પાકિસ્તાન પોતે સારી રીતે જાણે છે કે તેનો કબજો કાયદેસર નથી. જેથી તે પોતાના અંકુશવાળા કાશ્મીરના મામલાને જોરદાર રીતે જટિલ બનાવી દેવા માટે ઇચ્છુક છે.

કાશ્મીરની સમસ્યાને પાકિસ્તાન વધુને વધુ મુશ્કેલ અને જટિલ બનાવવા માટે ઇચ્છુક



ફાઇવ જીની તૈયારીમાં કંપનીઓ વ્યસ્ત : હવે મશીન છે જેને હાથમાં બાંધી લીધા બાદ ઇલેક્ટ્રોકાર્ડિયોગ્રામ રિકોર્ડ સમય પર થઈ શકશે

વર્ષ ૨૦૨૦માં કેટલીક નવી ટેકનોલોજી આધારિત ચીજો બજારમાં આવનાર છે.જેને લઈને સામાન્ય લોકો ભારે આશાવાદી અને ઉત્સુક છે. કેટલીક ચીજો આવી ગઈ છે. જ્યારે કેટલીક આવનાર છે. આ ટેકનોલોજી વર્ષ ૨૦૧૨૦માં ઉપયોગી સાબિત થનાર છે. એક કોફી બ્રેકના સમયમાં ફોન ચાર્જ થઈ શકશે. સાથે સાથે ફાઇવ જીની તૈયારી પણ કરી લેવામાં આવી છે. નવા વર્ષમાં ચાર્જિંગની સ્પીડ અનેક ગણી વધી શકે છે. અમને ચાર્જિંગના ગાળા દરમિયાન વધારે વોટેજમાં ફીડ કરવાની જરૂર પડશે. સાથે સાથે તાપમાનને ઓછુ રાખીને બેટરી સેલ્સની વયને વધારે

મુન્નાભાઈ-૩, કૃષ-૪, ધુમ-૪, ડોન-૩ જેવી ફિલ્મો રજૂ કરાશે...

૨૦૨૦ : સિક્વલ ફિલ્મો છવાશે

બોલિવુડમાં હાલના દિવસોમાં બાયોપિક, રીમેક અને સિક્વલ ફિલ્મનો દોર ચાલી રહ્યો છે. ગયા વર્ષે કેટલીક મોટી ફિલ્મો બનાવવામાં આવી હતી. જેને સફળતા પણ મળી હતી. ગયા વર્ષે કેટલીક મોટી ફિલ્મની સિક્વલ બની હતી. જેમાં દબંગ-૩, હાઉસફુલ-૪ અને સ્ટુડન્ટ ઓફ ધ યર-૨ તેમજ કમાન્ડો -૩ ફિલ્મનો સમાવેશ થાય છે. આ તમામ ફિલ્મો બોક્સ ઓફિસ પર સુપરહિટ સાબિત થઈ હતી. આ વર્ષે પણ કેટલીક મોટી સિક્વલ ફિલ્મ બનાવવામાં આવનાર છે. જેમાં વિતેલા વર્ષોમાં ધુમ મચાવી ચુકેલી ફિલ્મ મુન્નાભાઈ-૩, કૃષ -૪ અને ધુમ-૪ તેમજ ડોન -૩ ફિલ્મનો સમાવેશ થાય છે. આ તમામ મોટા બજેટની ફિલ્મો રહેલી છે. જેની ચાહકો ઉત્સુકતાથી રાહ જોઈ રહ્યા છે. મુન્નાભાઈ -૩, કૃષ -૪ ધુમ-૪ સહિતની ફિલ્મોમાં તમામ મોટા સ્ટાર કામ કરવા જઈ રહ્યા છે. અન્ય સિક્વલ અને રીમેક ફિલ્મો પણ આ વર્ષે બનનાર છે. વરૂણ ધવન અને શ્રદ્ધા કપુરની ફિલ્મ સ્ટ્રીટ ડાન્સર થ્રીડી ૨૪મી જાન્યુઆરીના દિવસે રજૂ કરવામાં આવનાર છે. આ રેમો ડિસોઝાની ફિલ્મ રહેલી છે. એબીસીડીની આ ત્રીજી સિક્વલ ફિલ્મ છે. છેલ્લા બે ભાગ બોક્સ ઓફિસ પર સફળ રહ્યા બાદ હવે નવા ભાગ પર કામ ચાલી રહ્ય છે. સાજિદ નડિયાદવાળાની ફિલ્મ બાગીના ત્રીજા ભાગ પર કામ ચાલી રહ્ય છે. ફિલ્મમાં ટાઇગર શ્રોફ ફરી એકવાર એક્શન સીન કરતો નજરે પડનાર છે. તેની સાથે શ્રદ્ધા કપુર કામ કરનાર છે. આ ફિલ્મને લઈને પણ ઉત્સુકતા રહેલી છે. શ્રદ્ધા કપુર બાગી ફિલ્મમાં તેની સાથે કામ કરી ચુકી છે. ફિલ્મના એક ગીતમાં દિશા પટની પણ નજરે પડનાર



બોલિવુડમાં હાલના દિવસોમાં બાયોપિક, રીમેક અને સિક્વલ ફિલ્મોનો દોર ચાલી રહ્યો છે : સ્ટ્રીટ ડાન્સર-૩ ફિલ્મ પણ રજૂ કરાશે

છે. જે બાગી-૨ ફિલ્મમાં અભિનેત્રી તરીકે હતી. આયુષ્માન ખુરાના અભિનિત ફિલ્મ શુભ મંગળ જ્યાદા સાવધાન ૨૧મી ફેબ્રુઆરીના દિવસે રજૂ કરવામાં આવનાર છે. આ ફિલ્મ શુભ મંગળ સાવધાનની સિક્વલ ફિલ્મ છે. તેના પ્રથમ ભાગમાં આયુષ્માન સાથે ભૂમિની ભૂમિકા હતી. ફિલ્મ નવા પાર્ટ ગે લવ સ્ટોરી પર આધારિત રહેનાર છે. ફિલ્મમાં જીતેન્દ્ર કુમાર, નીના ગુપ્તાની ભૂમિકા રહેનાર છે. ઇરફાનની અંગ્રેજી મિડિયમની નવી પિલ્મ ૨૦મી માર્ચના દિવસે રજૂ કરવામાં આવનાર છે. હોમી અડજાનિયાના નિર્દેશનમાં બની રહેલી ફિલ્મમાં કરીના કપુર અને રાધિકા મુખ્ય રોલમાં નજરે પડનાર છે. આ ફિલ્મ વર્ષ ૨૦૧૭માં રજૂ કરવામાં આવેલી હિન્દી ફિલ્મ હિન્દી મિડિયમની સિક્વલ ફિલ્મ છે. સત્યેમેવ જયતેના નવા ભાગ પર કામ ચાલી રહ્યુ છે. જહોનની એક્શન ડ્રામા ફિલ્મ બીજી ઓક્ટોબરના દિવસે રજૂ કરવામાં આવનાર છે. જહોન ફરી એક્શન રોલમાં દેખાશે. ફિલ્મમાં અભિનેત્રી દિવ્યા ખોસલા અને અન્યો દેખાશે. મિલાપ ઝવેરી ફિલ્મનુ નિર્દેશન કરનાર છે. લવ આજકલ-૨ ફિલ્મ રજૂ કરવામાં આવનાર છે. વર્ષ ૨૦૦૯માં આવેલી મુળ ફિલ્મની સિક્વલ ફિલ્મમાં સારા અલી ખાન અને કાર્તિક ભૂમિકા અદા કરનાર છે. હાલમાં જ ફિલ્મનુ શુટિંગ પૂર્ણ કરવામાં આવ્યુ છે. કાર્તિક આર્યન બે ફિલ્મની સિક્વલમાં કામ કરી રહ્યો છે. જેમાં દોસ્તાના અને ભુલ ભુલૈયા-૨નો સમાવેશ થાય છે. એક ભુલ ભુલૈયા ૩૧મી જુલાઈના દિવસે રજૂ કરવામાં આવનાર છે. બીજી વર્ષ ૨૦૧૩માં આવેલી દોસ્તાનાની સિક્વલ ફિલ્મમાં પણ તે કામ કરી રહી છે. ફિલ્મમાં તેની સાથે કિયારા અડવાણી કામ કરવા જઈ રહી છે. પ્રિયદર્શનના નિર્દેશનમાં બનેલી હંગામા -૨ ૧૪મી ઓગષ્ટના દિવસે રજૂ કરવામાં આવનાર છે. જેમાં શિલ્પા શેટ્ટી, પરેશ રાવલની ભૂમિકા રહેનાર છે. આ ઉપરાંત તમામ મોટી ફિલ્મની સિક્વલ ફિલ્મ રજૂ કરવામાં આવનાર છે.જેમાં ધુમ-૪ ફિલ્મનો સમાવેશ થાય છે. જો કે આની સત્તાવાર જાહેરાત હજુ સુધી કરાઈ નથી. .મોટા બજેટની ફિલ્મો તૈયાર કરવામાં આવી રહી છે. સારા અલી ખાન નવા વર્ષમાં કેટલીક મોટી ફિલ્મમાં કામ કરવા જઈ રહી છે. નવા તમામ સ્ટાર ફિલ્મમાં આ વખતે વર્ષ ૨૦૨૦માં છવાયેલા રહેશે.

બજેટ : ખેડુતો સંતુષ્ટ થાય તેવા પગલા જરૂરી બન્યા છે...

કૃષિ આડેની મુશ્કેલી દુર કરવી પડશે

પહેલી ફેબ્રુઆરીના દિવસે નાણાં પ્રધાન નિર્મલા સીતારામન પહેલી ફેબ્રુઆરીના દિવસે મોદી સરકારનુ બીજુ બજેટ રજૂ કરવા જઈ રહ્યા છે. બજેટમાં ક્યા પગલા લેવામાં આવશે અને કોને કોને કેટલી રાહત મળશે તેને લઈને નિષ્ણાંતોની સાથે સાથે તમામ લોકો ગણતરી કરી રહ્યા છે. હાલમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં પ્રચંડ બહુમતિ સાથે સતત બીજી વખત સત્તામાં આવેલી મોદી સરકાર પાસેથી તમામ વર્ગના લોકો અને કારોબારીઓ કઈને કઈ અપેક્ષા ચોક્કસપણે રાખી રહ્યા છે. મોદી સરકાર પણ આ બાબતથી વાકેફ છે. જેથી ૧૭મી લોકસભાના બીજા બજેટને લઈને માત્ર ભારતની જ નહીં બલ્કે દુનિયાની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. જાણકાર લોકો માને છે કે કૃષિ સાથે સંબંધિત હજુ પણ અનેક સમસ્યા રહેલી છે. આ તમામ સમસ્યા દુર કરવામાં આવે તે જરૂરી છે. ખેડુતોને જે સમસ્યા મુખ્ય રીતે આવે છે તે વહીવટી સંબંધિત સમસ્યા હોય છે. જેમ વેપારમાં વેપારિક ગતિવિધીને સરળ બનાવવા પગલા લેવામાં આવે છે તેમ જ કૃષિ ક્ષેત્રને સરળ બનાવવા માટે સતત પગલા લેવામાં આવે તે જરૂરી છે. જાણકાર નિષ્ણાંતો માને છે કે તે ખેડુતોની આવક અને કલ્યાણ માટે એક રાષ્ટ્રીય પંચની રચના કરે જે ખેડુતોપરિવાર માટે કમ સે કમ ૧૮૦૦૦ રૂપિયાની માસિક આવક નક્કી કરી શકે. ખેડુતોને જિલ્લાવાર મળનારી સરેરાશ આવકમાં ટોપ અપ તરીકે રકમ મળીને આ સમાન આવક લાગુ કરવામાં આવી શકે છે. આના માટે સંબંધિત આંકડા સરળરીતે ઉપલબ્ધ છે. નાણાં પ્રધાન નિર્મલા સીતારામને વાણિજ્ય મંત્રી તરીકેની તેમની અવધિ દરમિયાન વેપારને સરળ બનાવવા માટે ૭૦૦૦ પગલા લીધા હતા. હવે તતેઓ કૃષિ માટે સરળ માર્ગ અપનાવવા શુ આવા પગલા લઈ શકે છે કે કેમ તેની ચર્ચા છેડાઈ ગઈ છે. ખેડુતોની આવકમાં નહીંવત



કૃષિ સાથે સંબંધિત હજુ પણ અનેક સમસ્યા રહેલી છે જેને ઝડપથી ઉકેલવાની જરૂર : ખેડુત આવક-કલ્યાણ માટે અલગ પંચ જરૂરી છે

વધારાની સ્થિતી વચ્ચે સીતારામન બજેટ રજૂ કરવા માટે જઈ રહ્યા છે. સીતારામન પહેલી ફેબ્રુઆરીના દિવસે બજેટ રજૂ કરનાર છે. મોદી સરકાર-૨ના બીજા બજેટને લઈને તમામ લોકો ઉત્સુક દેખાઈ રહ્યા છે. એક બાબત સ્વીકારી શકાય છે કે તેમની સામે જેટલા પડકારો છે તેના કરતા અનેક ગણી અપેક્ષા રહેલી છે. આ બાબતને નકારી શકાય નહીં કે કૃષિ ક્ષેત્રમાં વ્યાપક સુધારાની જરૂર છે. પરંતુ નવી સરકાર સામે સૌથી મોટો પડકાર તો આ છે કે કૃષિ આવકમાં વધારો કઈ રીતે કરવામાં આવે.પંજાબની વાત કરવામાં આવે તો ત્યાં જાન્યુઆરી ૨૦૧૮માં દરેક ખેડુતને બે લાખ રૂપિયાની લોન માફીની યોજના શરૂ કરવામાં આવી હતી. પરંતુ ભારતીય કિસાન યુનિયનના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ગયા વર્ષમાં ત્યાં ૪૩૦ ખેડુતો આત્મહત્યા કરી ચુક્યા છે. જો કૃષિની દ્રષ્ટિએ સૌથી સમૃદ્ધ પંજાબમાં આ હાલત છે તો દેશના અન્ય ભાગોમાં હાલત શુ હશે તેનો અંદાજ સરળ રીતે લગાવી શકાય છે. ફેબ્રુઆરી ૨૦૧૯માં કિસાન સન્માન નિધી યોજનાની જાહેરાત કરીને સરકારે કૃષિ ક્ષેત્રમાં નવા પ્રાણ ફુંકવાની તેની ઇચ્છા દર્શાવી દીધી હતી. આ યોજના હેઠળ જમીનના માલિક ખેડુતને વાર્ષિક ૬૦૦૦ રૂપિયા આપવામાં આવનાર છે. એટલે કે દર મહિને ૫૦૦ રૂપિયા મળનાર છે. આ એવી બાબતનો પણ સંકેત છે કે સરકાર ખેડુતોની આવકને વધારી દેવામાં સીધી રીતે સહકાર કરી રહી છે. ૧૪.૫ કરોડ ખેડુતોને આ યોજનાનો લાભ મળવાની શરૂઆત પણ થઈ ચુકી છે. ૧૪.૪ કરોડ અન્ય ભૂમિહિન ખેડુતોને પણ લાભ મળવાની ટુંકમાં જ શરૂઆત થનાર છે. આના માટે ૮૭૦૦૦ કરોડનુ બજેટ નક્કી કરવામાં આવ્યુ છે. ૧૪.૪ કરોડ અન્ય ખેડુતોને સામેલ કરવામાં આવ્યા બાદ કુલ બજેટનો આંકડો ૧.૬ લાખ કરોડ સુધી પહોંચી જશે. બજેટ આડે ખુબ ઓછા દિવસ છે ત્યારે પ્રચંડ બહુમતિ સાથે સત્તામાં આવેલી મોદી સરકાર હવે લોકોને કેવી કેવી રીતે ભેંટ આપે છે તે બાબત પર તમામની નજર છે. લોકપ્રિય સરકાર સતત બીજી વખત બહુમતિ સાથે આવી છે. ભારતીય જનતા પાર્ટીએ લોકસભાની ચૂંટણીમાં પ્રચંડ બહુમતિ સાથે ૩૦૩ સીટો જીતી લીધી હતી. સામાન્ય લોકો આટલી પ્રચંડ બહુમતિ આપ્યા બાદ કેટલીક અપેક્ષા રાખે તે સ્વાભાવિક છે. જેથી નાણાં પ્રધાન સામે પડકારો છે. સીતારામનના બજેટ પર કરોડો લોકોની નજર રહેનાર છે.

ફોન ચાર્જિંગ સ્પીડ ખુબ વધારે થશે : કોફી બ્રેકમાં જ ચાર્જ થશે

૨૦૨૦ : નવા વર્ષે ટેકનોલોજી ભેંટ

રાખવી પડશે. વન પ્લસ ડેશ ચાર્જ સૌથી ઝડપથી ચાર્જ કરે છે. ઓપ્પોના સુપરવુક ૫૦ વોટના ચાર્જિંગ સોલ્યુશન બેટરીને ૩૫ મિનિટમાં શુન્યથી ૧૦૦ ટકા સુધી ચાર્જ કરી નાંખે છે.આનાથી ખુબ ફાયદા રહેલા છે. નવા વર્ષમાં ફાઇવ જીની ચર્ચા સૌથી વધારે રહેશે. આની તૈયારી કરી લેવામાં આવી છે. ફાઇવ જી નેટવર્કમાં શિફ્ટ થવા માટે બે મુખ્ય કારણ રહેલા છે. જેમાં અપગ્રેડ્ટસ છે. વધારે પ્રમાણમાં સ્પીડ અને ઓછા વિલબમાં કામ થઈ શકશે. ફાઇવ જી સામાન્ય લોકોને વધારે સુવિધા વધારે ઝડપથી આપી શકશે. આનાથી ખુબ વધારે સ્પીડ (૧૦ જીબીપીએસ સુધી) મળી જાય છે. સુચનામાં થતી વિલંબની સમસ્યા ખતમ થઈ શકે છે. આ સેલ્ફ ડ્રાઈવિંગ વ્હીકલ, કનેક્ટડ પ્રોડક્ટસના માટે પણ ખુબ ઉપયોગી સાબિત થઈ શકે છે. આધુનિક સમયમાં ભાગદોડની લાઇફમાં દરેક વ્યક્તિ સ્પર્ધામાં પાછળ રહેવા માટે ઇચ્છુક નથી. જેથી તે તમામ તાકાત કામ પર લગાવી દે છે. આવી સ્થિતીમાં કંપનીઓ પણ હવે હેલ્થકેર પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. એવા ડિવાઇસ તૈયાર કરવામાં આવી રહ્યા છે જે હેલ્થ કેર કરે છે. આવા જ ડિવાઇસની બોલબાલા વર્ષ ૨૦૨૦માં રહેનાર છે. હવે અમારી પાસે એવી મશીન પણ આવી ગઈ છે. જેને પોતાના હાથમાં મુકી દેવામાં આવ્યા બાદ ઇલેક્ટ્રોકાર્ડિયોગ્રામ રેકોર્ડ કરી શકે છે. અમે એપ્પલ વોચ સિરિઝ ૪ની વાત કરી રહ્યા છીએ. વર્ષ ૨૦૨૦માં આ પ્રકારના કનેક્ટેડ, સ્માર્ટ વિયરેબલ ડિવાઇસની ખાસ બોલબાલા રહી શકે છે. આનો લાભ એ થશે કે હેલ્થ સાથે સંબંધિત મામલાને વહેલી તકે જાણી શકાશે. સાથે સાથે સારવાર પણ શક્ય બની શકશે. સમય રહેતા સારવાર મળી જવાથી રાહત થશે. દરેક દર્દી માટે પર્સનાલાઇઝ દેખરેખ કરી શકાશે. દુર સ્થળ પર બેસીને દર્દી પર નજર રાખી શકાશે. આવી જ રીતે હવે ફોલ્ડ થનાર ડિસ્પ્લે ડિવાઇસ પણ આવી રહ્યા છે.ડિસ્પ્લેને ફોલ્ડ કરી શકાય છે. સેમસંગે એક ફોનના માધ્યમથી આ બાબત સાબિત કરી બતાવી છે કે આ ડિવાઇસ અનફોલ્ડ કરવાની સ્થિતીમાં ટેબલેટ બની જાય છે . આને ઇનફિનિટી ફ્લેક્સ ડિસ્પ્લે તરીકે નામ આપવામાં આવ્યુ છે. આ પ્રકારના પ્રથમ ફોન વર્ષ ૨૦૨૦માં લોંચ કરવામાં આવનાર છે. આની તમામ તૈયારી અને ટેસ્ટ પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી છે. જ્યારે કોઈ કોલનો જવાબ આપવાનો હોય ત્યારે અથવા તો આને ખિસ્સામાં રાખવાની જરૂર હોય તો આ ફોન નાના કદમાં ફેરવાઈ શકે છથે. જ્યારે વિડિયોને નિહાળતી વેળા તેને વિસ્તૃત કરી શકાય છે. રોલ થનાર આવા ડિવાઇસના સૌથી મોટા ફાયદા એ છે કે કામ ન હોવાની સ્થિતીમાં તેને બંધ કરીને મુકી શકાય છે.

ડિજિટલ ડિટોક્સની પણ વર્ષ ૨૦૨૦માં બોલબાલા રહી શકે છે. જેમ જેમ ડિવાઇસ સ્માર્ટર બની રહ્યા છે તેમ તેમ અમે જરૂરી ચીજો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા નથી. તમામ ધ્યાન ડિજિટલ દુનિયામાં જાય છે. આપને આ અંગેની માહિતી નથી પરંતુ ડિજિટલ ડિટોક્સની તમામને જરૂર છે. ડિજિટલ ડેટોક્સ માટે એપ્સ પહેલાથી જ છે. જો કે ડિવાઇસમાં હોવાથી ડીપ ઈન્ટીગ્રેશનની મંજુરી મળી જાય છે. કોઈ પણ ડિવાઇસ અમને વધારે સમય સુધી ડિસ્ટર્બ ન કરે તેની ખાતરી કરી શકાશે.

કલમ ૩૭૦ની નાબુદી બાદ ત્રાસવાદીઓનો ખાતમો થયો છે....

કાશ્મીરમાં ત્રાસવાદીઓનો હવે ખાત્મો



ઓપરેશન ઓલઆઉટના કારણે ત્રાસવાદીઓ હવે તેમની છેલ્લી અસ્તિત્વની લડાઈ લડી રહ્યા છે : સેના ખુબ જ આક્રમક બની ગઈ

જમ્મુ કાશ્મીરમાં ઓપરેશન ઓલઆઉટના પરિણામસ્વરૂપે હવે ત્રાસવાદીઓ તેમની છેલ્લી લડાઈ લડી રહ્યા છે. ત્રાસવાદીઓનો સફાયો તઈ રહ્યો છે. તેમની કમર તુટી ચુકી છે. તેમની પાસે નાણાં અને હથિયારો ખુટી રહ્યા છે. તમામ ટોપ આકાઓ પણ ફુંકાઈ ચુક્યા છે. સેનાની આક્રમક વ્યુહરચના અને સ્થાનિક લોકોની મદદથી સફળતા હાંસલ થઈ રહી છે. એકપછી એક મોટી સફળતા મળી રહી છે. જમ્મુ કાશ્મીરમાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા ઓપરેશન ઓલઆઉટના પરિણામસ્વરૂપે એકપછી એક મોટી સફળતા હાથ લાગી રહી છે. જમ્મુકાશ્મીરમાં સક્રિય ત્રાસવાદી સંગઠન હિઝબુલ મુજાહીદ્દીન અને લશ્કરે તોયબાના તમામ ટોપના ત્રાસવાદીઓ ફુંકાઈ ચુક્યા છે. આ ઓપરેશન હેઠળ માર્યા ગયેલા ત્રાસવાદીઓ પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટક પણ કબજે કરવામાં આવી રહ્યા છે. ગયા વર્ષે ૨૦૦થી વધારે ત્રાસવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા. આ વર્ષે પણ મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ માર્યા ગયા છે. જેમા પોસ્ટર બોય ટાઈગરનો પણ સમાવેશ થાય છે. બુરહાન વાની ગેંગનો સફાયો કરવામાં આવ્યો છે. જો કે જમ્મુ કાશ્મીરમાં શાંતિ સ્થાપિત કરવા અને લોકોમાં આત્મવિશ્વાસ ભરવા માટે અનેક પગલાની જરૂર છે. સામાન્ય લોકો સુરક્ષા દળો અને સેનાની પૂરતી મદદ કરે તે જરૂરી છે. સ્થાનિક ત્રાસવાદીઓને રક્ષણ અને આશ્રય આપવાના બદલે તેમના સંબંધમાં ગુપ્ત માહિતી સુરક્ષા દળોને માહિતી આપે તે જરૂર છે. ત્રાસવાદ સામેની લડાઈમાં સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા નાગરિકોની રહે છે. જો તમામ સતર્ક અને સાહસી તરીકે રહેશે તો ત્રાસવાદને પગ ફેલાવવાની તક મળશે નહી. દુનિયાની તમામ સરકાર, નેતા, ત્રાસવાદની સામે એક થઈ રહ્યા છે. એક થઈને જ ત્રાસવાદનો અંત લાવી શકાય છે. લોકો હુમલા બાદ નારાજગી પ્રગટ કરવા માટે આગળ આવે છે તેને ત્રાસવાદની હાર તો કહી શકાય છે પરંતુ ત્રાસવાદનો ખાતમો બાકી છે. આના માટે સમગ્ર માનવતા એક થાય તે જરૂરી છે. ત્રાસવાદને જીવિત રાખનાર, તેમને મદદ કરનાર. તેમને આશ્રય આપનાર દેશોની સામે પણ પગલા લેવા પડશે. સ્લીપર સેલને નષ્ટ કરવાની દિશામાં પગલા લેવા પડશે. ત્રાસવાદને મદદ કરનાર કોઈ પણ વ્યક્તિ, સંગઠન અથવા તો દેશ કેમ ન રહે તેની સામે સંયુક્ત યુદ્ધ છેડી દેવાની જરૂર છે. જો આવુ કરવામાં નહી આવે તો કઠોર પ્રતિક્રિયા, થવા તો લશ્કરી કાર્યવાહીથી ત્રાસવાદીઓ થોડાક દિવસ તો શાંત રહી શકે છે પરંતુ ફરી કોઈને કોઈ જગ્યાએ હુમલો કરીને રક્તપાત સર્જી દેશે. ભારત, અમેરિકા, ફ્રાન્સ, બ્રિટન ત્રાસવાદીઓના હિટલિસ્ટમાં રહ્યા છે. તેમને દુનિયાના અન્ય દેશોની સાથે મળીને પોતાની ગુપ્તચર વ્યવસ્થાને સુધારી દેવા, સુરક્ષા દળોને આધુનિક કરવા અને ત્રાસવાદી સંગઠન પર કાર્યવાહી ની યોજના બનાવવી પડશે. જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદી હુમલાની વાત હવે સામાન્ય બની ચુકી છે. ત્રાસવાદી હુમલોનો બનાવ જે કોઈ પણ હોય પરંતુ મોટો પ્રશ્ન એ થાય કે તે હુમલાને અમે કઈ રીતે હાથ ધરીએ છીએ. આ અમારી નબળાઈ છે કે આવી ત્રાસવાદી ઘટનાને હાથ ધરતી વેળા અમે ત્રાસવાદીઓને જીવિત પકડી પાડવાના પ્રયાસ કરતા નથી. જેથી કેટલીક નક્કર વિગત હાથ લાગતી નથી. હવે ત્રાસવાદીઓ સામે ઓપરેશન ઓલઆઉટ અસરકારક તબક્કામાં છે.

ત્રાસવાદીઓની કમર તોડી નાંખવામાં આવી છે. સુરક્ષા દળોને દરરોજ કોઈને કોઈ મોટી સફળતા હાંસલ થઈ રહી છે. ઓપરેશન ઓલઆઉટની સફળતાની ખાતરી આનાથી કરી શકાય છે કે ત્રાસવાદીઓ ઘુસણખોરી કરીને મોટા પાયે પ્રવેશ કરી રહ્યા હોવા છતાં તેમને સફળતા મળી રહી નથી. તેમના પાકિસ્તાનમાં બેઠેલા આકાઓ પણ નિષ્ફળ પુરવાર થઈ રહ્યા છે. તેમની યોજના મુજબ ત્રાસવાદીઓ હુમલાને અંજામ આપી શક્યા નથી.

આ ક્ષેત્રમાં બે લાખ કરતા પણ વધારે નોકરીની તક રહેલી છે જેથી...

એસી-ફ્રિજના ફિલ્ડમાં પણ કેરિયર છે



માત્ર ચાર મહિનાનો કોર્સ કરીને કેરિયરને શાનદાર વળાંક આપી શકાય છે : મજબુત ઈચ્છાશક્તિ અને મક્કમ ઈરાદા સૌથી ઉપયોગી છે

ભારત વર્ષ ૨૦૨૦ સુધી વિશ્વના સૌથી યુવા દેશ બનવાની તૈયારીમાં છે. સ્વાભાવિક છે કે આવી સ્થિતીમાં વધુને વધુ રોજગારની તક શોધી કાઢવાની બાબત પણ ભારતની પ્રાથમિકતા તરીકે છે. ભારતના શિક્ષિત યુવાનો બેરોજગાર રહેવા માટેની કેટલીક બાબતો અને કારણો દેખીતા છે. ભારતમાં શિક્ષિત બેરોજગારની સંખ્યા વધારે હોવાનુ કારણ તેમનામાં પ્રતિભાની કમી છે તે નથી. પરંતુ તેમનામાં નોકરીલક્ષી કુશળતાનો અભાવ છે. કુશળતાની ટ્રેનિંગમાં ભારતીય યુવાનો પાછળ રહી ગયા છે. આજે પણ કેટલાક એવા ક્ષેત્રો છે જેમાં નોકરી તો છે પરંતુ લોકોમાં જાણકારીનો અભાવ છે. એર કન્ડિશનર અને રેફ્રિજરેશન એવા જ ક્ષેત્ર તરીકે છે. જેમાં પણ નોકરીની વ્યાપક તક રહેલી છે. એક અંદાજ મુજબ આ ક્ષેત્રમાં બે લાખી વધારે ટ્રેનિંગ લીધેલા અને કુશળ લોકોની જરૂર છે. એસી અને ફ્રિજના ક્ષેત્રમાં સ્કિલ ગેપ ભરવા માટે શોર્ટ ટર્મ કોર્સ મારફતે કુશળતા મેળવી શકાય છે. ઈસરે શોર્ટ ટર્મ કોર્સ ખુબ ઉપયોગી સાબિત થઈ શકે છે. ઈસરે હીટિંગ, વેન્ટિલેશન , એસી, અને રેફ્રિજરેશનના ક્ષેત્રમાં એક અગ્રમી ટેકનિકલ સોસાયટી છે. ઈસરે ઈન્સ્ટીટ્યુટ ઓફ એક્સીલન્સ (આઈઆઈઈ) એસી અને ફ્રિજના ક્ષેત્રમાં લાંબા સમયથી ટ્રેનિંગ આપે છે. તેની ખુબ બોલબાલા પણ છે. તેમાં ટ્રેનિંગ મેળવી લીધા બાદ આ ક્ષેત્રમાં પણ કેરિયર બનાવી શકાય છે. ઈસરે પોતાના સર્ટિફાઈડ પ્રોફેશનલ પ્રોગ્રામ (આઈસીપી) મારફતે પ્રોફેશનલોને અને એન્ટ્રી લેવલ પર રાહત આપે છે. પ્રોગ્રામ મારફતે આ ક્ષેત્રમાં નવા વિદ્યાર્થીઓને ટ્રેનિંગ આપીને તેમની કેરિયર બનાવવા માટેની તક આપે છે. વર્તમાન સમયમાં આ ક્ષેત્રમાં ટ્રેનમિગં લઈને સારી રકમ એકત્રિત કરી શકાય છે. હાલના સમયમાં એસી અને ફ્રિજ દરેકના ઘરમાં રહેલા છે અને તેમાં ખરાબી થવાની બાબત પણ સ્વાભાવિક રીતે રહેલી છે. આ ફિલ્ડની પસંદગી કરીને પણ જંગી કમાણી કરી શકાય છે. ઈસરેના સર્ટિફાઈડ પ્રોફેશનલ પ્રોગ્રામથી વિદ્યાર્થીઓ ક્લીનરૂમ સર્ટિફિકેશન, એર કન્ડીશનિંગ ડિઝાઈન અને એર કન્ડીશનિંગમાં ટ્રેનિંગ મેળવી શકે છે. તમે ઈસરે સંસ્થામાં તાલીમ લીધા બાદ જરૂરી કુશળતા વિકસિત કરી શકો છો. ઈસરેથી કોર્સ કરવાનો સૌથી મોટો ફાયદો એ છે કે આપને નોકરી માટે ભટકવાની કોઈ જરૂર નથી. ઈસરે દર વર્ષે પોતે જોબ જક્શન પ્રોગ્રામનુ આયોજન કરે છે. તેના ત્યાં કોર્સ કરી ચુકેલા વિદ્યાર્થીઓને સારી રીતે નોકરી મળ શકે તે માટે આનુ આયોજન કરવામાં આવે છે. જોબ જક્શન પ્રોગ્રામમાં એમ્પ્લોયર નોકરી આપવાના મામલે વિદ્યાર્થીઓનો સીધો સંપર્ક કરે છે. વિદ્યાર્થીઓને ટ્રેનિગ પણ આપવામાં આવે છે. આ સંસ્થામાં વિદ્યાર્થીઓને ઉચ્ચ કક્ષાની ટ્રેનિંગ આપવામાં આવે છે જે વિદ્યાર્થીઓને નોકરી આપવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. એસી અને ફ્રીજ જેવા ક્ષેત્રમાં પણ કેરિયર બનવવા માટેની તમામને સારી તક રહેલી છે. નિષ્ણાંતો કહે છે કે આધુનિક સમયમાં શિક્ષણની સાથે સાથે કોઈને કોઈ પ્રકારે કુશળતા રહે તે જરૂરી છે. હાથની કુશળતા દરેક વિદ્યાર્થીઓમાં રહે તે જરૂરી છે. જાણકાર લોકોના કહેવા મુજબ આધુનિક સમયમાં તમામ લોકોને એસી અને ફ્રિજ વગર ચાલી શકે તેમ નથી. હાલમાં જ દેશમાં કરવામાં આવેલા જુદા જુદા સર્વે અને અભ્યાસમાં પણ જાણવા મળ્યુ છે કે ફ્રિજ અને એસીનુ માર્કેટ કદ ઝડપથી વધી રહ્યુ છે. આ માર્કેટ કદના વધતા જતા પ્રવાહ વચ્ચે આ ક્ષેત્રમાં નોકરીની પણ વ્યાપક તક રહે તે સ્વાભાવિક છે. જેથી તેમાં જુદા જુદા કોર્સ કરીને સારી કેરિયર બનાવી શકાય છે. આ ક્ષેત્રમાં જાણકાર લોકોની કમી છે. ટેકનિકલ જાણકાર લોકોની આ ક્ષેત્રમાં ભારે કમી છે. જ્યારે ગરમીની સિઝન આવે છે ત્યારે તમને એસીની સર્વિસ માટે ટેકનિશયનને બોલાવવાની જરૂર પડે ચે. તે તમારી પાસેથી વધારે પૈસા કેમ લે છે અથવા તો આવવા માટે ઈન્કાર કેમ કરે છે. આનુ કારણ એ છે કે આ ક્ષેત્રમાં ટેકનિકલ કુશળ લોકો ઓછા છે. સરકાર તરફથી પણ આ ક્ષેત્રે એસી અને ફીજ માટે એક અલગ સેક્ટર સ્કિલ કાઉન્સિલની રચના કરી નથી.

દિલ્હીમાં ઓડ ઈવ વાહન યોજનાની અસર થઈ

પ્રદુષણના સ્તરમાં ઘટાડો થયો



દેશના પાટનગર નવી દિલ્હીમાં પ્રદુષણના સ્તરમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. ઓડ ઈવન વાહન યોજનાની અસર થઈ હોવાના દાવા નિષ્ણાંત અને સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે. પ્રદુષણમાં કમી માટે અહીંની રાજ્ય સરકારને ક્રેડિટ આપી શકાય છે. રાજ્ય સરકારે વાહનોના નોંધણી નંબરના આધાર પર ઓડ ઈવન યોજનાચારથછી ૧૫મી નવેમ્બર ૨૦૧૯ના દિવસો દરમિયાન અમલી કરવામાં આવી હતી. યોજના લાગુ કરતા પહેલા ૧૨ દિવસ યોજનાના ગાળા દરમિયાન તેમજ યોજના બાદ ૧૨ દિવસમાં પ્રદુષણના સ્તરમાં અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સંસદમાં હાલમાં પુછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં વન્ય અને પર્યાવરણ પ્રધાન તેમજ જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા માહિતી આપવામાં આવી હતી કે દિલ્હીના સરેરાશ પ્રદુષણના સ્તરમાં પુરતા પ્રમાણમાં ઘટાડો કરવામાં આવ્યો છે. યોજના પહેલા એટલે કે ૨૩મી ઓક્ટોબરથી ત્રીજી નવેમ્બર ૨૦૧૯ના ગાળામાં સરેરાશ ૨.૫ પ્રદષણ સ્તર ૨૭૫ માઈક્રોગ્રામ હતુ. જે યોજના બાદ ૧૨ દિવસ પછી એટલે કે ૧૬મી નવેમ્બરથી ૨૭મી નવેમ્બરના ગાળામાં સરેરાશ ૧૩૧ માઈક્રોગ્રામ હતુ. તમામ આંકડા સાબિત કરે છે કે સ્થિતીમાં ઉલ્લેખનીય સુધારો થઈ રહ્યો છે.

એલર્ટ : શ્રેણીબદ્ધ કુટેવ લોકોમાં ફેલાઈ રહી છે

પોર્ન સાઈટની વિકૃત અસર

ઈન્ટરનેટ મારફતે એક બાજુ તમામ પ્રકારની માહિતી મળવા લાગી ગઈ છે પરંતુ સાથે સાથે તેના મારફતે ઘણી કુટેવ પણ લોકોમાં ફેલાઈ ગઈ છે. યુવા પેઢી ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ પોર્ન સામગ્રીથી ખૂબ જ પ્રભાવિત છે. યુવા પેઢી આના સંકંજામાં આવી ગઈ છે જેથી કુદરતી સેક્સ સંબંધોના બદલે સેક્સના વિકૃત સ્વરૂપને પસંદ કરી રહ્યા છે. આ સંબંધમાં જ્યારે સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી ત્યારે બ્રિટનમાં રહેનાર એક ૧૯ વર્ષીય યુવતીએ કહ્યું હતું કે ઈન્ટરનેટ ઉપર ચાલી રહેલી પોર્ન સાઈટોના પ્રભાવ ખૂબ જ ખતરનાક છે. તેના કહેવા મુજબ સેક્સની શરૂઆતથી જ પુરુષોના દિમાંગમાં પોર્ન સાઈટોના દૃશ્ય અથવા તો સીન ઊભરવા લાગી જાય છે. આ લોકો સેક્સ વીડિયો અંગે વિચારતા થી જાય છે. આ યુવતીએ એમ પણ કહ્યું હતું કે પુરુષોમાં આ પ્રકારની ટેવ હવે મોટાભાગે સામાન્ય બની ગઈ છે. વિકૃત સેક્સને લઈને સર્વેમાં મોટાભાગના લોકોએ પોતાની પ્રતિક્રિયા સ્પષ્ટપણે આપી છે. કેટલાક લોકોનું કહેવું છે કે પ્રેમીને સેક્સવેળા નારાજ કરવાની બાબત કોઈપણ ચલાવી લે તેમ નથી. પોર્ન સાઈટોના સીન મોટાભાગે યુવાપેઢીના દિલોદિમાંગ ઉપર છવાયેલા રહે છે. પોર્ન સાઈટોમાં મોટાભાગે ખૂબસુરત અને ફિટનેશ ધરાવતી યુવતીઓ હોય છે જેથી યુવા પેઢી પણ આ યુવતીઓને આ પ્રકારની પુરુષોથી પ્રભાવિત હોય છે. પોર્ન સાઈટોમાં મોટાભાગે કેમેરાની કરામત હોય છે. પરંતુ યુવા પેઢી આ બાબતથી વાકેફ હોતી નથી. જાણકાર લોકોનું કહેવું છે કે પોર્ન સાઈટ મારફતે સેક્સની રમત રમી શકાય છે પરંતુ આનંદની લાગણી લેવી અશક્ય છે. યુરોપમાં ઘણી નાઈટ ક્લબ અને સોશિયલ ફ્રેન્ડશીપ ક્લબમાં ખુલ્લી રીતે ગ્રુપ સેક્સ માટે રજિસ્ટ્રેશન થાય છે. કારણ કે આધુનિક સમયમાં યુવાનો પોર્ન સાઈટોથી પ્રભાવિત થઈને વિકૃત સેક્સ તરફ આકર્ષિત થઈ રહ્યા છે.

નીતિન પટેલે અસિત વોરા પર કરી ટીપ્પણી, ગૌણસેવા પરીક્ષા વિવાદ મામલે મૌન તોડયું

અમદાવાદ

બ્રહ્મ સમાજની સમિટમાં નીતિન પટેલ હાજર રહ્યા હતા, અને ત્યાં નીતિન પટેલે અસિત વોરા પર હળવો મજાક કર્યો છે. રાજ્યના ડેપ્યૂટી સીએમ નીતિન પટેલે ગૌણ સેવાની પરીક્ષા વિવાદ મામલે મજાકમાં મૌન તોડયું છે. ડેપ્યૂટી સીએમ નીતિનભાઈએ અસિત વોરાને આડે હાથ લીધા હોય તેવું જણાતું હતું.

રાજ્યના ડેપ્યૂટી સીએમ નીતિન પટેલે જણાવ્યુ હતું કે હમણાં હમણાં અસિત વોરા વધારે ચર્ચામાં છે. ઘણીવાર અમે પડદા પાછળ રહી જઈએ છીએ. ક્યારેક અસિત વોરા આગળ હોય અને સરકાર પાછળ હોય છે. અસિત વોરાના સમયમાં ઘણી બધી ભરતી થઈ છે. ક્યાં કોની ભરતી કરી છે તે અમે પુછતા નથી. ત્યારે તેમણે ગમ્મતભર્યા સ્વરમાં જણાવ્યું કે, અસીત વોરાએ બધું સારુ જ કર્યું હશે તેવી આશા છે. અસીત વોરા ગૌણ સેવા પસંદગી મંડળના ચેરમેન છે. પેપર લીક થતા ગૌણ સેવા મંડળ વિવાદમાં આવ્યું છે. પેપર લીક થતા ગૌણ સેવાની પરીક્ષા રદ કરવી પડી છે.

નીતિન પટેલે પત્રકારોને પણ સંબોધન કરતા કહ્યું કે, આજ જે હું બોલું છું એ બધુ ગમ્મતમાં ગણજો, કાંઈ વાત ઉપાડી ના લેતા પાછા. આ સાથે જ વધુમાં જણાવ્યું કે, છેલ્લા ૫ વર્ષમાં આપણી ભાજપ સરકારે ૪.૨૫ કર્મચારીઓની ભરતી કરી છે. અસિતભાઈએ આટલા લોકો પૈકી કેટલાય લોકોની ભરતી કરી છે આપણે લીસ્ટ જોઈએ તો ખબર પડે. પણ આપણને વિશ્વાસ છે કે એમનો ધર્મ એમણે બજાવ્યો હશે.

‘હમ્મારાજ બંધ કરો’ના નારા લગાવી મહિલાઓએ પીઆઈનો ઘેરાવ કર્યો

હિંમતનગર

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશન ખાતે એક સાથે ૫૦થી વધુ મહિલાઓનું ટોળું એક વાહનમાં પહોંચ્યું હતું. રોડ પર હમ્મારાજ બંધ કરોના નારા લગાડતી મહિલાઓ પોલીસ સ્ટેશનમાં પ્રવેશી હતી. પોલીસ સ્ટેશનમાં પહોંચીને મહિલાઓએ પીઆઈનો ઘેરાવ કર્યો હતો. જેનો જવાબ આપીને પીઆઈએ તમામને શાંત કરવા પ્રયાસ કર્યા હતા.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનના તાબા હેઠળના વિસ્તારમાં દારૂની બેરોકટોક ધંધો ચાલતો હોવાનું અને બૂટલેગર દ્વારા પોલીસ પોતાના ખિસ્સામાં હોવાનું લોકોને કહેતા મહિલાઓ રોષે ભરાઈ હતી અને એક વાહન કરીને તેમાં ૫૦થી વધારેનું ટોળું પોલીસ સ્ટેશન ઘસી ગયું હતું. ત્યાં દારૂ વેચનાર સામે પગલાં લેવા માંગ કરી હતી. મહિલાઓએ પોલીસ સ્ટેશનમાં પણ હાય હાયના નારા લગાવ્યા હતા.

પંથકમાં દારૂ વેચાતો હોવાની બાબતે મહિલાઓએ રોષ વ્યક્ત કરતા પીઆઈએ તમામને આશ્વાસન આપ્યું હતું. ફળિયામાં જગ્યા ફાળવીને પોલીસ ચોકી બનાવવા કહેતા પીઆઈએ હકાર ભર્યો હતો અને માંગ સંતોષવા માટે માંગ કરી હતી.

હાજરી ભરવામાં શિક્ષકોની આડોડાઈ, શાળા સંચાલકો સહિત ડીઈઓના આદેશનો વિરોધ

ગાંધીનગર

જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તમામ ખાનગી શાળાના શિક્ષકોની પણ હાજરી ઓનલાઈન પુરવામાં આવે તેવો આદેશ કરાયો હતો. જો કે શાળા સંચાલક મહામંડળ દ્વારા ડીઈઓના આ આદેશનો વિરોધ કરાયો છે. ત્યારે આ અંગે વાત કરતા શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, સારા શિક્ષણ માટે તમામ વિદ્યાર્થીઓએ વર્ગમાં હાજર રહેવું જ જોઈએ. વિદ્યાર્થીઓને સારું શિક્ષણ સમયસર મળી રહે તે માટે શિક્ષકો પણ ફરજીયાત હાજર રહે તે જરૂરી છે.

શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, શિક્ષકો હાજર રહે અને સમયસર બાળકનો અભ્યાસક્રમ પૂર્ણ થાય તે હેતુથી શિક્ષકોની પણ ઓનલાઈન હાજરી પુરાવાનો આદેશ કરાયો હતો. જો કોઈ પ્રશ્નો હોય તો મહામંડળ અમને રજૂઆત કરતું હોય છે અને એ રજુઆતો અમે શક્ય હોય તો પૂર્ણ પણ કરીએ છીએ. જેને લઈને વિવાદ યોગ્ય નથી અને બાળકોના હિતને ધ્યાન રાખીને તમામ બાળકોની સાથે શિક્ષકોની પણ હાજરી ઓનલાઈન ભરવામાં આવે તે જરૂરી છે. તમામના સહકારની અપેક્ષા છે.

ઉલ્લેખનીય છે કે, મહામંડળ દ્વારા થોડા સમય કેટલીક માંગણીઓ મુકવામાં આવી હતી. આ માંગણીઓ હજુ સુધી પૂર્ણ નહી થતા મહામંડળ દ્વારા શિક્ષકોની હાજરી ઓનલાઈન નહી ભરવામાં આવે તેવો તમામ ખાનગી શાળાના સંચાલકોને પત્ર લખીને જાણ કરી હતી. આ પડતર માગની વાત કરીએ તો શિક્ષણ વિભાગે રેટીના સ્કેનર અથવા થંબ ઈમ્પ્રેશન મશીન આપવામાં આવશે તેવી વાત કહી હતી. સ્વનિર્ભર સ્કૂલને વધારાની કામગીરી માટે ગ્રાન્ટ આપવામાં આવે તેવી માગ પણ પૂર્ણ થઈ નથી. જેને લઈને મહામંડળ દ્વારા વિરોધ કરાઈ રહ્યો છે.

અધિક કલેક્ટરનું જાહેરનામું: ચાઈનીઝ લોન્ચર, તુક્કલનાં વેચાણ પર પ્રતિબંધ

રાજકોટ

રાજકોટ જિલ્લામાં મકરસંક્રાંતિના તહેવારમાં કોઈ દુર્ઘટના ન સર્જાય તે માટે અધિક કલેક્ટર પરિમલ પંડ્યાએ જાહેરનામું બહાર પાડ્યું છે. જેમાં ઉત્તરાયણના તહેવાર દરમિયાન ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્નથી જાનમાલ અને પર્યાવરણને નુકસાન થતું હોવાથી તેના ઉત્પાદન, વેચાણ અને ઉડાડવા પર સીઆરપીસીની કલમ-૧૪૪ હેઠળ પ્રતિબંધ મુકવાની જાહેરાત કરી છે.

આગામી ૧૪મી જાન્યુઆરીએ મકરસંક્રાંતિનો તહેવાર આવતો હોય રાજકોટ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આ તહેવાર નિમિત્તે કેટલાક લોકો જાહેર માર્ગો પર પતંગ ઉડાડે છે અને કપાયેલા પતંગો અને દોરાઓ મેળવવા માટે હાથમાં લાબા ઝંડા, વાંસ વગેરે લઇ રસ્તાઓ, ગલીઓ, શેરીઓમાં દોડાદોડી કરતા હોય છે. જેના કારણે ટ્રાફિકને અડચણ થતી હોય છે. તેમજ ગલીઓમાં ટેલિફોન અને ઈલેક્ટ્રિકના તાર પર લંગર નાખી ભેરવાયેલો પતંગ કાઢવાનો પ્રયત્ન કરતા હોય તેથી બે ઈલેક્ટ્રિક વાયર ભેગા થવાથી શોર્ટ સર્કિટના બનાવો બનતા હોય અને તાર તૂટી જવાની સંભાવના રહેલી હોય છે, તેમજ પતંગ ઉડાડવા માટે ઘણા લોકો ચાઈનીઝ દોરાનો ઉપયોગ કરતા હોય છે તે કોઈના શરીર પર પડે ત્યારે શરીરના અંગો કપાઈ જવાનો ભય રહે છે અને પક્ષીઓને ઈજા થતાં મોતના બનાવો પણ બનતા હોય જાહેરનામું બહાર પાડ્યું છે.

અમદાવાદના પિરાણા કરતા ગાંધીનગરનું ગિફ્ટ સિટી સૌથી વધુ પ્રદુષિત

અમદાવાદ

અમદાવાદ શહેરમાં દિવસભર વાદળછાયું વાતાવરણ રહેવા સાથે ધુમ્મસની ચાદર છવાઈ ગઈ હતી. સફર ડેટા મુજબ બપોરે ૩ વાગ્યે શહેરમાં હવાનું પ્રદૂષણનો સરેરાશ આંક ૨૨૮ નોંધાયો છે. અમદાવાદનું પિરાણા અને ગાંધીનગરનું ગિફ્ટ સિટી સૌથી વધુ હવા પ્રદુષણ ફેલાવતું વિસ્તાર હોવાનું સફર ડેટામાં સામે આવ્યું છે. પિરાણામાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૨૯૨ જ્યારે ગિફ્ટ સિટીનું એકયુઆઈ ૨૯૯ નોંધાયું છે. પિરાણામાં કચરાનો ડુંગર આવેલો છે જ્યાં આખા અમદાવાદ શહેરનો કચરો ઠલવાય છે. જેથી પિરાણાનું એકયુઆઈ અન્ય વિસ્તારો કરતા વધુ હોય છે. પિરાણા કરતા પણ ગિફ્ટ સિટીનું પ્રદુષણ સૌથી વધુ નોંધાયું છે. જેથી એરપોર્ટ પરથી ટેકઓફ અને લેન્ડિંગ કરતી ફ્લાઈટથી પણ વાતાવરણમાં ધુમાડો ઉડતો હોય છે. સામાન્ય રીતે શિયાળામાં ઠંડીને કારણે હવાની ઘનતા વધે છે જેને લીધે વાહનોનો ધુમાડો અને ધૂળના રજકણો વાતાવરણના ઉપલા સ્તર સુધી જતા નથી. જેથી હવા વધુ પ્રદુષિત થાય છે.

વડોદરામાં આઠમી જાન્યુઆરીએ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાશે

વડોદરા

વડોદરામાં દર વર્ષ મુજબ ઉત્તરાયણ પૂર્વે આ વખતે પણ તારીખ આઠના રોજ જેલ રોડ ખાતે મેદાન પર આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ઉજવાશે. આ પતંગ મહોત્સવમાં દેશ-વિદેશના પતંગબાજો ઉપસ્થિત રહેશે અને અવનવી પતંગો ચગાવશે. પતંગ મહોત્સવ માટે રાજ્ય સરકાર વડોદરા કોર્પોરેશનને રૂપિયા ૧૦ લાખની સહાય ખર્ચ પેટે ગ્રાન્ટ આપશે.

જો સરકાર આ ખર્ચની ગ્રાન્ટ પૂરતી નહીં ફાળવે તો અગાઉના વર્ષો મુજબ કોર્પોરેશનના સંસ્કાર કાર્યક્રમ બજેટમાંથી ખર્ચ કરાશે. સ્ટેન્ડિંગ કમિટીમાં આ અંગે એક દરખાસ્ત રજૂ થઈ છે. ગયા વર્ષે જેલ રોડ નજીક નવલખી એક્સ્ટેંશન મેદાન ખાતે સાતમી વખત યોજાયેલા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ૧૫ દેશના ૪૭ અને ભારતના ૮ રાજ્યના ૮૦ પતંગબાજોની સાથે વડોદરા તેમજ વિવિધ શહેરના ૬૫ પતંગબાજોએ ભાગ લીધો હતો.

પતંગ મહોત્સવમાં વિવિધ દેશોની પ્રચલિત અવનવી આકર્ષક મહાકાય ટચુકડી અને એરોસ્પેસ ટેકનોલોજી તેમજ એરો ડાયનેમિક્સ ડ્રિવન પતંગો સાથેની પતંગબાજી સામાન્ય રીતે જોવા મળતી હોય છે. એના આગલા વર્ષે પણ દેશ-વિદેશના ૮૮ પતંગબાજો વડોદરા આવ્યા હતા. કેવડિયા સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આ વખતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ તારીખ ૯ના રોજ યોજવાનો છે. ગયા વર્ષે પહેલી વખત સ્ટેચ્યુ ખાતે પતંગ મહોત્સવ ઉજવાયો હતો.

રોંગ સાઈડમાં આવેલા ટેક્કર ચાલકે બાઈક સવારને હડફેટે લેતા મોત

જામનગર

જામનગર-ખંભાળિયા ધોરીમાર્ગ પર મેઘપર-પડાણા નજીક રોંગ સાઈડમાં પૂરપાટ વેગે આવી રહેલા એક ટેક્કર ચાલકે બાઈકને હડફેટમાં લઈ લીધું હતું અને તેના ચાલકને કચડી નાખતા ઘટના સ્થળે જ કરૂણ મોત નીપજ્યુ છે.

આ ગમખ્વાર અકસ્માતના બનાવની વિગત એવી છે કે જામનગર-ખંભાળિયા ધોરીમાર્ગ પર મેઘપર -પડાણા ગામના પાટિયા નજીક ગઈરાત્રે સાડા દસેક વાગ્યાના અરસામાં ટેક્કરના ચાલકે પોતાનું ટેક્કર બેકાળજીપૂર્વક રોંગ સાઈડમાં ચલાવ્યું હતું અને સામેથી આવી રહેલા મોટર સાયકલને ઠોકર મારી દેતા તેના ચાલક હિતેશ રમેશભાઈ રાઠોડને ગંભીર ઈજા થવાના કારણે તેનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મૃત્યુ નીપજયું હતું.

આ અકસ્માતના બનાવ અંગે મૃતકના સંબંધી રાજકોટમાં રહેતા રવિભાઈ મૂળજીભાઈ મકવાણાએ મેઘપર પોલીસને જાણ કરતા મેઘપર પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને ટેક્કરના ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે જ્યારે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું છે.

હજુ ૧૫ લાખ વાહનચાલકો પાસેથી ૪૫ કરોડનો દંડ વસૂલવાનો બાકી

૨૦ લાખથી વધુ ઈ-મેમો સામે માત્ર ૨૫ ટકા અમદાવાદીઓએ દંડ ભર્યો

અમદાવાદ

અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસે ૨૦૧૯માં ટ્રાફિક નિયમના ભંગ બદલ વાહનચાલકોને ૫૮ કરોડનો દંડ વસૂલવા માટે ૨૦ લાખ ઈ-મેમો ફટકાર્યા છે. જેની સામે ૫ લાખ અમદાવાદીઓ જ ૧૩ કરોડ એટલે કે ૨૫ ટકા જ દંડ ભર્યો છે. હજુ ૧૫ લાખ વાહનચાલકો પાસેથી ૪૫ કરોડનો દંડ વસૂલવાનો બાકી છે.

વાહનચાલકો માટે વર્ષ ૨૦૧૯માં પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં ખાસ સ્કવોડની રચના કરીને ઈ-મેમો મોકલવામાં આવ્યા હતા. જેમાં નિયમનો ભંગ કરતા ૨૦.૫૦ લાખ વાહનચાલકોને ૫૮.૮૫ કરોડના ઈ-મેમો ફટકારવામાં આવ્યા હતા. જેમાંથી ૫.૫૦ લાખ વાહનચાલકોએ ૧૩.૪૩ કરોડનો દંડ ભર્યો છે. બાકીના ૧૫ લાખ વાહનચાલકો પાસેથી ૪૫.૪૧ કરોડ દંડની રકમ વસૂલવાની બાકી છે.

રાજ્ય સરકારે પ્રવાસ ભથ્થાં, સાયકલ-પંખા સહિતની ૯ પેશગી બંધ કરી

ગાંધીનગર

રાજ્ય સરકારે કર્મચારીઓને આપવામાં આવતી વિવિધ પેશગીઓ પૈકી કેટલીક પેશગીઓનો કર્મચારી દ્વારા ઉપયોગ કરવામાં આવતો ન હોવાથી બંધ કરવાનો નિર્ણય લીધો છે. રાજ્ય સરકારે પ્રવાસ ભથ્થાંથી લઈને રજા પગાર પેશગી સહિત ૯ પેશગી બંધ કરી છે. આ પેશગીઓની બજેટમાં જોગવાઈ કરવામાં આવે છે, પરંતુ વર્ષના અંતે ગ્રાન્ટ સરેન્ડર કરવી પડે છે. જેથી ઓડીટ પેરા પણ ઉપસ્થિત થાય છે. તેમજ ૭માં પગારપંચનો અમલ થતાં કર્મચારીઓના પગારમાં થયેલા વધારાને ધ્યાને લેતા કેટલીક પેશગીઓ હાલના સમયે અસ્થાને લાગે છે. જેથી આ પ્રકારની પેશગીઓ રદ કરવાની બાબત અંગે સરકાર વિચાર કરી રહી હતી. જે અંગે વિચારણા કર્યા બાદ રાજ્ય સરકારે આ પેશગીઓ રદ કરવાનો નિર્ણય કર્યો છે.

સરકારે સાયકલ ખરીદવા માટેની પેશગી, પંખા ખરીદવાની પેશગી, અનાજ પેશગી, તહેવાર પેશગી, રજા પગાર પેશગી, નોકરી દરમિયાન મૃત્યુ પામેલા કર્મચારીના પરિવારને તાત્કાલિક નાણાંકીય રાહત પુરી પાડવા માટેની પેશગી, નોકરી દરમિયાન મૃત્યુ પામેલા કર્મચારીના પરિવારને વતન પ્રવાસ ખર્ચને પહોંચી વળવા માટેની પેશગી, પ્રવાસ-ભથ્થાં પેશગી, ખાતાકીય હેતુ માટેની પેશગી બંધ કરી.

વડાપાઉં અને બટેટાનું શાક ખાતા ૪ લોકોને ફૂડ પોઈઝનિંગ, બે બાળકોનાં મોત

કચ્છ

ભુજના ભાનુશાલીનગરમાં ગત રાત્રે ભોજન કરીને સૂતેલાં ચાર જણનાં પરિવાર પૈકી સગાં ભાઈ-બહેનના ભેદી સંજોગોમાં મોત નીપજતાં પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ છે. મૃત ભાઈ-બહેનના માતા-પિતા પણ બીમાર હાલતમાં મળી આવ્યાં હતા. હાલ ચારેયને ૧૦૮ મારફતે ભુજની જી.કે.જનરલ હોસ્પિટલમાં ખસેડાયાં હતા. સારવારથી હાલ માતાની તબિયતમાં સુધારો જણાયો છે.

આ ઘટનાની પ્રાથમિક તપાસ કરનારાં ભુજ બી ડિવિઝન પોલીસ ઈન્સ્પેક્ટર વી.જી.ભરવાડે જણાવ્યું કે, ભાનુશાલીનગરમાં રીલાયન્સ મૉલ પાછળ વિજય સોલંકી અને તેમના પત્ની-બે બાળકો રહે છે. ગત રાત્રે પરિવારે ઘરમાં ખીચડી-દાળ બનાવ્યાં હતા. ખીચડી-દાળ સાથે બહારની નાસ્તાની રેંકડી પરથી લાવેલાં વડાપાંઉ અને બટાકાનું શાક આરોગ્યાં હતા. ભોજન લીધાં બાદ તમામને ફૂડ પોઈઝનિંગ થયું હતું. ત્યારે બપોરે એકાદ વાગ્યાના અરસામાં પડોશમાં રહેતી મહિલાએ ઘર બંધ જોઈ કુતૂહલવશ તપાસ કરતાં આ ઘટનાની જાણ થઈ હતી. બે બાળકો સહિત ચારેય જણને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે જી.કે.જનરલ ખસેડાયાં હતા. જ્યાં તબીબોએ ૮ વર્ષના ધવલ વિજયભાઈ સોલંકી અને ૧૪ વર્ષની માનસી વિજયભાઈ સોલંકીને મૃત જાહેર કર્યાં હતા. પિતા વિજય સોલંકી ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે.

પીઆઈ ભરવાડે જણાવ્યું કે, થોડી ઘણી ખીચડી—દાળ સાથે વડાપાંઉ અને બટાકાનું શાક ખાધું હતું. જયારે પતિ અને બાળકોએ મુખ્યત્વે ખીચડી-દાળ ખાધાં હતા. પીઆઈએ ઉમેર્યું કે માતાનું નિવેદન જોતાં અસરગ્રસ્તોએ મુખ્યત્વે ઘરનો ખોરાક ખાધો હતો.પોલીસે ખોરાકના નમૂના ફોરેન્સિક સાયન્સ લેબમાં મોકલી આપવા તજવીજ હાથ ધરી છે.

આવતીકાલે કેન્દ્રીયમંત્રી માંડવીયાની ઉપસ્થિતિમાં ગણપત યુનિ.નો તેરમો પદવીદાન સમારોહ યોજાશે

અમદાવાદ

ગણપત યૂનિવર્સિટીનો તેરમાં પદવીદાન સમારોહ આગામી ૫ જાન્યુઆરીના રોજ યોજાશે. આ પ્રસંગે મરીન એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ માટે શિપ-ઈન-કેમ્પસનું પણ ઉદ્ઘાટન કેન્દ્રીયમંત્રી મનસુખ માંડવીયાના હસ્તે કરવામાં આવશે. નવા કેમ્પસથી મરીન એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓને શીપ-વહાણ ઉપરની હેન્ડ્ઝ-ઓન તાલીમ અહીં જ મળી રહેશે.

પદવીદાન સમારોહમાં વિવિધ વિદ્યાશાખાઓમાંથી ડિપ્લોમાં, ડિગ્રી, માસ્ટર અને પીએચડી કક્ષાની પરીક્ષાઓ પાસ કરી પદવી મેળવનારા કુલ ૨૫૧૧ યુવા છાત્રોને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. જેમાંથી એમફીલના ૨૩ અને પીએચડીના ૧૨ વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત પોતાના અભ્યાસક્રમો ટોપ રેંક સાથે સફળતાપૂર્વક પૂર્ણ કરનારા ૭૦ જેટલા વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલથી સન્માનિત કરવામાં આવશે.

પાલક પિતાએ દુષ્કર્મ આચરતા ૧૪ વર્ષની સગીરાએ પુત્રને જન્મ આપ્યો

રાજકોટ

ગોંડલ પંથકમાં ૧૪ વર્ષની બાળાને તેના જ પાલક પિતાએ વારંવાર દુષ્કર્મ આચરી ગર્ભવતી બનાવી દીધી હતી. આ કેસમાં પોલીસે જે તે વખતે આરોપી પાલક પિતા લાલજી નામના શખ્સને દબોચી લીધો હતો. પાલક પિતાના કૂકર્મને કારણે સગર્ભા બનેલી બાળાએ રાજકોટની સિવિલ હોસ્પિટલમાં બાળકને જન્મ આપ્યો છે.

મૂળ મહારાષ્ટ્રની મહિલા દસેક વર્ષ પહેલા ગોંડલમાં પરિવાર સાથે મેળામાં ફજત ફાળકા લઈને આવી હતી. એ વખતે લાલજી સાથે ઓળખ થઈ હતી. ત્યારબાદ પતિએ છૂટાછેડા આપી દેતાં આ મહિલા દીકરી, સંતાનો સાથે લાલજીની સાથે જ રહેતી હતી. ગત મહિને આ મહિલાને પોતાની ૧૪ વર્ષની દીકરીની તબિયત બરાબર ન જણાતાં ડોક્ટરને બતાવતા સગર્ભા હોવાની ખબર પડી હતી. દીકરીને પૂછતાં પાલક પિતાએ જ વારંવાર ધમકાવીને દુષ્કર્મ આચર્યાનું કહેતાં પોલીસને જાણ કરાઈ હતી. પોલીસે તે વખતે લાલજીની ધરપકડ કરી લીધી હતી. ભોગ બનનાર બાળા રાજકોટ ઝનાના હોસ્પિટલમાં સારવાર હેઠળ હતી. અહીં તેણે બાળકને જન્મ આપતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગોંડલ પોલીસને જાણ કરી હતી.

૩.૧૦ની ટિકિટના ૩.૨૦ કરવામાં આવ્યા

આતુરતાનો અંત... સીએમ રૂપાણીનાં હસ્તે આજથી ફલાવર શો ખુલ્લો મૂકાશે



અમદાવાદ

અમદાવાદના લાખ્ખો પ્રકૃતીપ્રેમીઓ જેની આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે તે ફલાવર શો આજથી રીવરફ્રન્ટ ઉપર શરૂ થશે. જે ૧૯ જાન્યુઆરી સુધી રહેશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા રાજ્યના કૃષિ વિભાગ દ્વારા સતત આઠમાં વર્ષે આયોજિત કરાયેલો ફલાવર શો રીવરફ્રન્ટના પશ્ચિમ કિનારા ઉપર ફલાવર ગાર્ડન અને ઈવેન્ટ સેન્ટરમાં યોજાશે. જે માટે હાલમાં તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. મુખ્યપ્રધાનના હસ્તે ફલાવર શો ખુલ્લો મૂકવામાં આવશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રીવરફ્રન્ટના પશ્ચિમ કિનારા પર ફલાવર ગાર્ડનથી લઈને ઈવેન્ટ સેન્ટર સુધીના વિશાળ વિસ્તારમાં ભવ્ય ફલાવર શોનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં વિવિધ વૃક્ષો, શાકભાજી, બોન્સાઈ, ક્રેક્ટસ અને પામ સહિત ૭૦૦ કરતા વધુ પ્રકારના ફૂલ-છોડના ૧૦ લાખથી વધુ રોપા પ્રદર્શનમાં મૂકવામાં આવશે. આ ઉપરાંત ફલાવર શોમાં કૃષિ વિભાગ અંતર્ગત આવતા વિવિધ પેટા વિભાગોના માહિતી પૂરા પાડતા સ્ટોલ્સ, દેશ અને શહેરની ૭ જેટલી ખ્યાતનામ નર્સરીના પ્રદર્શન અને વેચાણ કેન્દ્ર પણ રહેશે.

નોંધનીય છે કે, મેગા સિટીમાં યોજાતા ફલાવર શોમાં લગભગ ૧૦ લાખ કરતા વધુ લોકો મુલાકાત લેતા હોય છે. શહેરીજનો આ ફલાવર શોની આતુરતાથી રાહ જોતા હોય છે. ત્યારે લોકોની ભીડને નિયંત્રિત કરવા આ વર્ષે ટીકિટના ભાવમાં ગત વર્ષ કરતા વધારો કરવામાં આવ્યો છે. ૩.૧૦ ની ટીકીટના ૩.૨૦ કરવામાં આવ્યા છે. અને શનિવાર-રવિવારે વધી જતી ભીડને કાબુમાં લેવા આ દિવસોમાં ટિકીટના ૩.૫૦ કરી દેવાયા છે. જ્યારે ૧૨ વર્ષ સુધીના બાળકો તેમજ સિનીયર સિટીઝન માટે પ્રવેશ વિનાલમૂલ્યે રાખવામાં આવ્યો છે.

આજે ૪ જાન્યુઆરીએ મુખ્યપ્રધાનના હસ્તે ખુલ્લા મુકાનારા સાતમાં ફલાવર શોને લઈને હાલમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે ૩ જાન્યુઆરીની રાત સુધીમાં તમામ તૈયારીઓને પૂર્ણ કરી દેવામાં આવશે. ત્યારે હાલ ફલાવર શોને અંતિમ ઓપ આપવામાં આવી રહ્યો છે.

જામનગરમાં ઠંડીનો ચમકારો... ૩૫ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાતા લોકો થર-થર કાંપ્યા

જામનગર

જામનગર શહેર અને જિલ્લામાં છેલ્લા ચાર દિવસથી કાતિલ ઠંડી પડી રહે છે. તેમાંય ખાસ કરીને પ્રતિ કલાકના ૩૫થી ૪૦ કિમીની ઝડપે ઠંડો પવન ફૂંકાઈ રહ્યો હોવાથી જનજીવન પર વ્યાપક અસર જોવા મળી રહી છે. અને શહેરીજનો તેમજ પશુ-પક્ષીઓ ઠુંઠવાઈ રહયા છે. ઠંડીમાં હજુ વધારો થાય તેવી શક્યતાઓ દર્શાવાઈ છે.

જામનગર જિલ્લા કલેકટર કચેરીના જણાવાયા અનુસાર જામનગર શહેરમાં સવારે આઠ વાગ્યે પૂરા થતા ૨૪ કલાક દરમિયાન લઘુત્તમ તાપમાન ૧૧.૨ ડિગ્રી સેન્ટિગ્રેડ જ્યારે મહત્તમ તાપમાન ૨૪ ડિગ્રી સેન્ટીગ્રેડ નોંધાયું છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૩ ટકા રહ્યું હતું જેના કારણે વહેલી સવારે ગાઢ ધુમ્મસ છવાયું હતું. ઉપરાંત પવનની ગતિ સરેરાશ પ્રતિ કલાકના ૩૦ કિ.મી.ની ઝડપે રહી હતી. જે વધીને ૩૫ કિમી સુધી પહોંચી હતી. જામનગર શહેર અને જિલ્લામાં છેલ્લા ચાર દિવસથી ઠંડીનો પારો ૧૦ ડિગ્રીથી ૧૧ ડિગ્રીની વચ્ચે રહ્યો છે જેના કારણે કાતિલ ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. સાથોસાથ પ્રતિ કલાકના ૩૫થી ૪૦ કિમીની ઝડપે ફૂંકાયેલા પવનને કારણે ધ્રુજારી અનુભવાઈ રહી છે.

સગીરા પર એસિડ ફેંકવાની ધમકી આપતા યુવકની ધરપકડ

અમદાવાદ

તાજેતરમાં જ રાજ્યમાં બળાત્કાર અને છેડતીના કિસ્સા દિન પ્રતિદિન વધી રહ્યા છે. શહેરના ગોતા વિસ્તારમાં રહેતી સગીરાને ઉઠાવી હૈદરાબાદમાં ડોકટર યુવતી સાથે થયું તેવું તારી સાથે કરી એસિડ છાંટવાની ધમકી પણ આપી હતી. સોલા પોલીસે આરોપી ગુલાબસિંહ વાઘેલાની ધરપકડ કરી છે.

આ સગીરા ગોતા હાઉસિંગમાં પરિવાર સાથે રહે છે. સગીરા વંદે માતરમ ચાર રસ્તા પાસે ટ્યુશન ક્લાસિસમાં જાય છે. છેલ્લા ૧૫ દિવસથી ગુલાબસિંહ વાઘેલા નામનો યુવક સગીરાનો પીછો કરી હેરાન પરેશાન કરતો હતો. તેમજ ફોન કરી પજવણી કરી વાત કરવા માટે દબાણ કરતો હતો. ગુલાબસિંહે સગીરાને એવી ધમકી આપી હતી કે થોડા દિવસ પહેલા હૈદરાબાદમાં જેવી ઘટના બની હતી તેવું તારી સાથે કરી એસિડ છાંટવાની ધમકી આપી હતી. જેથી સગીરા ડરી ગઈ હતી. સગીરા ટ્યુશનમાં ગઈ હતી ત્યારે તેને એક શીશી જેવું બતાવી તેને સૂંઘાડી દેવાની ધમકી પણ આપી હતી. જેને લઈ સોલા પોલીસ સ્ટેશનમાં સગીરાની માતાએ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુલાબસિંહ વાઘેલા સામે ગુનો નોંધી તેની ધરપકડ કરી છે.

ત્રિદિવસીય બ્રહ્મ બિઝનેસ સમિટનો પ્રારંભ, ૩૨ કંપની ૬ હજાર જોબ ઓફર કરશે



૩ લાખથી વધુ બ્રહ્મ પરિવારો જોડાશે, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને ગુજરાતના રાજ્યપાલ હાજરી આપશે

અમદાવાદ

૩ જાન્યુઆરીથી ત્રણ દિવસ ચાલનાર મેગા બ્રાહ્મણ બિઝનેશ સમિટ-૨નો પ્રારંભ થયો છે. આ સમિટની સાથે બ્રહ્મ ગૌરવ એવોર્ડ-૨ પણ યોજાઈ રહ્યો છે. આ સમિટમાં રાજકારણીઓ અને ફિલ્મ જગત સાથે સંકળાયેલી હસ્તીઓ ઉપસ્થિત રહેશે. ઉપરાંત ૩ લાખથી વધુ બ્રહ્મ પરિવારના મુલાકાતીઓ સમિટની મુલાકાત લેશે તેવો આશાવાદ આયોજકોએ વ્યક્ત કર્યો હતો.

મેગા બ્રાહ્મણ બિઝનેશ સમિટ -૨ અને બ્રહ્મ ગૌરવ એવોર્ડ-૨નું આયોજન ત્રિમંદિર ખાતે ૩ લાખ ૨૫ હજાર ચોરસમીટર જગ્યામાં કરવામાં આવ્યું છે. આ સમિટમાં ૩ લાખ લોકો ઉમટવાના છે. અહીં બી ટુ બી અને બી ટુ સી, રોજગાર મેળો અને ૨૦૦ જેટલા ઉદ્યોગ સાહસિકોના સ્ટોલ ઊભા કરાયા છે. અહીં વિશિષ્ટ યોગદાન પ્રાપ્ત કરનાર ૬૦૦થી વધુ બ્રહ્મ પ્રતિભાવોને સન્માનિત કરવામાં આવશે. બિઝનેસ સમિટમાં દસ હજારથી વધુ યુવાનો અને યુવતીઓને રોજગારી આપવાનો અંદાજ રાખવામાં આવ્યો છે. કાયક્રમમાં બ્રહ્મ હેલ્થ કાર્ડનું વિતરણ કરાશે. તેમજ આ યોજનામાં સેવા આપનાર ડોક્ટરોનું સન્માન કરાશે.

બ્રાહ્મણ બિઝનેસ સમિટના પહેલા દિવસે સવારે ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. મેગા બ્રાહ્મણ સમિટમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી અને મંત્રી વિભાવરી બેન દવે હાજર રહ્યા છે. બીજા દિવસે ૪ જાન્યુઆરીએ કોંગ્રેસના આગેવાનો હાજર રહેશે. જેમાં કોંગ્રેસ ના પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડા, વિરોધ પક્ષ નેતા પરેશ ધાનાણી, પૂર્વ મંત્રી ભરતસિંહ સોલંકી અને કોંગ્રેસના આગેવાનો હાજર રહેશે. સાથે જ ત્રણ દિવસ દરમિયાન રાજસ્થાનના રાજ્યપાલ કલરાજ મિશ્રા, ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ અને ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત હાજરી આપશે. મેગા બ્રાહ્મણ બિઝનેશ સમિટ -૨માં ત્રણ દિવસ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. જેમાં ગુજરાતના પ્રસિધ્ધ કલાકારો ભાગ લેશે. અંતિમ દિવસે એટલે કે ૫ જાન્યુઆરીએ બ્રહ્મ ગૌરવ એવોર્ડ અપાશે. જેમાં ફિલ્મી જગતની હસ્તીઓ હાજર રહેશે. ઉલ્લેખનીય છે કે પહેલો મેગા બ્રાહ્મણ બિઝનેશ સમિટ -૧ મહાત્મા મંદિર ખાતે યોજાયો હતો. જેમાં દોઢ લાખથી વધુ લોકોએ ભાગ લીધો હતો. તેમાં ૪૨૦૦ બ્રાહ્મણ યુવાઓને રોજગારી પૂરી પાડવામાં આવી હતી. બ્રાહ્મણ સમાજનું આ સૌથી મોટું આયોજન છે.

મુખ્યમંત્રી, ના.મુખ્યમંત્રી સહિતના દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહ્યા

ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટનો પ્રારંભ, સરદાર પટેલની ૫૦ ફૂટ ઉંચી પ્રતિમાનું અનાવરણ

૨૦૨૨માં સુરતમાં અને ૨૦૨૪માં રાજકોટમાં બિઝનેસ સમિટ યોજાશે, વડોદરામાં પણ સરદારધામ બનશે



ગાંધીનગર

વૈષ્ણવદેવી સર્કલ પાસે આવેલા સરદારધામ ખાતે મુખ્યમંત્રીએ સરદાર પટેલની ૫૦ ફૂટ ઉંચી પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. ત્યાર બાદ ગાંધીનગર હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ ૨૦૨૦નો પ્રારંભ થયો હતો. આ બિઝનેસ સમિટમાં આવેલા પાટીદાર ઉદ્યોગપતિઓ અને મહેમાનોનું ગુલાબની પાંખડીઓથી સરદારધામ અને આયોજકો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, આ સમિટ ૩ જાન્યુઆરીથી ૫ જાન્યુઆરી સુધી ચાલશે. તેમજ વડોદરામાં પણ સરદારધામ બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી.

આ પ્રસંગે સરદારધામના પ્રમુખ સેવક ગગજી સુતરિયાએ જાહેરાત કરી હતી કે, વર્ષ ૨૦૨૨માં સુરતમાં ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ સુરતમાં યોજાશે જ્યારે ૨૦૨૪ની ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ રાજકોટમાં યોજાશે. વડોદરામાં પણ સરદારધામ બનાવવામાં આવશે.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું કે, પાટીદારો ખેતીથી માંડી તમામ ક્ષેત્રોમાં છે. હંમેશા સમાજના દાતાઓ મદદરૂપ થાય છે. કેટલાક લોકો ગુજરાતમાં સરકારી નોકરી ન મળતી હોવાનો આક્ષેપ કરે છે. અમે તેનો જવાબ તો આપીએ જ છીએ. પાંચ વર્ષમાં દોઢ લાખથી વધુ સરકારી નોકરીઓ આપી છે. તેમજ સરદારધામ તરફથી માર્ગદર્શન મળ્યું હોય એવા ૩૦૦ ઉમેદવારને સરકારી નોકરી મળી છે. બધાને સરકારી નોકરી આપી છે, તેનો જવાબ સરકાર વતી સરદારધામે આપ્યો છે.

આ ઉપરાંત પાટીદાર સમાજ દ્વારા દીકરી સ્વાવલંબન યોજના પણ શરૂ કરવામાં આવી છે. સરદારધામ મિશન અંતર્ગત યુવા તેજસ્વી દિકરીના સશક્તિકરણના ભાગરૂપે સરદારધામ પ્રતિદિન માત્ર રૂ.૧ના ટોકન યોજના દ્વારા સમાજની તેજસ્વી દીકરીઓને રહેવા, જમવા, માર્ગદર્શન, તાલીમ અને પ્રોત્સાહન આપવાની વ્યવસ્થા કરી છે. જેના માટે હાલ એક દીકરી દીઠ અંદાજે પ્રતિ વર્ષ રૂ.૬૦ હજારનો ખર્ચ થાય છે. આ યોજના માટે પ્રતિદિન રૂ.૧નું દાન આપવાની અપીલ કરવામાં આવી છે.

સમિટના પ્રથમ દિવસે સરદાર આ પ્રસંગે ઉપમુખ્યમંત્રી નીતિન પટેલ અને પ્રતિમા માટે દાન આપનાર રણછોડભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતા. આ સિવાય કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા, મહેસુલ મંત્રી કૌશિક પટેલ અને ઉર્જા મંત્રી સૌરભ પટેલ સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા.

પક્ષીઓના પાંજરાઓના ફરતે કંતાન બાંધવામાં આવ્યા

કમાટીબાગમાં પ્રાણીઓને કોલ્ડવેવથી રક્ષણ આપવા તાપણા કરાયા

વડોદરા

છેલ્લા કેટલાક દિવસથી વડોદરા શહેરમાં વધી રહેલી ઠંડીને કારણે કમાટીબાગ પ્રાણી સંગ્રહાલયમાં પશુ-પક્ષીઓ ઠંડીની ચપેટમાં આવી ગયા છે. અને પશુ-પક્ષીઓને ઠંડીથી રક્ષણ આપવા માટે કમાટીબાગ તંત્ર દ્વારા અલાયદી વ્યવસ્થાઓ કરવામાં આવી છે, જેમાં પક્ષીઓના પાંજરાને ફરતે કંતાન લપેટવામાં આવ્યાં છે. જ્યારે વાઘ અને સિંહ સહિતના પ્રાણીઓના પાંજરામાં રાત્રીના સમયે તાપણા કરીને ગરમાવો આપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. વડોદરા શહેરમાં વર્તાઈ રહેલી ઠંડીનો સપાટો આજે વધુ અસરકારક બનતા લઘુત્તમ તાપમાન ઘટી ગયું છે. શહેરમાં ઠંડા પવનોનું જોર રહેતાં શહેરીજનો ગરમ વસ્ત્રો પરિધાન કરીને ફરતા નજરે પડ્યા હતા. ઘટી રહેલુ તાપમાને કમાટીબાગમાં પાંજરે પુરાયેલા પક્ષીઓ અને પ્રાણીઓ મુશ્કેલીમાં મૂકાઈ જાય છે. તેથી પક્ષીઓને ઠંડી સામે રક્ષણ આપવા માટે પગલાના ભાગરૂપે કંતાનો લપેટ્યાં છે અને વાઘ-સિંહ જેવા જંગલી પ્રાણીઓના પાંજરામાં રાત્રે તાપણા કરવામાં આવે છે.

બિલ્ડીંગના બીજા માળેથી કોન્ટ્રાક્ટરનું નીચે પટકાતા મોત

રાજકોટ

કોઠારીયા રોડ હુડકો ક્વાર્ટર બી-૯૪માં રહેતાં રાહુલ રમેશભાઈ ઉનડકટ (ઉ.વ.૨૯) અને તેના ભાઇ મેહુલભાઈ રમેશભાઈ ઉનડકટ બંને બાંધકામ કોન્ટ્રાક્ટર તરીકે કામ કરે છે. બંને ભાઈઓએ એકાદ મહિનાથી રૈયાનાકા ટાવરમાં દુકાનના રિનોવેશનનું કામ રાખ્યું હતું. ગઈકાલે સાંજે ૮ વાગે રાહુલ સાઈટ પર આંટો મારવા પહોંચ્યો હતો અને બીજા માળ પર હતો ત્યારે લિફ્ટના ગાળામાં ચેક કરવા માટે જતાં અકસ્માતે પગ લપસતાં નીચે પટકાતાં ગંભીર થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. પરંતુ સારવાર દરમિયાન તેનું મોત નીપજયું હતું. મૃત્યુ પામનાર રાહુલ બે ભાઈમાં નાનો હતો અને પરિણીત હતો. તેના પત્નીનું નામ સ્નેહાબેન છે.

રૂપાણીએ રાજકોટને આપી મોટી ભેટઃ ૨૩૦ કરોડના ખર્ચે ૫ ફલાય ઓવરબ્રિજ બનાવશે

રાજકોટ

નવા વર્ષે ગુજરાતમાં સીએમ વિજય રૂપાણી સરકારે રાજ્યમાં ૧૮૮૩ કરોડનાં વિકાસ કાર્યોને મંજૂરી આપી દીધી છે. સીએમ રૂપાણીએ રાજ્યની ૬ મહાનગર પાલિકા અને ૭ નગરપાલિકાઓ માટે રૂપિયા ૧૮૮૮ કરોડના વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપી દીધી છે. જે હેઠળ રાજકોટમાં પાંચ ફલાયઓવર બનાવીને શહેરમાં ટ્રાફિકની સમસ્યા આંશિક હળવી કરવામાં આવશે.

રાજકોટમાં ટ્રાફિક સમસ્યાને ધ્યાને લેતાં સીએમ વિજય રૂપાણીએ રાજકોટ મહાનગરમાં પાંચ ફલાય ઓવરબ્રિજના નિર્માણ માટે રૂ. ૨૩૦ કરોડના કામો મંજૂર કર્યા છે. આ કામો હેઠળ રાજકોટમાં ૧૫૦ ફૂટ રિંગ રોડ રામાપીર ચોકડી પર ઓવરબ્રિજ, નાના મવા ચોકડી પર ઓવરબ્રિજ અને કાલાવાડ રોડ જડુસ રેસ્ટોરન્ટ પાસે ઓવરબ્રિજ તેમજ ગ્રીન લેન્ડ ચોકડી પર ઓવરબ્રિજ અને ઉમિયાચોક પાસે ઓવરબ્રિજનું નિર્માણ થશે. આ પાંચ ફલાયઓવરને કારણે રાજકોટવાસીઓને ટ્રાફિકજામમાંથી મુક્તિ મળશે અને સાથે-સાથે ઈંધણની પણ બચત થશે.

આ ઉપરાંત સીએમ રૂપાણીએ ડીસામાં ફલાયઓવર માટે ૫૦ કરોડ તો પાલનપુરમાં ૧ ફલાયઓવર માટે ૨૮ કરોડનાં કામને પણ મંજૂરી આપી દીધી છે. તો બીજી બાજુ અમદાવાદમાં અમદાવાદ મહાપાલિકામાં ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ કામો માટે રૂ. ૫૯૯ કરોડ, સુરતમાં રૂ. ૪૭૯ કરોડ તેમજ વડોદરામાં રૂ. ૧૭૯ કરોડ અને રાજકોટમાં રૂ. ૧૪૪ કરોડ તથા જામનગર મહાપાલિકાને રૂ. ૬૫.૫૦ કરોડનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત રાજકોટ મહાનગરમાં આઉટગ્રોથ વિસ્તારના વિકાસ કામો માટે રૂ. ૨૫ કરોડના કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપવા સાથે ડાકોર નગરપાલિકાને આગવી ઓળખના કામો અંતર્ગત ટાઉન હોલ માટે રૂ. ૩ કરોડ તથા ખાનગી સોસાયટી જનભાગીદારી હેઠળ પેવર બ્લોક, સી.સી.રોડ માટે સિધ્ધપૂર નગરપાલિકાને રૂ. ૭૫ લાખ, કડી નગરપાલિકાને રૂ. ૨૧ લાખ અને ગોધરા નગરપાલિકાને રૂ. ૪૮ લાખ મળી કુલ રૂ. ૧.૪૪ કરોડ ફાળવવાની મંજૂરી આપી છે.

પ્રા.શાળામાં દીપડો ઘુસતા બાળકો અને શિક્ષકોમાં ફફડાટ, શ્વાનને ફાડી ખાધો

ગીરગઢડા

ગીરગઢડાના આથમણા પડા ગામે પ્રાથમિક શાળાના એક ઓરડામાં દીપડો ઘૂસી આવ્યો હતો. ઓરડામાં દીપડાના ધામાથી શિક્ષકો અને નાના ભૂલકાઓમાં ભયનો માહલો જોવા મળી રહ્યો છે. આ અંગે વન વિભાગને ગ્રામજનોએ અનેકવાર રજૂઆત કરી છે છતાં જર્જરીત ઓરડાને પાડવામાં આવતો નથી. વહેલી સવારે સ્કૂલના પટાંગણમાં શ્વાનને દીપડાએ ફાડી ખાધો હતો. શ્વાનને બચાવવા ગ્રામજનોએ ઘણા પ્રયાસો કર્યા પરંતુ દીપડાને શ્વાનનો શિકાર કરવામાં સફળતા મળી હતી. ઉનાના રામનગર ખારા વિસ્તારમાં દીપડાનો આતંક યથાવત છે. શ્વાનનું મારણ કરી ખેતરમાં મિજબાની માણી હતી.

તમે ભારતના વડાપ્રધાન છો કે પાકિસ્તાનના રાજદૂત?

ભારતનાં વડાપ્રધાન હંમેશા પાકિસ્તાનની જ કેમ વાતો કરે છે? : મમતા બેનર્જી

કોલકાત્તા

નાગરિકતા સંશોધન કાનૂન અને એનઆરસી પર વકરેલા વિવાદની વચ્ચે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ટોણો માર્યો છે. સિલીગુરીમા એક રેલીને સંબોધતા મમતા બેનર્જીએ પીએમ મોદીને પ્રશ્ન પૂછતા કહ્યુ હતુ કે, તમે ભારતના વડાપ્રધાન છો કે પાકિસ્તાનના એમ્બેસેડર?

ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બે દિવસના કર્ણાટકના પ્રવાસ દરમિયાન ગુરૂવારે વિપક્ષને આડે હાથ લીધા હતા. તેમણે કહ્યુ કે, જે લોકો સંસદની બહાર સીએએનો વિરોધ કરે છે, તેઓએ પાકિસ્તાનમા હિંદુઓ પર થઈ રહેલા અત્યાચાર સામે પણ વિરોધ કરવો જોઈએ.

મમતા બેનર્જીએ રેલીમાં કહ્યુ કે, ભારત એક વિશાળ દેશ છે. જેની સંસ્કૃતિ અને વારસો સમૃદ્ધ છે, શા માટે તમે અમારા દેશની તુલના પાકિસ્તાન સાથે કરો છો? તમે દેશની દરેક બાબતે પાકિસ્તાનના ગુણગાન કેમ ગાઓ છો? શરમની વાત છે કે, આઝાદીના ૭૦ વર્ષ પછી પણ દેશના નાગરિકોને પોતાની નાગરિકતા સાબિત કરવી પડે છે. મમતા બેનર્જીએ હુંકાર કર્યો કે, હું નાગરિકતા સંશોધન કાનૂન અને એનઆરસીના વિરોધમા લડત ચલાવી રહી છું. મારી સાથે આવો. હું તમામ લોકોને વિનંતી કરૂ છુ લોકતંત્રને બચાવવા માટે આગળ આવો.

શ્રીલંકામાં એરફોર્સનું વિમાન પર્વત સાથે ટકરાતા ક્રેશઃ ચારના મોત

કોલંબો

શ્રીલંકામાં એરફોર્સનું એક વિમાન પર્વત સાથે ટકરાતા ક્રેશ થયું હતું જેને પગલે ચાર એરમેનના મોત થયા છે. શ્રીલંકન મિલિટરીએ આપેલી માહિતી મુજબ ચાઈનિઝ બનાવટનું એરફોર્સનું વાય-૧૨ એરક્રાફ્ટે પૂર્વ તટ તરફ જવા ઉડાન ભરી હતી અને હાપુતલે પર્વતમાળામાં તે ટકરાતા ક્રેશ થઈ ગયું હતું. સવારે ૯.૧૫ કલાકે બનેલી ઘટનામાં ચાર એરમેનના મોત થયા હોવાનું જણાયું છે.

પ્લેન જે વિસ્તારમાં તૂટ્યું છે તે કોલંબોથી ૨૦૦ કિલોમીટરના અંતરે છે. આ દુર્ઘટનામાં પ્લેનમાં સવાર લશ્કરના ચારેય અધિકારીઓના મોત થયા હોવાનું એરફોર્સના એક અધિકારીએ જણાવ્યું હતું. પ્લેન જ્યાં દુર્ઘટનાગ્રસ્ત થયું છે ત્યાં સંખ્યાબંધ ટીમોને મોકલવામાં આવી છે. એરક્રાફ્ટે લશ્કરી કામકાજ માટે વીરાવાલિયા સ્થિત સૈન્યના દક્ષિણ એરપોર્ટ પરથી ઉડાન ભરી હતી.

થેય્યમ-કલામંડલમની પારંપરિક કળાનો પ્રસ્તાવ સંરક્ષણ મંત્રાલયે ફગાવ્યો

પ.બંગાળ,મહારાષ્ટ્ર બાદ હવે કેરળના ટેબ્લો પણ ગણતંત્ર દિવસે જોવા નહિ મળે

તિરુવનંતપુરમ્

પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર પછી હવે કેરળનો ટેબ્લો પણ ગણતંત્ર દિવસની પરેડમાં જોવા નહીં મળે. કેરળે પોતાના ટેબ્લોમાં થેય્યમ અને કલામંડલમની પારંપરિક કળાનો પ્રસ્તાવ રાખ્યો હતો. જેને સંરક્ષણ મંત્રાલયની સિલેકશન કમિટીએ ફગાવી દીધો છે. આ પહેલાં પશ્ચિમ બંગાળ અને મહારાષ્ટ્રની ઝાંખીને ગણતંત્ર દિવસની પરેડમાં સામેલ કરવાની મંજૂરી આપી ન હતી.

ત્યારે આ મામલે શિવસેનાના સાંસદ સંજય રાઉતે કહ્યું હતું કે મહારાષ્ટ્રની ઝાંખી હંમેશા દેશનું આકર્ષણ રહ્યું છે. તેઓએ કહ્યું કે જો આ પ્રકારની કાર્યવાહી કોંગ્રેસના શાસનમાં થઈ હોત તો મહારાષ્ટ્ર ભાજપ કોંગ્રેસ પર પ્રહારો કર્યા હોત. ગણતંત્ર દિવસની પરેડમાં રાજપથ પરથી અનેક ટેબ્લો નીકળે છે જેમાં રાજ્ય, કેન્દ્ર શાસિત પ્રદેશ અને કેન્દ્રીય મંત્રાલયની ઝાંખી હોય છે.

આ વર્ષે થનારા પરેડમાં કુલ ૨૨ ઝાંખીઓ રજૂ થશે જેમાંથી ૧૬ રાજ્યો-કેન્દ્ર શાસિત પ્રદેશની જ્યારે ૬ ઝાંખી અલગ અલગ મંત્રાલયની હશે. સંરક્ષણ મંત્રાલય પાસે પરેડ માટે કુલ ૫૬ ઝાંખીઓના પ્રપોઝલ આવ્યા હતા.

સાવરકર પર જે લોકો વાહિયાત વાત કરે છે તેમનું મગજ ગંદકીથી ભરેલું છે

મુંબઈ

કોંગ્રેસ સેવાદળ દ્વારા વિનાયક સાવરકર પર ટિપ્પણી કરતી છપાયેલી પુસ્તક પર વિવાદ વકર્યો છે. ભાજપ, વિનાયક સાવરકરના પ્રપૌત્રે તેના પર પ્રશ્ન કર્યા અને નિશાન સાંધ્યું. હવે શિવસેના સાંસદ સંજય રાઉતે કહ્યું કે વીર સાવરકર એક મહાન વ્યક્તિ હતા અને એક મહાન વ્યક્તિ બની રહેશે. એક વર્ગ તેમની વિરૂદ્ધ વાત કરતું રહે છે, આ તેમના મગજમાં ગંદકી દેખાડે છે.

વિનાયક સાવરકર પર ટિપ્પણી કરનારાઓ પર સંજય રાઉતે પ્રહાર કરતાં કહ્યું કે જે લોકો સાવરકર જી અંગે આવું બોલી રહ્યા છે તેમના મગજની તપાસ કરાવી જોઈએ. પછી તે મહારાષ્ટ્ર હોય કે દેશનો કોઈ હિસ્સો દરેક લોકો સાવરકરજી પર ગર્વ કરે છે. જે લોકો આ પ્રકારની વાતો કરે છે તેમનું મગજ ગંદકીથી ભરેલું છે.

સંજય રાઉત બોલ્યા કે શિવસેનાનું સ્ટેન્ડ સંપૂર્ણપણે સ્પષ્ટ છે કે વીર સાવરકર મહાન હતા, છે અને રહેશે. તેમણે કહ્યું કે જે પણ પુસ્તક છપાયું છે તે મધ્યપ્રદેશની ગંદકી છે, આ કયારેય મહારાષ્ટ્રમાં આવશે નહીં. આ ગેર-કાનૂની છે, અમને કોઈ સાવરકર અંગે ના શીખવાડે તો સારું છે.

આપને જણાવી દઈએ કે મધ્યપ્રદેશના ભોપાલમાં કોંગ્રેસ સેવાદળે વિનાયક સાવરકરને લઈ એક પુસ્તક છાપ્યું છે, જેમાં કેટલીય એવી ટિપ્પણીઓ કરાઈ છે જેના પર હોબાળો થઈ ગયો છે. આ પુસ્તકમાં દાવો કરાયો છે કે વિનાયક સાવરકર અને નાથુરામ ગોડસેમાં સમલૈંગિક સંબંધ હતા. ત્યારથી તેના પર વિવાદ થઈ રહ્યો છે.

ઓસ્ટ્રેલિયામાં આગ બુઝાવતા ફાયરકર્મીનું મોતઃ ૧૯ મહિનાના દિકરાને વીરતા પુરસ્કાર અપાયો

સિડની

ઓસ્ટ્રેલિયાના જંગલોમાં લાગેલી આગ બુઝાવતી વખતે ગત સપ્તાહે ફાયરકર્મી જ્યોફ્રી કીટનનું મોત થઈ ગયું હતું. આ બહાદુરી માટે ગુરુવારે ફાયરકર્મીના અંતિમ સંસ્કાર બાદ તેમના ૧૯ મહિનાના દીકરા હાર્વી કીટનને સર્વોચ્ચ સેવા મેડલથી સન્માનિત કર્યા હતા. આ દરમિયાન હાર્વી રૂરલ ફાયર સર્વિસના ડ્રેસમાં હતો.

ન્યૂ સાઉત વેલ્સ રોયલ ફાયર સર્વિસ કમિશનર કેગ ફિજસિમોન્સે હાર્વેની શર્ટ પર મેડલ લગાડવામાં આવ્યો હતો. અંતિમ સંસ્કારમાં હાજર ફાયર ફાઈટર્સે જ્યોફ્રીને સલામી આપી હતી અને તેમના પાર્થિવ શરીરની સિડનીના કબ્રસ્તાનમાં દફન વિધી કરવામાં આવી હતી.

હાર્વીના પિતા જેફ્રી કીટન(૩૨) એ ત્રમ ફાયર ફાઈટરમાં સામેલ હતા, જેમનું તાજેતરમાં જ મોત નિપજ્યું હતું. કીટન અને તેમના સહયોગીની ગત મહિને ગાડી પર ઝાડ પડવાના કારણે મોત થયું હતું. સાથે જ ત્રીજા ફાયર ફાઈટરનું મોત આ સપ્તાહે આગમાં સપડાવાના કારણે થયું છે.

જ્યોફ્રીના અંતિમ સંસ્કારમાં ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન સ્કોટ મોરિસન પણ સામેલ થયા હતા. ઓસ્ટ્રેલિયામાં લાગેલ આગ પર યોગ્ય કાર્યવાહી ન કરવા અંગે મોરિસનની ટિકા કરાઈ હતી. તેઓ તેમના પરિવાર સાથે રજાઓ ગાળવા માટે હવાઈ ગયા હતા. સામાજિક કાર્યકર્તાઓ અને ફાયર ફાઈટર્સના વધતા દબાણ બાદ તેઓ પાછા આવી ગયા હતા. સિડનીમાં આગના કારણે તાપમાન ૪૫ સેલ્સિયસ સુધી વધી ગયું હતું.

રાંચી કોર્ટમાં વડાપ્રધાન મોદી-ગૃહમંત્રી શાહ વિરુદ્ધ ફરિયાદ દાખલ

રાંચી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહ વિરૂધ રાંચીની કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ ફરિયાદ ખોટા વાયદાને લઈને દાખલ કરવામા આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહ વિરૂધ રાંચીના સિવિલ કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. હાઈકોર્ટના વકીલે આ અંગેની ફરિયાદ નોંધાવી છે. ન્યાયિક મેજિસ્ટ્રેટ એકે ગુડિયાની કોર્ટમાં આ કેસ નોંધવામાં આવ્યો છે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીના પ્રચારમાં વિદેશમાંથી કાળુ નાણું પાછું લાવીને ગરીબોના ખાતામાં ૧૫-૧૫ લાખ આપવાના ખોટા વાયદાને લઈને ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

રાજસ્થાનમાં બસપાનો મોટો ઝટકોઃ ૬ ધારાસભ્યો સત્તાવાર રીતે કોંગ્રેસમાં જોડાયા

જયપુર

બહુજન સમાજ પાર્ટી રાજસ્થાનનાં ૬ ધારાસભ્યોએ આજે સત્તાવાર રીતે કોંગ્રેસનું સભ્યપદ લીધું છે. આ તમામ ધારાસભ્યો ગયા વર્ષે સપ્ટેમ્બરમાં કોંગ્રેસમાં જોડાયા હતા, ત્યારબાદ આ તમામ ધારાસભ્યો કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીને મળ્યા હતા અને સત્તાવાર રીતે કોંગ્રેસ પાર્ટીનું સભ્યપદ લીધું હતું. જણાવી દઈએ કે આ તમામ ધારાસભ્યોએ કોંગ્રેસની સરકારને બહારથી ટેકો આપ્યો હતો, પરંતુ બાદમાં આ લોકો કોંગ્રેસમાં જોડાયા હતા. જે ધારાસભ્યો આજે સત્તાવાર રીતે કોંગ્રેસમાં સામેલ થયા છે તે છે રાજેન્દ્ર ગુઢા જે ઉદેયપુરવાટીનાં ધારાસભ્ય છે, જોગેન્દ્રસિંહ અવાના જે નદબઈનાં ધારાસભ્ય છે, વજીબ અલી જે નગરનાં ધારાસભ્ય છે, લાખનસિંહ મીણા જેઓ કરોલીનાં ધારાસભ્ય છે, સંદીપ યાદવ છે જે તિજારાનાં ધારાસભ્ય છે, કિશનગઢબાસથી દીપચંદ ખેરિયા છે. નોંધપાત્ર વાત એ છે કે, રાજસ્થાન વિધાનસભા ચૂંટણી ૨૦૧૮ માં કોંગ્રેસને કુલ ૯૯ બેઠકો મળી હતી. ભાજપને ૭૩ બેઠકો મળી હતી. કોંગ્રેસ એકમાત્ર મોટી પાર્ટી તરીકે ઉભરી હતી, પરંતુ બહુમતીથી એક બેઠક ઓછી રહી ગઈ હતી. કોંગ્રેસે ત્યારબાદ બસપા અને અપક્ષ ધારાસભ્યોની મદદથી સરકાર બનાવી લીધી હતી. બહુજન સમાજ પાર્ટીનાં છ ધારાસભ્યો કોંગ્રેસમાં સામેલ થયા બાદ ગેહલોત સરકાર પોતાના દમ પર સંપૂર્ણ બહુમતીવાળી સરકાર બની.

ચીની સિનિયર સિટિઝનો મોટી ઉંમરે ફરી જીવનસાથી શોધે છે

બીજિંગ

ચીનમાં એક નવો યુગ શરૂ થયો હોવાનું ચીની મિડિયા જણાવે છે. ૬૦ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા એકલવાયા લોકો મોટી વયે પણ સાથીદાર શોધતા થયા હોવાનું ચીની મિડિયાએ જણાવ્યું હતું. ટેલિવિઝન પર પ્રસારિત થતા ડેટિંગ શોથી માંડીને ઓનલાઇન ચેટ રૂમમાં આવી તલાશ વ્યાપક બની રહી હતી એવું આ અહેવાલમાં જણાવાયું હતું. ૬૦થી ૭૦ વર્ષના એકલવાયા લોકો હવે નવેસર પરણવા કે છૂટાછેડા આપવા તરફ વળ્યા હતા. છેલ્લા ત્રણ દાયકાના આર્થિક વિકાસ અને સામાજિક પરિવર્તનોએ ઘણા ફેરફાર જનજીવનમાં સર્જ્યા હતા. આમ થવાનું એક કારણ એચઆઇવીના ચેપનો ભય પણ જવાબદાર હોવાનું કહેવાય છે.

અમેરિકાની ઇરાન પર પહેલા પાનાથી ચાલુ

દૂતાવાસની સામે દેખાવો અને પથ્થરમારો કરવા બદલ તેનું પરિણામ ભોગવવાની ધમકી આપી હતી.

તેના પગલે ઈરાકના બગદાદ એરપોર્ટ પર ગુરુવારે મોડી રાત્રે અમેરિકાએ રોકેટ હુમલો કર્યો હતો. જેમાં ઈરાનના ઈલીટ કુદ્સ સેનાના પ્રમુખ જનરલ કસિમ સુલેમાની અને ઈરાકના ઈરાન સમર્થિત ઉગ્રવાદીઓએ અમેરિકી દૂતાવાસ પર હુમલો કર્યો હતો અને અમેરિકાએ એના જવાબમાં સુલેમાની તથા અન્ય ઉગ્રવાદીને ટાર્ગેટ બનાવીને ખતમ કરી નાખ્યા છે. આ જાણકારી હાશીદ સંગઠને એક નિવેદન દ્વારા આપી છે. ઈરાનના ખાસ લશ્કરના વડા કાસિમ સુલેમાનીની હત્યા બદલ રાષ્ટ્રમાં ત્રણ દિવસનો રાષ્ટ્રીય શોક પાળવાની જાહેરાત ઈરાનના ટોચના નેતા અયાતોલ્લાહ ખૈમેનીએ જાહેર કર્યો હતો.

સુરક્ષા દળોએ કહ્યું કે ગુરુવારે મધરાત બાદ બગદાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર અનેક મિસાઈલોનો મારો કરવામાં આવ્યો હતો. અમેરિકી રોકેટ્સે હાશીદના એક કાફલાને ટાર્ગેટ બનાવ્યો હતો. એ હુમલામાં અમુક મહત્ત્વના વ્યક્તિઓ સહિત આઠ લોકોના મોત થયા છે. કાસીમ સુલેમાની કુદ્સ ફોર્સ સંગઠનના વડા પણ હતા. હાશીદ ઉગ્રવાદી સંગઠનને ઈરાનનું લશ્કર સહાયતા કરે છે.

આ બંને જણ બગદાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ રોડ પર એમની કારને ટાર્ગેટ બનાવીને અમેરિકાએ કરેલા હવાઈ હુમલામાં માર્યા ગયા છે. ઉલ્લેખનીય છે કે બગદાદમાં નવા વર્ષની પૂર્વસંધ્યાએ, ૩૧ ડિસેંબરે ઈરાન સમર્થિત ઉગ્રવાદીઓએ અમેરિકી દૂતાવાસ પર હુમલો કર્યો હતો અને અમેરિકાએ એના જવાબમાં સુલેમાની તથા અન્ય ઉગ્રવાદીને ટાર્ગેટ બનાવીને ખતમ કરી નાખ્યા છે. આ જાણકારી હાશીદ આઠ જણ માર્યા ગયા છે. હાશીદ સંગઠનને પોપ્યૂલર મોબીલાઈઝેશન ફોર્સીસ તરીકે પણ ઓળખવામાં આવે છે. સુલેમાની અને મુહાન્ડીસના મોતને કારણે મધ્યપૂર્વ વિસ્તારમાં મોટા પાયે અશાંતિ ઊભી થવાની સંભાવના સર્જાઈ છે. ઈરાન તથા એના લશ્કરી દળો આનો બદલો ઈઝરાયલ અને અમેરિકી મથકો પર હુમલો કરીને લે એવી સંભાવના છે. બગદાદ એરપોર્ટ પર કરાયેલા હુમલા માટે પીએમએફ સંગઠને અમેરિકાને જવાબદાર ગણાવ્યું છે. આ હુમલા બાદ અમેરિકા તથા ઈરાનની સરકારો તરફથી કોઈ તત્કાળ કમેન્ટ બહાર પાડવામાં આવી નથી.

કાસિમ સુલેમાનીને ઠાર કર્યાની પુષ્ટિ તેમના હાથની વીંટી પરથી પણ થઈ છે. તેઓ હંમેશા પોતાની એક વીંટીમાં લાલ રંગના નંગવાળી વીંટી પહેરતા હતા. ઈરાકી પત્રકાર સ્ટીવ નાબિલે એક ટ્વીટ કરીને સુલેમાનીની એક જૂની તસવીર અને મોત બાદનો ફોટો શેર કર્યો છે. બંને તસવીરોમાં તેમની વીંટીમાં લાલ રંગની વીંટી દેખાય છે.

ઈરાકની રાજધાની બગદાદ સ્થિત અમેરિકાની એમ્બેસીએ ૧લી જાન્યુઆરીએ પોતાના તમામ સાર્વજનિક કોન્સ્યુલર સંચાલનને આગામી આદેશ સુધી ફરજમુક્ત કરવાની જાહેરાત કરી હતી અને એમ્બેસી બંધ કરી દીધી હતી. આ નિર્ણય અમેરિકાની એમ્બેસી પર ઈરાન સમર્થક પ્રદર્શનકારીઓ દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ લેવાયો હતો.

વ્હાઈટ હાઉસે એક નિવેદન રજૂ કરતાં કહ્યું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પના આદેશ બાદ અમેરિકન સેનાએ વિદેશોમાં હાજર પોતાના જવાનોની સુરક્ષા માટે નિર્ણાયક કાર્યવાહી કરતા કાસિમ સુલેમાનીને મારી નાંખ્યો. સુલેમાની રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પના 'કુર્દસ ફોર્સ'ના ચીફ હતા. અમેરિકા આ બળને આતંકી સંગઠન જાહેર કરી ચૂકયું છે. અમેરિકાએ કહ્યું કે જનરલ સુલેમાની ઈરાક સતત અમેરિકન ડિપ્લોમેટસ અને જવાનો પર હુમલાની યોજના બનાવી રહ્યો હતો.

દેશના વૈજ્ઞાનિકો પહેલા પાનાથી ચાલુ

બજારમાં લેવડદેવડ કરી શકેછે. આજે ખેડૂતોને ખેતી, હવામાન સંલગ્ન તમામ માહિતી મળી રહે છે. ગ્રામીણ ક્ષેત્રમાં ટેક્નોલોજી અને વધુ મજબૂત બનાવવા પ્રયાસ ચાલુ છે. જલ જીવન મિશન અંતર્ગત તમામ ઘરમાં નળથી જળ પહોંચાડવાનું કામ ચાલુ છે. સસ્તી ટેક્નોલોજીની મદદથી પાણીને રિ-સાઈકલ કરવાનું દાયિત્વ તમારું છે.'

મોદીએ પ્રદૂષણના મુદ્દે કહ્યું કે, ખેતરોમાં પાક લીધા બાદ સળગાવાતો કરચો અને ઘરોમાંથી નિકળતો કચરો પણ પ્રદૂષણ વધારા માટે જવાબદાર છે. આને વેલ્થમાં તબદીલ કરવા માટે આપણે મહેનત કરવી પડશે. ૨૦૨૦ સુધીમાં ફૂડ તેલની આયાત ઘટાડવાનું લક્ષ્ય છે, તેના તમામ વિકલ્પો આપણે વિચારવા પડશે. દેશના લોકોનું નાનું-નાનું યોગદાન જ ભારતને પાંચ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનાવી શકશે. મોદીએ પ્લાસ્ટિકના વિકલ્પ વિશે પણ વિચારવા પર ભાર આપ્યો હતો.પીએમે જણાવ્યું કે ૨૦૨૫ સુધીમાં ભારત ઉર્જા અને બાયોફ્યુઅલનો સૌથી મોટો સપ્લાયર બનશે. ભારતના વિકાસનો એક લાંબો રોડમેપ તૈયાર કરાયો છે. ટેક્નોલોજી ઝડપી અને સામાન્ય વિકાસ વચ્ચે સમાનતા જાળવી રાખે છે.

નાગરિકતા વિવાદ પહેલા પાનાથી ચાલુ

ભાજપના સૂત્રોએ જણાવ્યું હતું કે, આ વડાપ્રધાનના ભવ્ય સન્માનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે, કેમ કે મોદી ૧૧ જાન્યુઆરીએ કલકત્તા બંદર ટ્રસ્ટની ૧૫૦ વર્ષીય ઉજવણીમાં ભાગ લેવા માટે શહેરની મુલાકાતે આવી રહ્યાં છે ત્યારે આગામી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને પણ ભાજપના પ્રચાર પ્રસાર માટે વડાપ્રધાનનું ભવ્ય સન્માન જરૂરી છે.

પાર્ટીના એક કાર્યકર્તાએ જણાવ્યું હતું કે, પીએમઓને જાણ કરવામાં આવી છે કે બંગાળ ભાજપ તેમની મુલાકાતના જ દિવસે કોલકત્તામાં સીએએ પસાર થવા બદલ મોદીજીને ભવ્ય સન્માન આપવા તૈયાર છે. ભાજપના એક આંતરિક સૂત્રોએ જણાવ્યું હતું કે, મોદીની કલકત્તા મુલાકાત અંગે વડા પ્રધાન કાર્યાલય (પીએમઓ) તરફથી માહિતી આવ્યા પછી તરત જ પાર્ટીના રાજ્ય નેતૃત્વ દ્વારા સન્માન સમારોહ માટે સ્થળને અંતિમ રૂપ આપવાનું શરૂ કરવામાં આવ્યું છે. સૂત્રોએ કહ્યું કે કોલકાતામાં પીએમની આ સંભવિત મુલાકાતને પગલે ટીએમસી અને ભાજપ વચ્ચે રાજકિય ટકરાવની શક્યતા પણ જોવામાં આવી રહી છે.

ઓસ્ટ્રેલિયામાં જંગલો પહેલા પાનાથી ચાલુ

બચાવવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં આશરે ૩ હજાર પર્યટકો અને ૧ હજાર સ્થાનિક લોકો ફસાયેલા હોવાની શક્યતા છે.

આ આગ ઓસ્ટ્રેલિયાના વિક્ટોરિયા અને ન્યુ સાઉથ વેલ્સ રાજયના તટીય વિસ્તારમાં સૌથી વધારે ફેલાયેલી છે. સિડની, માલ્લાકૂટા, વોલેમી નેશનલ પાર્ક, પોર્ટ મેક્યુરી, ન્યુકોસ્ટલ અને બ્લૂમાઉન્ટેન્સ વિસ્તારના જંગલોમાં સૌથી વધારે અસર થઈ છે.

મોરિસનના અનેક વિડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. તેમા મોરિસન પીડિતો સાથે હાથ મિલાવતા દેખાય છે. એક યુવતીએ કહ્યું-અહીં લોકો ખૂબ જ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. અમને વધારે સહાયતાની જરૂર છે.બીજીબાજુ પ્રધાનમંત્રીએ કહ્યું છે કે લોકોએ તેમના ઘર ગુમાવી દીધા છે, તેઓ ઘણા દુખી છે. આ આ સ્થિતિની પ્રતિક્રિયા છે.

પેટ્રોલ ડિઝલ પહેલા પાનાથી ચાલુ

આઠ પૈસાનો વધારો થયો છે. આ પછી આ રાજ્યોમાં પેટ્રોલની કિંમત ક્રમશ ૭૫.૩૫, ૭૭.૯૪, ૮૦.૯૪ અને ૭૮.૨૮ પ્રતિ લિટર થઈ ગઈ છે. ડીઝલની વાત કરીએ તો દિલ્હીમાં એક લિટર ડીઝલની કિંમત ૧૪ પૈસા, કોલકાતામાં ૧૨ પૈસા, મુંબઈમાં ૧૩ પૈસા વધી છે. તો ચેન્નાઈમાં ડીઝલની કિંમતમાં ૧૪ પૈસાનો વધારો થયો છે, જે પછી તેની કિંમત અનુક્રમે ૬૮.૨૫, ૭૦.૬૧, ૭૧.૫૬ અને ૭૨.૧૨ પર પહોંચી ગઈ છે.

સોના અને ચાંદીના ભાવમાં વધારો

યુએસ માર્કેટમાં સોનાના ભાવ ચાર મહિનાની ટોચે પહોંચ્યા. ભારતીય બજારમાં સવારે ૧૧.૦૬ વાગ્યે ૩ ફેબ્રુઆરીએ સોનાનો ભાવ ૧.૫૨ ટકા વધીને રૂ. ૩૯,૮૭૫ પર પ્રતિ ૧૦ ગ્રામ થઈ ગયો છે, જ્યારે ૫ માર્ચ માટે ચાંદીનો ભાવ પ્રતિ કિગ્રા ૪૭,૭૮૧ રૂપિયા પર પહોંચી ગયો છે. ભાવમાં ૧.૬૧ ટકાનો ઉછાળો આવ્યો છે.

રાહુલ બાબા પહેલા પાનાથી ચાલુ

કોઈનાથી પણ ડરતા નથી.અમિત શાહે ચાબખા મારવાનું યથાવત રાખતા કહ્યું હતું કે, સમગ્ર વિપક્ષ એક થઈ જશે તો પણ બીજેપી સીએએ મામલે એક ઈંચ પણ પાછી નહીં ખસે. જેટલો ભ્રમ ફેલાવો હોય એ ફેલાવી દો પરંતુ અમે કાયદામાં પીછેહટ નહીં જ કરીએ. જનસભામાં અમિત શાહે લોકોને એક નંબર આપ્યો હતો અને કહ્યું છે કે, તમે આ નંબર પર મિસકોલ કરીને સીએએમાં સમર્થન નોંધાવી શકો છો. ૮૮૬૬૨૮૮૬૬૨ નંબર પર અમિત શાહે મિસકોલ મારવાનું લોકોને આહ્વાન કર્યું હતું.

સીએએ વિરુદ્ધ પહેલા પાનાથી ચાલુ

નાગરિકતા આપે છે. શાહે વધુમાં કહ્યું કે, હું દૃઢતાથી કહું છું કે આ શરણાર્થી ભાઈ, જે ભારત આવ્યા છે, આપણા છે અને ભારતમાં સન્માનિત સ્થાન પ્રદાન કરવું ભારત સરકારની જવાબદારી છે. ગૃહ મંત્રીએ કહ્યું કે વસ્તીગણતરી ૨૦૨૧ અને એનઆરસી કે એનપીઆર સાથે કોઈ લેવા-દેવા નથી.

તેઓએ કહ્યું કે, વસ્તીગણતરી અને એનપીઆર દેશમાં દર દસ વર્ષે થાય છે અને આ વખતે પણ તે દસ વર્ષ બાદ થઈ રહ્યું છે. કૉંગ્રેસે આ વારંવાર કર્યું અને આજે તેઓ તેનો વિરોધ કરી રહ્યા છે. બિહાર વિધાનસભા ચૂંટણીના સંબંધમાં એક સવાલના જવાબમાં શાહે કહ્યું કે, બિહારમાં અમે નીતીશ કુમારના નેતૃત્વમાં ચૂંટણી લડીશું, તેમાં કોઈ ભ્રમ નથી.



ઠંડા પ્રદેશમાંથી શિયાળાની ઋતુ ગાળવા સુરત આવેલા પાયાવર પક્ષીઓ મોટી સંખ્યામાં નહેરુ બ્રિજ પર ધામા નાખી દીધા છે.

અમદાવાદમાં ડોકટર પરિવારો માટે રવિવારે ચમત્કારથી ચેતો કાર્યક્રમ

વિજ્ઞાન જાથાના ઉપક્રમે અંધશ્રદ્ધા નિર્મુલન કાર્યક્રમ

અમદાવાદ

સી.એમ.એ. નું વાર્ષિક ફંકશનમાં ડોકટર પરિવારોમાં અનેકવિધ કાર્યક્રમોમાં અંધશ્રદ્ધા નિવારણનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ રવિવાર તા. ૫ મી જાન્યુઆરી સાંજે સાડા છ કલાકે અમદાવાદ વૈષ્ણવદેવી સર્કલ પાસે પાર્થ પાર્ટી પ્લોટમાં અદ્દભૂત આયોજન કરવામાં આવ્યું છે જેમાં જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા વહેમ, અંધશ્રદ્ધા, ચમત્કારો ઉપર ધારદાર વકતવ્ય આપી વૈજ્ઞાનિક સમજ આપશે.

વૈજ્ઞાનિક પદ્ધતિ ઉદ્ઘાટનમાં સી.એમ.એ. ના પ્રમુખ ડૉ. અમિતાબેન પટેલ, ઉપપ્રમુખ ડૉ. હિતેષ પંચાલ, સેક્રેટરી ડૉ. કિન્નર પટેલ, સહમંત્રી ડૉ. જયેશ પટેલ, ખજાનચી ડૉ. ભાવેશ શાહ, ડૉ. સુરેન્દ્રસિંહ ચાવડા, કારોબારીના ડૉ. જ્વલંત મોદી, ડૉ. સંદિપ પટેલ, સલાહકાર ડૉ. રાજેન્દ્રભાઈ પટેલ, ડૉ. ધીમંતભાઈ શાહ, ડૉ. કે. પી. રામાનુજ, ડૉ. અલ્પેશ ગેડીયા, ડૉ. દિનેશ મોઢા, ડૉ. મહેશ પંચાલ, ડૉ. અજય પ્રજાપતિ હાજરી આપશે.

ચમત્કારિક પ્રયોગોમાં એકના ડબલ, હાથમાંથી કંકુ-ભસ્મ, લોહી નીકળવું, રૂપિયાનો વરસાદ, જીભની આરપાર ત્રિશુલ નાખવું, કાનેથી ચિઠ્ઠી વાંચવી, ઉકળતા તેલમાંથી હાથેથી પૂરી તળવી, અગ્નિનું આપોઆપ સળગવું, હઝરતમાં જોવું, બેડી તૂટવી, નજરબંધી, બોલતું તારિજ, શરીર ઉપર સળગતા કાકડા ફેરવવા, મોંમા અંગારા મુકવા, હાથ-માથા ઉપર દીવા રાખવા, હવામાં શરીરનું સ્થિર રહેવું, પાણીનું સળગવું, રૂપિયાની નોટ, રૂમાલ સળગાવી સજીવન કરવો, કાગળ ઉપર લખેલું વાંચી દેવું, કર્ણપિશાચ વિદ્યા, સંમોહન, માથા ઉપર સગડી રાખવી, ભુવાની ધુણવાની ધતિંગલીલા, સવારીની ડિંડકલીલા, લીબુ સતત દોડતું રહેવું, વિગેરેનું નિદર્શન કરી સ્થળ ઉપર શીખડાવી દેવામાં આવશે.

જાથામાં આર્ટીસ્ટ તરીકે કામ કરતા ઉમેશ રાવ, વિનુભાઈ ઉપાધ્યાય, અંકલેશ ગોહિલ, રોમિત રાજદેવ, નિર્ભય જોશી, અમદાવાદના સ્થાનિક કાર્યકરો અશ્વિનભાઈ લુહાર, નરેશભાઈ, પિયુષભાઈ, અરૂણભાઈ પ્રયોગમાં ભાગ લેવાના છે.

ચાંદલોડિયા ડોકટર એસોસીએશનના પ્રમુખ, સી.એમ.એ. ના સેક્રેટરી ડૉ. કિન્નર પટેલ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને દેખરેખ રાખવાના છે.

રાજયમાં પોતાના ગામ, શાળા, છાત્રાલય, કોલેજ અને વાર્ષિક કાર્યક્રમોમાં જાથાનો જનજાગૃતિ કાર્યક્રમ યોજવા ઈચ્છુકોએ નિયમની જાણકારી મેળવી મો. ૯૮૨૫૨ ૧૬૮૯ ઉપર સંપર્ક સાધવા કાર્યાલય મંત્રી અંકલેશ ગોહિલની યાદીમાં જણાવાયું છે.

સેન્ટ્રલ ઝોન દ્વારા ચૌટા બજારમાં વધુ એક વખત દબાણ ખાતુ ત્રાટકયું

સુરત

સુરત મહાનગર પાલિકાના સેન્ટ્રલ ઝોન કે જે 'વોલ સીટી' તરીકે જાણીતો છે. સદર વિસ્તાર સુરત શહેરની સૌથી જૂનો વિકસિત વિસ્તાર છે. જેનાં સાંકડા રસ્તાઓ તથા વસ્તીની ગીચતા અત્યંત વધારે છે. જેમાં ચૌટા બજાર જેવાં ગીચ બજારમાં સાંકડા રસ્તાઓ તથા ગલીઓમાં દુકાનદારો/વેપારીઓ દ્વારા વર્ષોથી દુકાનની બહાર એંગલ, ચેનલ, હુક, પાઈપ વિગેરે ફીટ કરી સામાન બહારની બાજુ કાઢી રસ્તા પૈકીની જગ્યામાં દબાણ ઉભા કરવામાં આવેલ. તેમજ દુકાનની બહાર બાંકડા, સ્ટેન્ડ, ટેબલો જેવા અસ્થાયી દબાણો કરી સામગ્રીઓનાં વેચાણ કરવામાં આવે છે. સદર વિસ્તારમાં સુરત જનરલ હોસ્પિટલ પણ આવેલ છે. જેમાં અવર જવર કરતી એબ્યુલન્સો તથા દર્દીઓને માઠી અસર થાય છે. તેમજ આસપાસ વસવાટ કરનારા રાહદારીઓ તેમજ ગ્રાહકોને અત્યંત મુશ્કેલી ઊભી થાય છે.

હાલમાં ચૌટા બજારનાં ગીચ વિસ્તારમાં આવા સ્થાયી તેમજ અસ્થાયી કાયમી દબાણો દૂર કરવાની ઝુંબેશ ઘનીષ્ઠ રીતે આદરવામાં આવી રહી છે. જે અંતર્ગત છેલ્લા બે દિવસથી કાર્યપાલક ઈજનેરશ્રી બસાક સાહેબની સ્થળ ઉપર સીધી ઉપસ્થિતિ તેમજ નેતૃત્વ હેઠળ આવા દબાણો દૂર કરવામાં આવી રહયા છે. જે અંતર્ગત દુકાનોની બહાર ફીટ કરવામાં આવેલ સ્ટેન્ડ, હુક, એંગલ, ચેનલ, પાઈપ્સ વિગેરેનાં પુષ્કળ દબાણો અત્રેથી દૂર કરી જપ્ત કરવામાં આવેલ છે. આવા સ્થાયી ફીટીગ્સ માઈકો લેવલની કામગીરીનાં ભાગ સ્વરૂપેસફળતા પૂર્વક દૂર કરવામાં આવી રહયા છે. તેમજ ભવિષ્યમાં પણ સંલગ્ન ઝુંબેશો કરવામાં આવશે.

ગત રોજ ચૌટાબજાર વિસ્તારમાં રસ્તાને નડતરરૂપ ૧૧ ટ્રક અન્ય પરચુરણ માલ સામાન ભરી ઘનિષ્ઠ ઝુંબેશ આદરી તમામ દબાણો દુર કરી રસ્તો રાહદારીઓ માટે ખુલ્લો કરવામાં આવેલ છે. તદઉપરાંત, વોર્ડ નં.૪, નોંધ નં.૨૫૧૦ પૈકી, નાની બેગમવાડી, બેગમપુરા ખાતે ગેરકાયદેસર બાંધકામ સબબ ૩૦૦ ચો.ફુટ, ૦૩ દુકાનોના શટર દુર કરી રૂા.૫૦૦૦ વહીવટી પેટે વસુલ લેવામાં આવેલ છે.

વાહન પાર્કિંગમાં મુકતા યુવક પર હુમલો કરાયો

સુરત

ઉમરોલી-કોસાડ આવાસ ખાતે પાર્કિંગમાં વાહન પાર્ક કરી રહેતા એક યુવક પર હથિયાર વડે હુમલો કરી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હોવાનો બનાવ અમરોલી પોલીસ મથકમાં નોંધાયો હતો. મૂળ ભરૂચ જિલ્લાના વતની અને હાલમાં અમરોલી-કોસાડ આવાસ ખઆતે રહેતા સંજયભાઈ પાસે વાહન પાર્કિંગ કરી રહ્યા હતા ત્યારે અજાણ્યા ઈસમે હથિયાર વડે તેમના પર હુમલો કરી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયો હતો. ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અમરોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

વાપી વિસ્તારના પ્રશ્નોના નિકાલ અંગે બેઠક યોજાઈ

વલસાડ

વલસાડ જિલ્લાના વાપી વિસ્તારમાં પ્રજાકીય પ્રશ્નોમના નિરાકરણ માટે વન અને આદિજાતિ વિકાસ રાજયોમંત્રી રમણલાલ પાટકરે વાપી સર્કિટ હાઉસ ખાતે અમલીકરણ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.

આ અવસરે આદિજાતિ રાજય્ મંત્રી રમણલાલ પાટકરે જણાવ્યું હતું કે, લોકોને ફાયદો થાય અને તેમના પ્રશ્નો નું તેમના નજીકના સ્થરળેથી નિરાકરણ થાય તે માટે આજે લોકપ્રશ્નો,નો કાર્યક્રમ યોજવામાં આવ્યોર છે. જેમાં માર્ગ અને મકાન વિભાગ, પાણી પુરવઠા, દમણગંગા નહેર વિભાગ, નગરપાલિકા, જી. આઈ. ડી. સી. સહિત વિવિધ વિભાગોને લગતા ૧૭ જેટલા રજૂ થયેલા પ્રશ્નોરના સત્વહરે નિરાકરણ માટે સંબંધિત અમલીકરણ અધિકારીઓને સૂચના આપી દેવામાં આવી છે. વન અધિકાર ધારા હેઠળ જેમણે અરજી કરવાની બાકી હોય તે સત્વરે કરી દેવા જણાવ્યું હતું.

આ બેઠકમાં વાપી નગરપાલિકા ચીફ ઓફિસર દર્પણ ઓઝા, સહિત વિવિધ અમલીકરણ અધિકારીઓ, અરજદારો હાજર રહયા હતા.

ઘરનાં ઓટલા પર જુગાર રમતા વૃધ્ધા સહિત ૭ મહિલા ઝડપાઈ

સુરત

પુણાગામ વિસ્તારની વિક્રમ નગર સોસાયટીના ઘરના ઓટલા પર જાહેરમાં જુગાર રમતી ૭ મહિલાને પોલીસે ઝડપી પાડી રૂા. ૭૮૪૦નો મુદ્દામાલ કબ્જે લીધો છે. બાતમીના આધારે પુણાગામ પોલીસે વિક્રમ નગર સોસાયટીમાં દરોડા પાડયા હતા.

જયાંથી ઘર નં. ૪ ના ઓટલા પર જાહેરમાં જુગાર રમી રહેલી વૃધ્ધા ગીતાબેન મનસુખભાઈ મણવર, મંજુબેન પરેશભાઈ સુહાગીયા, રંજનબેન રાજુભાઈ ચૌહાણ, જયાબેન શામજીભાઈ ગોહીલ, ભાનુબેન જયેશભાઈ બેકરીયા, કવિતાબેન બળવંતભાઈ ગોસ્વામી, કરૂણાબેન ધીરૂભાઈ નિમાકરને જુગાર રમતા રંગેહાથ ઝડપી પાડી તેમની પાસેથી અંગજડતીના રોકડા રૂા. ૬૮૫૦ અને જુગારના દાવ પરના રૂા. ૯૯૦ મળી કુલ રૂા. ૭૮૪૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો.

બીઆરટીએસ સ્ટોપ પર બસની ટક્કરે ૧.૫૦ લાખની કિંમતનો સ્વિંગ ગેટ તૂટ્યો

અમદાવાદ

અમદાવાદ શહેરમાં બીઆરટીએસને લઈને અવારનવાર સમાચાર અહેવાલોમાં આવતા હોય છે. ત્યારે ફરીએક વખત શહેરમાં બીઆરટીસ બેફામ બની છે. શિવરંજની બીઆરટીએસ સ્ટોપ પર બસની ટક્કરે સ્વિંગ ગેટ તૂટ્યો હતો. જેથી એક બાજૂનો ગેટ બંધ કરવામાં આવ્યો છે. એક સ્વિંગ ગેટની કિંમત ૧.૫૦ લાખ છે. રૂપિયા ૬ કરોડના ખર્ચે અમદાવાદના તમામ બીઆરટીએસ સ્ટોપ પર સ્વિંગ ગેટ લગાવવામાં આવ્યા હતા.

આ ઘટના વિશે મળતી માહિતી પ્રમાણે, આજે અમદાવાદમાં બીઆરટીએસ સ્વિંગ ગેટ તૂટ્યો હોવાના અહેવાલ મળતા મોટો વિવાદ જોવા મળી રહ્યો છે. આજે ફરીએક વખત શહેરમાં બીઆરટીએસ બસ બેફામ બનીને શિવરંજની બીઆરટીએસ સ્ટોપ પર બસની ટક્કર વાગતા સ્વિંગ ગેટ તૂટ્યો હતો. જેના કારણે એક બાજુનો ગેટ બંધ કરી દેવામાં આવ્યો છે.

બીઆરટીએસ ટ્રેક પર લગાવેલ સ્વિંગ ગેટની જો વાત કરીએ તો એક સ્વિંગ ગેટની કિંમત ૧.૫૦ લાખ છે. અને આખા અમદાવાદમાં તમામ સ્ટોપ પર લગાવવામાં આવેલા સ્વિંગ ગેટની કિંમત રૂપિયા ૬ કરોડ છે. શહેરમાં ૬ કરોડના ખર્ચે અમદાવાદના તમામ બીઆરટીએસ સ્ટોપ પર સ્વિંગ ગેટ લગાવવામાં આવ્યા હતા, અને બીઆરટીએસ બસના ડ્રાઈવરો આવી રીત બેફામ બસ હંકારીને આવી રીતે સ્વિંગ ગેટ તોડી નાંખે તે કેટલા વ્યાજબી છે. પ્રજાના રૂપિયે બનાવેલા સ્વિંગ ગેટ તૂટી જતા હવે તેની જવાબદારી કોણ લશે? જેવા અનેક સવાલો ઉભા થયા છે.

ગેલેક્સી ગ્રુપના બિલ્ડર વિરુદ્ધ રૂ.૪૭ કરોડની જમીનને લઈ છેતરપિંડીની ફરિયાદ

અમદાવાદ

ગેલેક્સી ગ્રુપના બિલ્ડર વિરુદ્ધ નરોડા પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે. આ ફરિયાદ મુજબ, મુઠીયા ગામની જમીન રૂ. ૪૭ કરોડમાં ખરીદવાના બહાને ફરિયાદીને ૧૭.૨૪ કરોડ ચૂકવી જાણ બહાર દસ્તાવેજો પર સહી કરાવી લીધી છે. જ્યારે દસ્તાવેજ થયા બાદ ફરિયાદી પાસેથી રૂ. ૧૧.૯૪ કરોડ પણ પડાવી લીધા છે. ફરિયાદીએ બિલ્ડર પિતા-પુત્ર સહિત ૩ શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે. ઉલ્લેખનીય છે કે, આ પહેલા ફરિયાદીએ મુખ્યમંત્રી સમક્ષ ઈચ્છામૃત્યુની માંગ કરી હતી, જેને પગલે સરકારે આદેશ કરતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મોબાઈલની કાલ્પનીક દુનિયામાંથી

બાળકોને બહાર લાવી પુસ્તકોનું વાંચન કરવાની પ્રેરણા આપોઃ મંત્રી ચુડાસમા

સુરતમાં પબજીથી પુસ્તક તરફ વિષય પર રસપ્રદ સેમિનાર યોજાયો

સુરત

'બાળક પોતાના માતા-પિતા કરતાં પણ શિક્ષક પર વધુ વિશ્વાસ કરતો હોય છે, ત્યારે શિક્ષકો કોરી પાટી જેવા બાળકના કુમળા માનસપટ પર સંસ્કારરૂપી સુંદર ચિત્રોનું સર્જન કરીને બાળકોને મોબાઈલ ગેમ્સના વળગણમાંથી બહાર લાવવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે.' એમ શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું.

જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી અને મહાવીર ભગવાન મહાવીર એજ્યુકેશન ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'સ્ટુડન્ટસ ડાયવર્ટ ફ્રોમ પબજી ટુ બુક્સ' વિષય પર આયોજિત સેમિનારમાં શિક્ષણમંત્રીશ્રીએ બાળકને મોબાઈલની કાલ્પનિક દુનિયામાંથી બહાર લાવી સારા રચનાત્મક પુસ્તકોનું વાંચન કરવાની પ્રેરણા આપવા શિક્ષકોને અનુરોધ કર્યો હતો.

ભરથાણા સ્થિત ભગવાન મહાવીર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતેના આ સેમિનારમાં નિષ્ણાંત વક્તાઓ દ્વારા બાળકોને પબજી જેવી ગેમ્સના વળગણમાંથી મુક્ત કરવા અને પુસ્તકોના વાંચનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.આ પ્રસંગે શિક્ષણમંત્રીએ વધુમાં જણાવ્યું કે, સોશ્યલ મીડિયા અને સ્માર્ટ ગેમ્સ યુવાનો સહિત બાળમાનસ પર હાવી થઈ ગયા છે, ત્યારે શાળાઓ-શિક્ષકો બાળકોને કાલ્પનિક દુનિયાની ખાઈમાં પડતાં ઉગારવા માટે સજ્જ બને. તેમણે શિક્ષકોની મહત્તા સમજાવતા કહ્યું કે, એક શિક્ષક ૧૦૦ ડોક્ટરો, ઈજનેરો, વકીલો, વૈજ્ઞાનિકો બનાવી શકે છે, પરંતુ ૧૦૦ ડોક્ટરો ભેગા મળીને એક 'શિક્ષક' બનાવી ન શકે. દેશમાં એક વ્યક્તિના ભવિષ્ય સાથે દેશનું ભવિષ્ય જોડાયેલું હોય છે. પબજી જેવી ઘાતક ગેમ્સ બાળમાનસ પર વિપરીત અસર કરી રહી છે. આવા સમયે સમાજને શિક્ષિત બનાવવાની જવાબદારી જેમના શિરે છે એવા શિક્ષકો પરિવર્તનના વાહક બની વિદ્યાર્થીના માધ્યમથી સમાજને દિશા દર્શન કરવાનું કાર્ય કરી શકવા સક્ષમ છે. સારા પુસ્તકો, મહાપુરુષોના જીવનચરિત્રોમાંથી કોઈ સારૂ વાક્ય, સારો વિચાર આપણું જીવન ધરમૂળથી બદલી શકે છે, જેથી સારા પુસ્તકોને જીવનનું અભિન્ન ભાગ બનાવવા તેમણે આહવાન કર્યું હતું.

શ્રી ચુડાસમાએ કહ્યું કે, દેશનો પ્રત્યેક વ્યક્તિ એ રાષ્ટ્રીય ચરિત્રનો ભાગ છે. દેશના ભવિષ્ય એવા આપણા પોતાના સંતાનોની કાળજી લેવાનું ચૂકી જઈએ છીએ એમ જણાવી તેમણે ઉમેર્યું કે, સોશિયલ મીડિયા હવે એન્ટી સોશિયલ બની રહ્યું છે. ભારતના ઐતિહાસિક સમૃદ્ધ વારસાને તોલે કોઈ દેશ આવી શકે નહીં, પરંતુ કેટલાક સમાજ અને દેશ વિરોધી જૂથો સામાજિક સમરસતા અને સાંસ્કૃતિક વારસાને ઈરાદાપૂર્વક નેસ્તનાબુદ કરવાના પ્રયાસમાં લાગ્યા છે, પરંતુ નવી પેઢીએ આવા ષડયંત્ર સામે ઢાલ બનીને ઊભા રહી દેશની અસ્મિતા, આબરૂ અને પ્રાચીન ગૌરવપૂર્ણવૈભવવારસાને ઊની આંચ ન આવે તેવી જવાબદારી નિભાવવા શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

પબજીથી પુસ્તક તરફ વાળવાના ઉમદા વિચારથી જાગૃત્તિ લાવવા બદલ ભગવાન મહાવીર ફાઉન્ડેશન એજ્યુકેશન ફાઉન્ડેશન ને અભિનંદન આપતાં જણાવ્યું કે, પબજી જેવી મનોરોગી બનાવતી ગેમ્સ નહિ રમવા માટે માતા-પિતા, વાલી કે શિક્ષકોએ જ બાળકો-યુવાનોમાં જાગૃતિ ફેલાવવી પડશે, અને એ રસ્તેથી પાછા વાળવા પડશે. સાથોસાથ તમામ પ્રકારના સ્માર્ટફોન, ગેઝેટ્સના સીમિત અને સકારાત્મક ઉપયોગને લઈને જાગૃતિ પણ ફેલાવવી પડશે. આ સંદર્ભે મંત્રીશ્રીએ સ્વામી વિવેકાનંદજીના જીવનપ્રસંગો વાગોળી તેમના જીવનમાંથી પ્રેરણા લેવાનો અનુરોધ કર્યો હતો. મંત્રીશ્રીએ કઠોર મહેનત અને દ્રઢ સંકલ્પથી આઈ.પી.એસ. બનેલા ગુજરાતના યુવાન શફીન હસનની સિદ્ધિમાંથી શીખ લઈને કારકિર્દી ઘડવાનું પ્રેરક સૂચન કર્યું હતું. મોટીવેશનલ સ્પીકર શ્રી જય વશીએ જણાવ્યું કે, વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને મોબાઈલ ગેમની લતને પણ મનોરોગની શ્રેણીમાં મૂકી છે. આપણે બાળ અને યુવાવર્ગને વધુ માનસિક રીતે સ્વસ્થ અને સ્થિર બનાવવા મોબાઈલ એડિકટેડ પેઢીની જગ્યાએ મહેનતુ પેઢી તૈયાર કરવા સંકલ્પ કરવાનો ભારપૂર્વક અનુરોધ કર્યો હતો.

ટ્રસ્ટી શ્રી સંજય જૈનએ જણાવ્યું કે, મહાવીર સ્કુલમાં પબજી સહિતની ગેમ્સની ચુંગાલમાંથી વિદ્યાર્થીઓને બહાર લાવવા સ્પોર્ટ્સ, પુસ્તકોના વાંચન અને અભ્યાસેત્તર પ્રવૃત્તિસભર વાતાવરણ પૂરું પાડવાનો પ્રયાસ કરીએ છીએ. અહી અભ્યાસ કરતાં તમામ વયના બાળકો માટે રમતગમતનો પિરીયડ અનિવાર્ય હોવાનું તેમણે જણાવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ, મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અનિલ જૈન, ચેરમેન શ્રી જગદીશ જૈન, અગ્રણીશ્રી મદનસિંહ અટોદરિયા, દિનકર નાયક સહિત મોટી સંખ્યામાં શિક્ષકો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વલસાડના પડતર પ્રશ્નો અંગે મંત્રી પાટકરના અધ્યક્ષ સ્થાને બેઠક મળી

વલસાડ

વલસાડ જિલ્લાના પડતર પ્રશ્નોના નિરાકરણ માટે વન અને આદિજાતિ વિકાસ રાજયરમંત્રી રમણલાલ પાટકરે જિલ્લાના અધિકારીઓ સાથે કલેકટર કચેરીના સભાખંડ ખાતે સમીક્ષા બેઠક યોજી હતી.

આ બેઠકમાં મંત્રી રમણલાલ પાટકરે ખરીફ ઋતુ દરમિયાન થયેલા કમોસમી વરસાદના કારણે વલસાડ જિલ્લાના તમામ ખેડૂતોને પાક કાપણી, લણણી અને સંગ્રહના તબક્કે નુકશાનીના વળતર માટેની સમય અવધિ લંબાવવામાં આવી છે. ત્યા રે બાકી રહી ગયેલા તમામ ખેડૂતોને લાભ મળી રહે તેમજ એફ.આર.એ હેઠળની બીજા હકકના ખેડૂતોને પણ આ યોજનાનો લાભ મળે તેવા પ્રયત્નો કરવા જણાવ્યું હતું. જિલ્લામાં થઈ રહેલા વિકાસના કામો ઝડપથી થાય તે માટે અધિકારીઓ સતત મોનિટોરીંગ કરે તે જરૂરી હોવાનું હોવાના સાથે આંતર વિભાગો સાથે સંકલન કરી પ્રજા ઉપયોગી કામો ઝડપથી કરવા પણ મંત્રીશ્રીએ જણાવ્યું હતુ.

જિલ્લા કલેકટર સી.આર. ખરસાણે મંત્રીશ્રી દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નોનું નિરાકરણ લાવવા જરૂરી સલાહ સૂચનો કર્યા હતા.

આ બેઠકમાં ચણોદ ખાતે ગટરલાઈનનું કામ, શીર પડતર સરકારી જમીનની ફાળવણી, ઉમરગામ ખાતે સાયન્સે કોલેજ, રમત ગમતનું મેદાન, મામલતદાર કચેરી તથા ઉમરગામ નગરપાલિકાના બાંધકામ માટે જમીન ફાળવણી, નારગોલ-સંજાણ બાયપાસ રોડની કામગીરી,દરિયાઈ ધોવાણ અટકાવવાના કામો, વન અધિકાર ધારા હેઠળની અપીલની અરજીઓનો નિકાલ, સ્ટેમટ/પંચાયત હસ્તણકના રસ્તાટઓના કામો, વાસ્મોન અને પાણી પુરવઠા હેઠળના કામો, મીઠા પકવતા અગરીયાઓના હુકમો રીન્યુત કરવા, અસ્ટો લ પાણી પુરવઠા યોજના તથા ફલધરા સિંચાઈ યોજના ઓની સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અર્પિત સાગર, નિવાસી અધિક કલેકટર એન.એ. રાજપૂત સહિત જિલ્લાના અમલીકરણ અધિકારીઓ હાજર રહયા હતા.

કપરાડા તાલુકાના ખરેડીમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું સમાપન

ભાગવત કથામાં માણસે કેવું જીવન જીવવું જોઈએ તે જાણવા મળે છેઃ પાટકર

વલસાડ

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના ખરેડી-હનુમાન મંદિર પરિસરમાં સમસ્તા ખરેડી પરિવાર દ્વારા આયોજિત શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞના સમાપન અવસરે વન અને આદિજાતિ વિકાસ રાજ્યતમંત્રી રમણલાલ પાટકરે ઉપસ્થિત રહી ભગવાન શ્રીકૃષ્ણના આશીર્વાદ મેળવ્યા હતા, તેમજ નાનાપોંઢાના યુવા કથાકાર દ્રુમિલ જોષીના મુખેથી ભાગવત કથાનું શ્રવણ કર્યું હતું.

આ અવસરે આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી રમણલાલ પાટકરે જણાવ્યું હતું કે, ધાર્મિક ગ્રંથોના વાંચન કે શ્રવણથી જીવનની દરેક મુશ્કેલીનો હલ મળે છે. ભાગવતકથામાં માણસે કેવું જીવન જીવવું જોઈએ તે જાણવા મળે છે, જેના થકી આપણું જીવન બદલી શકીએછીએ. ભાગવત કથાનું શ્રવણ કરશું તો ભગવાન શ્રીકૃષ્ણના આશીર્વાદ જરૂર મળશે, જે ધ્યાને રાખી પોતાના કલ્યાણ માટે દરેક વ્યક્તિએ કથા સાંભળીને તેને જીવનમાં ઉતારવી જોઈએ. રામાયણની કથામાંથી પ્રેરણા લઈ દરેક વ્યક્તિઓ જો સંપથી ૨ હે તો આ દેશમાં રામરાજ્ય અવશ્ય આવી શકશે. ઉલ્લેખનીય છે કે, તા.૨૭/૧૨/૧૯થી શરૂ થયેલા આ સપ્તાક દરમિયાન વિવિધ પ્રસંગોની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેનો ગ્રામજનો-ભાવિકભક્તોએ ખૂબ જ ભાવપૂર્વક માણ્યાવ હતા. આ અવસરેબજરંગબલી યુવકમંડળ ખરેડીના હિતેશભાઇ પટેલ અને ઉત્તમભાઇ પટેલ, અગ્રણી હસમુખભાઇ ભંડારી, મહેશભાઇ ભટ્ટ, રામદાસભાઇ વરઠા સહિત ભાવિક ભક્તજનો મોટી સંખ્યામાં હાજર રહયા હતા.

સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૦ માટે સામાજીક-વેપારી સંગઠનોની મદદ

સ્વચ્છતા સર્વેક્ષણ અંગે લોક જાગૃતિ કરાવવા પ્રયાસો

સુરત

સુરત શહેરને વધુ સ્વચ્છ અને સુંદર બનાવી શકાય હેતુથી સુરત મહાનગર પાલિકા દ્વારા કરવામાં આવતી કામગીરી અન્વયે ''સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૦'' માં અગ્ર ક્રમાંક મેળવી શકાય તે માટે શહેરીજનો પાસેથી ×સીટીઝન ફીડબેક મેળવવા અંગેની કામગીરી સંદર્ભ સુરત શહેરના વિવિધ સામાજિક સંગઠનો, સ્વ. સંસ્થાઓ, વિવિધ ઈન્ડસ્ટ્રીઅલ એસો.ના અભિયાનમાં સહકાર મળ તે હેતુથી ગત રોજ તા. ૦૨/૦૧/૨૦૦ના રોજ સાંજે ૫-૦૦ કલાક નવા સ્થાયી સમિતિ રૂમ, સુરત મહાનગરપાલિકા ખાતે મીટીગનું આયોજન કરવામાં આવ્યું હતું.

મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાની,IAS એ સુરત શહેરની ઉપલબ્ધિઓની વિસ્તૃત જાણકારી આપી હતી. તેમજ ઉપસ્થિત પ્રતિનીધીઓ મારફત તમામ શહેરીજનોને ''સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૦''માં સુરત શહેરને અગ્ર ક્રમાંક પ્રાપ્ત થાય તે માટે સુરત મહાનગરપાલિકાને સહકાર આપવા જણાવ્યું હતું. નાગરિકોના ફીડબેક બાબતે નાગરીકોને સૂકો કચરો અને ભીનો કચરો અલગ અલગ આપવાની માહિતી આપી હતી. તેમજ આઢ્ઢ્ઢ (ખલ્લામાં શૌચક્રિયા મુકત) સંદર્ભ સુરત શહેર ખુલ્લામાં શૌચક્રિયા મુકત બન્યું તે સુરતીઓના સહકારને આભારી છે. નાગરિકોને ફીડબેક બાબતની જાણકારી તના ગૃપમાં પહોંચાડી તેઓને પણ આ બાબતની વિસ્તૃત સમજ મળી રહે તે માટે ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૧૨૩૮૦૦૦ પર ફોન કર્યેથી સુરત મહાનગરપાલિકાના કર્મચારી તમારી સોસાયટી, મહોલ્લા ખાતે આવીને સ્વચ્છતા સર્વેક્ષણ ફીડબેક માટે વિસ્તૃત સમજ આપવામાં આવશે.

સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલભાઈ ગોપલાણી એ પણ ઉપસ્થિત વિવિધ એસોશીએશનના હોદેદારોને ''સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૦''માં તમામ શહેરીજનોને ફીડબેકની પધ્ધતિ માટ ટોલ ફ્રી નંબર ૧૯૬૯ ઉપર મીસ્ડ કોલ કરી તેના પ્રત્યુતરરૂપે ફીડબેકના તમામ સાત પ્રશ્નોનો પોઝીટીવ ફીડબેક આપી સુરતને અગ્ર ક્રમે લાવવા હાકલ કરી હતી.

માન.ડે.મેયરશ્રી નિરવ શાહ એ જણાવ્યું હતું કે પ્લેગ,પૂર જેવી કુદરતી હોનારતોમાં સુરતીઓના સહકારથી વૈશ્વિક સ્તરે સુરતની આગવી ઓળખ ઉભી થઈ છે. એ રીતે સ્વચ્છતાના આ મહા અભિયાનમાં જોડાઈને આપણે સૌ સુરતીઓ સુરતને નંબર-૧ પર લઈ જઈશું.

આ મીટીંગમાં શાસક પક્ષના નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રા,આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી દિવિજયસિંહ રાઠોડ, સમાજ કલ્યાણ આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ ઉપસ્થિત રહયા હતા.

આ મિટિંગમાં સામાજિક સંગઠનો, સ્વ. સંસ્થાઓ, હોટલ એસોસીએશન, માર્કેટ એસોસીએશન, ટેસ્ટાઈલ એસોસીએશન, વિવિધ ઈન્ડસ્ટ્રીઅલ એસો.ના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં હાજર રહયા હતા.

નવી સિવિલ હોસ્પિટલમાં પ્રાચીન પદ્ધતિનો ઉપયોગ કરીને ૩૫ મહિલાઓની પ્રસૂતિ કરાઈ

સુરત

દક્ષિણ ગુજરાતની સૌથી વિશાળ સુરત નવી સિવિલ હોસ્પિટલમાં ગાયનેક વિભાગમાં પૂરતા ડૉક્ટર ન હોવા છતાં ગત વર્ષે ૨૦૧૯માં ગર્ભવતી મહિલાઓની ૯૫૭૯ પ્રસૂતિ કરાવાઈ હતી. જેમાં ૫૬૯૮ નોર્મલ પ્રસુતિ થઈ હતી. જોકે પ્રાચીન પદ્ધતિનો ઉપયોગ થતો હોય તેના જેવી વેક્યુમ પ્રેશર અને ફોર સેફથી ૩૫ મહિલાઓની પ્રસૂતિ કરવામાં આવી હતી.

સુરત નવી સિવિલ હોસ્પિટલમાં વર્ષ ૨૦૦૭માં ગર્ભવતી મહિલાઓની ૪૫૦૦ પ્રસૂતિ થઈ હતી જયારે સિવિલના ગાયનેક વિભાગમાં પૂરતા ડૉક્ટરો અને જરૂરી નર્સિંગ સ્ટાફ ન હોવા છતાં ગત વર્ષ ૨૦૧૯માં ૯૫૭૯ પ્રસુતિ થઈ હતી. ૧૦થી ૧૩ વર્ષમાં પ્રસુતિની સંખ્યા ડબલ થઈ ગઈ છે છતાં ગાયનેક વિભાગના ડૉક્ટરોએ ૫૬૯૮ નોર્મલ પ્રસુતિ કરાવી હતી તથા ૩૦૫૧ સીઝર કરવામાં આવી હતી. આ ઉપરાંત ૧૩૭ જુડવા, બ્રિચ એટલે કે ઊંધા માથે ૨૯, વેક્યુમ પેશર ૩૧, ફોર સેફ (ચીપીયા) ૪ અને અન્ય ૭૫ પ્રસૂતિ કરાવી હતી.

પ્રાચીન યુગમાં એટલે કે અંદાજે ૩૦૦ વર્ષ પહેલા સાયકલમાં હવા પૂરવાનો પંપ જેવા સાધનોનો પ્રસૂતિ દરમિયાન ઉપયોગ કરતા હોવાનો મેડીકલ ચોપડામાં ઉલ્લેખ છે. આ પ્રાચીન પ્રકારની પદ્ધતિ હોય તે પ્રમાણે હાલમાં ઈલેકટ્રીક સેકસન મશીન કે વેક્યુમ પ્રેશર અને ફોર સેફનો ઉપયોગ કરી ગત વર્ષે ૩૫ પ્રસુતિ કરાવી હતી. ગર્ભાશયનું મુખ ખુલી ગયું હોય અને બાળક બથ કેનાલમાં નીચે આવી ગયું હોય આવા સંજોગોમાં બાળકના ધબકારા ઓછા થાય અને માતાની હાલત ગંભીર બને એવા સંજોગોમાં બાળકનો જીવ બચાવવા માટે આ સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. એવું સિવિલના ગાયનેક વિભાગના વડાએ કહ્યું હતું.

લસકાણામાં અનાજ વેપારી પર લોખંડના સળીયા વડે હુમલો

ટીવી જોવા બાબતે માલિક અને ભાડુઆત વચ્ચે મારામારી

સુરત

લસકાણા વિપુલનગર વાળીનાથ સોસાયટીમાં રાત્રે ટી.વી. જોવા બાબતે ભાડુઆત સાથે બોલાચાલી થતા ત્રણથી ચાર અજાણ્યા ઈસમોએ ઉશ્કેરાઈ જઈ લોખંડના સળીયા વડે હુમલો કરી હાથ પગના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હોવાનો બનાવ પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ ઓડીસા ગંજામ જિલ્લાના વતની અને હાલમાં લસકાણા વાળીનાથ ચોક ખાતે રહેતાં નિરંજન પોલાઈ વેપાર ધંધો કરે છે. ગતરાત્રે પોતાની અનાજ કરિયાણાની દુકાન બેઠા બેઠા ટી.વી. જોતા હતા. ત્યારે કાપોદ્રાના જયેશભાઈ રબારી અને તેની સાથેના ત્રણેક ઈસમોએ ટી.વી. જોવા બાબતે માથાકુટ કરી લોખંડના સળીયા વડે હુમલો કરી હાથ પગના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પોલીસે તપાસ શરૂ કરી છે.

એસટી કન્ડક્ટરની ગોધરામાં બદલી કરી દેવાતા આપઘાત

ગોધરામાં બદલીની જગાએ કન્ડકટર ચાર મહિનાથી હાજર થયા ન હતા

સુરત

ઉધના દેના બેંકની ગલીમાં રહેતાં એક આધેડને ગોધરા ખાતેના એસટી ડેપોમાં બદલી કરી નાંખવામાં આવી હતી. પરંતુ તેઓ ત્યાં જવા માંગતા ના હોય અને છેલ્લા કેટલાક મહિનાથી માનસિક રીતે પીડાતા એસટી કંડક્ટરે કંટાળી પોતાના ઘરમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી નાંખી હતી. ઉધના પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ઉધના દેના બેંકની ગલીમાં આવેલી હરિઓમ એપાર્ટમેન્ટમાં મનોજ ચૌધરી (ઉ.વ.૫૪) રહે છે. તેઓ સુરત બસ ડેપોમાં એસટી કંડક્ટર તરીકે ફરજ બજાવે છે. આજથી ચારેક મહિના પહેલા તેઓની બદલી ગોધરા ડેપોમાં કરી નાંખવામાં આવી હતી અને તેઓ ત્યાં હાજર થવા માંગતા ન હતા. છેલ્લા કેટલાક વખતથી તેઓ માનસિક રીતે પરેશાન હતા. જેનાથી કંટાળી જઈ પોતાના ઘરે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી નાંખી હતી. ઉધના પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ હાથ ધરી છે.

વરાછામાં રસ્તાને નડતર બનતી દેરી તોડી પડાઈ

સુરત

જુનો પૂર્વ (વરાછા) ઝોન–એ વિસ્તારમાં લંબે હનુમાન રોડ પર ટ્રાફિક સમસ્યા મહદઅંશે નિવારી શકાય તે માટે સૈફી સોસાયટીની બાજુમાં આવેલ તાડદેવી મંદિર પાસે શ્રીધર પેટ્રોલ પંપ વાળા જંકશન પર ટ્રાફીક નિયમનમાં અડચણરૂપ ટી.પી.રસ્તાની અસર હેઠળ આવતી નાની દેરીઓ દુર કરી વાહન વ્યવહાર માટે રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે. ઉકત કામગીરી પોલીસ ખાતાનાં સ્ટાફ તથા મહીલા પોલીસ સહિત એસ.આર.પી જવાનો દ્વારા સ્થળે જડબેસલાક બંદોબસ્તનાં આયોજનથી તેમજ જુનો પૂર્વ(વરાછા) ઝોન–એ ના તમામ વિભાગનો સ્ટાફ તેમજ સીક્યુરીટી સ્ટાફ સહિત પાર પાડવામાં આવેલ છે.

વહેલી સવારે અને મોડી સાંજે ટ્યુશન કલાસીસ પર પ્રતિબંધ


વ્યારા

તાપીના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બી.બી. વહોનિયાએ સમગ્ર તાપી જિલ્લામાં વહેલી સવારના અને મોડી સાંજના ટ્યુશન કલાસીસો પર જાહેરનામું બહાર પાડી પ્રતિબંધ ફરમાવ્યો છે. જે મુજબ તાપી જિલ્લાના વિસ્તારમાં કોઇ પણ મથકોએ વહેલી સવારે ૦૭:૦૦ કલાક પહેલા તથા સાંજે ૦૭:૦૦ કલાક બાદ કોઇ પણ ટ્યુશન કલાસીસો ચાલુ રાખી શકાશે નહિં કે વિદ્યાર્થીઓને ટ્યુશન કલાસીસોમાં અભ્યાસાર્થે બોલાવી શકાશે નહિં. ટ્યુશન કલાસીસોની આજુબાજુ ૨૦૦ મીટર સુધી ચાર કે તેથી વધુ વ્યક્તિઓ એકત્રિત થઇ શકશે નહિં. શાળા-કોલેજોના કંપાઉન્ડમાં ૨૦૦ મીટર સુધી શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ સિવાય અન્ય કોઇ ત્રાહિત વ્યક્તિ એકત્રિત થઇ શકશે નહિં. આ હુકમ તાત્કાલિક અસરથી તા. ૦૪/૦૩/૨૦૨૦ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર સજાને પાત્ર થશે.

તા.૯મીએ વ્યારામાં દિશાની બેઠક મળશે

વ્યારા

તાપી જિલ્લાની ડિસ્ટ્રીક્ટ ડેવલપમેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનિટરીગ સમિતી ''દિશા'' ની બેઠક આગામી તા.૯-૧-૨૦૨૦ના રોજ બપોરે ૩.૦૦ કલાકે વ્યારા નગર પાલિકા સ્થિત તરણકુંડ હોલ ખાતે મળશે જેની સબંધિત અધિકારી/પદાધિકારીઓએ નોંધ લેવી.



એબીવીપીનું ૫૧મું પ્રદેશ અધિવેશન સરિતા સાગર સંકુલ પાસે સ્વામી વિવેકાનંદ બ્રીજ અડાજણ સુરત ખાતે યોજાઈ રહ્યું છે. અધિવેશનમાં પૂ.જ્ઞાન વત્સલ સ્વામી દ્વારા '૨૧મી સદીને શિક્ષણ પાસે અપેક્ષા' વિષયે વ્યાખ્યાન રજૂ કરવામાં આવ્યું હતું. અધિવેશનમાં સહભાગી થયેલા ડેલીગેટ્સ તસ્વીરમાં જણાય છે.

તા.૧૯મીએ પ્રથમ રાઉન્ડનો પલ્સ પોલિયો ઈમ્યુનાઈઝશન ડે

વ્યારા

આગામી તા. ૧૯-૦૧-૨૦૨૦ના રોજ યોજાનાર નેશનલ પલ્સ પોલિયો ઈમ્યુનાઈઝેશન ડે-ના પ્રથમ રાઉન્ડ દરમિયાન તાપી જિલ્લાના ૦ થી ૫ વર્ષના ૬૮૫૪૬ બાળકોને પોલિયોની રસી પીવડાવવામાં આવશે.

આગામી તા. ૧૯મી, જાન્યુઆરીના રોજ પ્રથમ રાઉન્ડના પલ્સ પોલિયો ઈમ્યુનાઈઝેશન ડે અંગે કલેકટર આર.જે.હાલાણીની અધ્યક્ષતામાં યોજાયેલી એક બેઠક દરમિયાન માહિતી આપતા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.હર્ષદ પટેલે જણાવ્યું હતું કે, તાપી જિલ્લામાં પલ્સ પોલિયો ઈમ્યુનાઈઝેશન ડે અંતર્ગત ૦ થી ૫ વર્ષના બાળકોને પલ્સ પોલિયોની રસી પીવડાવવા અંગે સમગ્ર તૈયારી કરી લેવામાં આવી છે. જે અંતર્ગત ૬૮૫૪૬ બાળકોને રસી પીવડાવવામાં આવશે. આ કામગીરી માટે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ૧૧૩૮ ટીમો, ૨૨૭૬ ટીમ મેમ્બરોની સહાયથી ૫૬૯ બુથો પર રસી પીવડાવવાનું આયોજન કર્યું છે. આ દરમિયાન કુલ ૧૮૧૯૬૭ ઘરોને બીજા અને ત્રીજા દિવસે ડોર ટુ ડોર વિઝીટ દરમિયાન આવરી લેવામાં આવશે એમ જણાવ્યું હતું. આ ઉપરાંત બસ સ્ટેશન, બજાર, મેળાઓ સહિતના સ્થળોએ પણ આરોગ્ય વિભાગની ટીમો ઉપસ્થિત રહી બાળકોને રસી પીવડાવશે.

કલેકટર હાલાણીએ પલ્સ પોલિયો ઈમ્યુનાઈઝેશન ડે અંગેની આ બેઠકની સર્વગ્રાહી સમીક્ષા કરી જરૂરી વ્યવસ્થાઓ ગોઠવી દેવાનું જણાવી પ્રથમ રાઉન્ડના ત્રણ દિવસ દરમિયાન ૦ થી ૫ વર્ષનું કોઈ પણ બાળક રસીથી વંચિત ન રહી જાય તેની ખાસ તકેદારી રાખવા સુચના આપી હતી.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી નેહાસિંઘ, નાયબ પોલીસ વડા સંજય રાય, પ્રાંત અધિકારી હિતેષ જોષી, પ્રાથમિક શિક્ષણાધિકારી જયેશ પટેલ, સંકલિત બાળવિકાસ અધિકારી ડો ચૌધરી, ચીફ ઓફિસર પટેલ તમામ તાલુકાના તાલુકા હેલ્થ ઓફિસરો, આરોગ્ય વિભાગના અધિકારી/કર્મચારીઓ, સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ અને સંબંધકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

વિદ્યાર્થીઓને ગુણવત્તાયુકત શિક્ષણ સરળતાથી મળી રહે તે માટે રાજય સરકાર પ્રયત્નશીલ છે - ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

નવસારી ખાતે નગર પ્રાથમિક કન્યાશાળા નં-૮ ના નવનિર્મિત મકાનનું લોકાર્પણ તથા હિરક મહોત્સવ-૨૦૧૯ શિક્ષણમંત્રીશ્રીની પ્રરક ઉપસ્થિતિ

નવસારી

વિદ્યાર્થીઓને ગુણવત્તાયુકત શિક્ષણ સરળતાથી મળી રહે તે માટે રાજય સરકાર પ્રયત્નશીલ છે. તેમ શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ નવસારી ખાતે નગર પ્રાથમિક કન્યાશાળા નં.૮ ના નવનિર્મિત ભવનના લોકાર્પણ કાર્યક્રમમાં ઉદ્બોધન કરતા જણાવ્યું હતું.

નવસારી ખાતે રૂપિયા ૧૨૪ લાખના ખર્ચે બનાવવામાં આવેલ નગર પ્રાથમિક કન્યાશાળા નં-૮ ના નવનિર્મિત ભવનના લોકાર્પણ પ્રસંગે મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, શિક્ષણ એ રાજય અને રાષ્ટ્રના વિકાસ માટે પાયાની જરૂરીયાત છે. રાજય સરકારે પાયાથી માંડી ઉચ્ચ શિક્ષણ સરળતાથી મળી રહે તે માટે પુરતું ધ્યાન આપ્યું છે. સમાજમાં આજે શિક્ષણની ભુખ જાગી છે, ત્યારે રાજય સરકારે શિક્ષણ ક્ષેત્રે શાળા પ્રવેશોત્સવ, ગુણોત્સવ જેવા શિક્ષણને લગતા કાર્યક્રમો યોજી શિક્ષણનું સ્તર ઉચું લાવવા અનેક પ્રયાસો હાથ ધર્યા છે.

મંત્રીશ્રી ચુડાસમાએ વધુમાં કહયું હતું કે, શિક્ષકો સ્વસ્થ સમાજનું ઘડતર કરે છે. વાલીઓ તેમના પોતાના બાળકોનું ભવિષ્ય શિક્ષકોના હાથમાં સોપે છે. આપણા સૌની નૈતિક જવાબદારી છે. તેમા શિક્ષકોની સવિશેષ જવાબદારી છે. તેના માટે આયોજન કરી નક્કર પરિણામ સુધી પહોંચાડવા હાકલ કરી હતી. શિક્ષણનો વ્યાપ વધારવા અને શિક્ષણને ઉત્તેજન આપવા માટે રાજય સરકાર દ્વાર કરવામાં આવી રહેલ કામગીરીની વિગતો મંત્રીશ્રીએ આપી હતી. મંત્રીશ્રીએ સ્વચ્છતા, પર્યાવરણ, બેટી બચાવો-બેટી પઢાઓ, જેવા વિષયોનો ઉલ્લેખ કરી સમાજને આ વિષયો પ્રતિ જાગૃત થવા સુચવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી પિયુષભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, પ્રાથમિક શિક્ષણ જીવન ઘડતરના પાયા સમાન છે. પાયો જેટલો મજબૂત હશે તેટલી જ ઈમારત મજબૂત બનશે. તે માટે જ રાજય સરકારે પ્રાથમિક શિક્ષણની ચિંતા કરી એકપણ બાળક શિક્ષણથી વંચિત રહી ન જાય તે માટે શાળાના પાકા ઓરડાઓ, શિક્ષકોની આપૂર્તિ સહિત વિજળી, પીવાના પાણી, શૌચાલય, કોમ્પ્યુટર લેબ, રમત ગમતના સાધનો, લાઈબ્રેરી જેવી સુવિધાઓ ઉભી કરી છે. માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણમાં પણ શૈક્ષણિક સુવિધાઓ અને સહાયકારી યોજનાઓના લાભ રાજય સરકાર આપે છે.

કાર્યક્રમ દરમિયાન મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ તક્તિ અનાવરણ કરી શાળાને ખુલ્લી મુકી હતી તથા મહાનુભાવોના હસ્તે શ્રેષ્ઠ મુખ્ય શિક્ષકો, શ્રેષ્ઠ શિક્ષકો, શ્રેષ્ઠ એસ.એમ.સીના અધ્યક્ષો, શ્રેષ્ઠ સફાઇ કામદારોનું સન્માન કરવામાં આવ્યુ હતું અને મંત્રીશ્રીના વરદ હસ્તે વિદ્યાર્થીઓને ગણવેશ વિતરણ કરવામાં આવ્યા હતા તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ટુંકી ફિલ્મ પ્રસારિત કરવામાં આવી હતી.

આ અવસરે ગણદેવીના ધારાસભ્યશ્રી નરેશભાઇ પટેલ, નગરપાલિકાના પ્રમુખશ્રી કાંતિભાઇ પટેલ, ઉપપ્રમુખશ્રી તેમજ વિવિધ સમિતિઓના અધ્યક્ષશ્રીઓ, પદાધિકારીશ્રીઓ/અધિકારીશ્રીઓ તેમજ મોટીસંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહયાં હતા.

દારૂના અડ્ડા પર જનતા રેડ, દારૂ પીવા આવેલા ઊભી પૂંછડીએ ભાગ્યા

ભેસ્તાન ના ભુત મહોલ્લામાં રહીશોએ કરી જનતા રેડ : વહેલી પરોઢથી મદિરાપાન કરવા આવતા રસિયાઓની લાગતી હતી કતાર

સુરત

ગાંધીના ગુજરાતમાં દારૂ બેફામપણે વેચાઈ રહ્યો છે અને કામગીરી ખાલી ઘાઘરો પર અધિકારીઓને ખુશ કરવા માટે કરવામાં આવતી હોય છે રોજ રોજ નવા સુરતમાં ખુલી રહ્યા છે ને તેમના વીડિયો પણ વાયરલ થાય છે દારૂબંધી માત્ર કાગળ પૂરતી સીમિત થઈ ગઈ છે જેનો વધુ એક પુરાવો ભેસ્તાન ગામમાં ચાલતા દારૂના અડ્ડા પર જોવા મળ્યો હતો સ્થાનિક લોકોએ દારૂના અડ્ડા પર જનતા રેડ કરતાં દારૂ પીવા આવેલા દારૂડિયા પણ વાહનો લઈને ઊભી પૂંછડીએ ભાગ્યા હતા બીજી તરફ સ્થાનિક લોકોએ પોલીસનો ભરોસો છોડી હવે જાતે જ વોચ રાખવાનું શરૂ કર્યું છે.

સુરતના પાંડેસરા પોલીસ મથકની હદમાં આવેલા ભેસ્તાન ગામમાં ગણેશ પાર્ક સોસાયટી ના પાછળના ભાગે ભૂત મહોલ્લો આવેલો છે આ મોકલ મારામાં એક મહિલાનો છેલ્લા ઘણા વર્ષોથી પોલીસની મીઠી નજર થી દેશી દારૂનો ધંધો ખુલ્લેઆમ ચાલી રહ્યો છે ગત થર્ટી ફર્સ્ટની રાત્રિએ સ્થાનિકોએ દારૂના અડ્ડા પર જનતા રેડ કરતા બુટલેગર અને દારૂ પીધેલા લોકોને ઊભી પૂંછડીએ ભાગવાની ફરજ પડી હતી.

સ્થાનિકોએ વધું જણાવ્યું કેછેલ્લા ઘણા સમયથી આ દૂષણ બેફામપણે વધી ગયું હતું વહેલી સવારે ચાર વાગ્યે મદિરાપાન ના રસિયાઓ વચ્ચેથી અવરજવર કરતાં મહોલ્લાની બેન દીકરીઓ શહીદ વયસ્કો પણ ભારે પરેશાની અનુભવતા હતા સાથે સાથે મહોલ્લાના રહીશો ના નાના બાળકોની સલામતીનો પણ મોટો પ્રશ્ન ઉપસ્થિત થઈ રહ્યો હતો આખરે થર્ટી ફસ્ટની મોડી રાત્રિએ સ્થાનિક લોકોએ પોલીસનું કરવાનું કામ જાતે ઉપાડી લઈ પોલીસનો ભરોસો છોડી જનતા રેડ કરતા સમગ્ર વિસ્તારમાં દોડધામ મચી જવા પામી હતી

સાંઈ કોઈ આક્ષેપ કરતા કહ્યું કે પોલીસ કમિશનર અને સ્થાનિક પોલીસ પાંડેસરા ની દયાથી દારૂના ભેસ્તાન માં બુટલેગરો બેફામ ધંધો કરી રહ્યા છે.પોલીસ ને જાણ કરવામાં આવે તો પોલીસ થોડીકવાર બાદ તેને છોડી દે છે અને પછી બુટલેગરનો ધંધો પુનઃ થઈ જાય છે કેટલીકવાર જાગૃત નાગરિકો ને બુટલેગર દ્વારા ધમકી પણ આપવામાં આવતી હોવાનું જાણવા મળ્યું છે હવે દારૂના દૂષણ નો ધંધો પોલીસ કાયમી ધોરણે બંધ નહીં કરાવે તો અમે ફરીવાર જનતા રેડ કરીને ધંધો બંધ કરાવીશું હાલ તો ભૂત મહોલ્લાના રહીશો ત્રણ દિવસથી મહોલ્લાના નાકે ખુરશી નાખી રાખી રહ્યા છે ત્યાં દિવસ પર મદિરાપાન ના રસિયાઓની સતત અવરજવર રહેતી હતી ત્યાં હાલ નીરવ શાંતિ જોવા મળી રહી છે મોલલાના રહિશોનું વધુમાં કહેવું છે કે દારૂના દૈત્યને નાથવા ની હિંમત ગામના અન્ય લોકો પણ દાખવી તે જરૂરી છે કારણ કે પેશાબમાં એક-બે નહીં પણ પાંચ થી છ જેટલા દારૂના અડ્ડાઓ ચાલી રહ્યા છે.

નવસારીમાં ચોર પકડાતા ત્રણ ચોરીના ભેદ ઉકેલાઈ ગયા

ચોરીની ત્રણ બાઈક પોલીસે કબજે કરી

નવસારી

નવસારી રેલવે સ્ટેશન ફાટક પાસેથી ટાઉન પોલીસે નવસારીના યુવાનને ચોરીની મેસ્ટ્રો મોટર સાયકલ સાથે ઝડપી પાડ્યો હતો. પ્રાથમિક તપાસમાં વધુ બે મોટર સાયકલ ચોરીની કબુલાત કરતાં પોલીસે ત્રણ મોટર સાયકલો કબજે કરી છે.

પોલીસ દ્વારા મળતી માહિતી અનુસાર નવસારી ટાઉન પોલીસને બાતમી મળી હતી. નવસારી રેલવે સ્ટેશન ફાટક પાસે એક યુવાન ચોરીની મેસ્ટ્રો મોટર સાયકલ નં.જીજે-૨૧-બીજી-૫૩૬૩ લઈને આવનાર છે. જે આધારે પોલીસે બાતમી વાળી મોટર સાયકલ લઈને આવેલા નિરજ ભૂપતભાઈ બદામી (હાલ રહે. વાપી), મૂળ રહે. નવસારી જોષી મહોલ્લા, નિલકંઠ એપાર્ટમેન્ટ)ની ધરપકડ કરી હતી અને ગાડીનાં કાગળો માંગતા ઉડાવ જવાબો આપતો હોય પોલીસે તેની ધરપકડ કરી કડક પૂછપરછ કરતા આરોપી નિરજ બદામીએ છેલ્લા છ-સાત મહિનામાં નવસારી કબીલપોરમાંથી કુલ ત્રણ મોટર સાયકલોની ચોરી કરી હોવાની કબુલાત કરી હતી.

નવા-જુના વાહનોની લે-વેચ કરતા લોકો માટે અગત્યની સૂચના

વ્યારા

તાપી જિલ્લામાં નવા-જુના વાહનોની થતી લે-વેચની વિગતવાર માહિતી રેકર્ડ ઉપર રહે તે માટે યોગ્ય નિયંત્રણ રાખવું જરૂરી જણાતા તાપી જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બી.બી.વહોનિયાએ એક જાહેરનામું બહાર પાડી જરૂરી વિગતો તૈયાર કરી પોલીસ સ્ટેશન અને મામલતદાર કચેરીમાં જમા કરાવવા જણાવ્યું છે.

જાહેરનામામાં જણાવ્યા અનુસાર તાપી જિલ્લામાં તમામ નવા-જુના વાહનોની લે-વેચ કરતા તેમજ આ વેપાર-ધંધા સાથે સંકળાયેલા તમામ ડીલરો, બ્રોકર, એજન્ટ, દલાલ, મીકેનીકતથા પેઈન્ટર વગેરેએ હાલ સુધીમાં વાહનોની કરેલ લે-વેચની હકીકત તૈયાર કરી સંબંધિત પોલીસ સ્ટેશન તથા મામલતદારને દિન-૭માં આપવાની રહેશે. વધુમાં વાહનોની લે-વેચ કરતા તેમજ આ વેપાર-ધંધા સાથે સંકળાયેલા તમામ ડીલરો, બ્રોકર, એજન્ટ, દલાલ, મીકેનીકતથા પેઈન્ટર વગેરેએહવે પછી નવા જુના વાહનોની લે-વેચ કરે તો તેની હકીકત તૈયાર કરી સંબંધિત પોલીસ સ્ટેશન , સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, તાપી તથા સંબંધિત મામલતદારને દિન-૭માં નિયત નમૂનામાં આપતા રહેવાનું રહેશે. આ હુકમ તા. ૦૪/૦૩/૨૦૨૦ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર સજાને પાત્ર થશે.

નર્મદા ધારીખેડા સુગર ખાતે સર્વ રોગ નિદાન કેમ્પનો ૨૦૦૦થી વધુ લોકોએ લાભ લીધો



વિદેશી તબીબો અને સ્થાનિક તબીબો એ મળી ૨૦૦૦ થી વધુ લોકો ને સારવાર આપી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના ધારીખેડા ગામે આવેલી નર્મદા સુગર ફેક્ટરી,રાજશ્રી પોલીફિલ લિમિટેડ અને અનેકાંત કોમ્યુનિટી સેન્ટર કેલીફોનિયા યુ.એસ.એ દ્વારા સર્વરોગ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું જેમાં અનેકાંત કોમ્યુનિટી સેન્ટર કેલીફોનિયા યુ. એસ. એ. ના તજજ્ઞ તબીબો હાજર રહ્યા હતા.

ખાસ કરીને ડો.ઉષા ગુપ્તા, ડો.નીતિન અંબાણી, ડો.શરદ સરવૈયા સહીત સ્થાનિક તબીબો માં ડો,નૈષધ પરમાર, ડો. પિનાકીન પટેલ, ડો જયેશ પટેલ, ડો.અલ્કેશ ઠાકોર, સહીત ૩૦ જેટલા તબીબો હાજર રહી ૨૦૦૦ થી વધુ લોકોની સારવાર કરી હતી.

નર્મદા ધારીખેડા સુગર ફેક્ટરી માં દર વર્ષે શિયાળાની ઋતુમાં મેગા કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ આરોગ્ય કેમ્પ માં સુગર ચેરમેન ઘનશ્યામ પટેલ, એમ. ડી. નરેન્દ્ર પટેલ, સહીત રાજશ્રી પોલીફિલ ના અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા.કેમ્પમાં જનરલ,આંખ ઈ.એન.ટી,બાળ રોગ,સ્ત્રી રોગ, હાડકા ના ઈલાજ તજજ્ઞ તબીબો દ્વારા કરવામાં આવ્યા જેમાં ૨૦૦૦ થી વધુ લોકોને સારવાર કરવામાં આવી હતી. જેમાં સ્થાનિક ૩૦ થી વધુ ગામો ના લોકો શેરડી કાપતા કોયતાઓ નો પરિવાર, સહીત સુગરનો સમગ્ર સ્ટાફ સહીતના લોકોને સારવાર આપવામાં આવી હતી અને મફત દવાઓ અને ચશ્માં પણ વિતરણ કરવામાં આવ્યા હતા.

દક્ષિણ ગુજરાતમાં ઠંડી યથાવત નવસારીમાં ૧૦, સુરતમાં ૧૪ ડીગ્રી

વલસાડમાં પણ ૧૩.૫ ડીગ્રી લઘુતમ તાપમાન

સુરત

સમગ્ર ઉત્તર ભારતમાં રેકોર્ડબ્રેક ઠંડી વચ્ચે ઉત્તર દિશાથી ફુંકાઈ રહેલી શીત લહેરની અસરથી દક્ષિણ ગુજરાતના તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર થયો છે. શેહરીજનો ફુલગુલાબી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. આગામી દિવસોમાં ઠંડીનો ચમકારો વધે તેવી શક્યતા છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર આજે અધિકતમ તાપમાન ૨૭ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૪.૫ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૯૬ ટકા થઈ જતા સવારના સમયે ધુમ્મસભર્યું વાતાવરણ સર્જાયું હતું. વિજીબીલીટી ઘટી જતા સવારના સમયે નોકરી ધંધાર્થે જનારા લોકો તેમજ શાળા કોલેજમાં જનારા વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવાની ફરજ પડી હતી.

વલસાડ હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે પણ ન્યુનતમ તાપમાન ૧૩.૫ ડીગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૧૪ ડીગ્રી નોંધાયું હતું. નવસારી વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનતમ તાપમાન ૧૦.૫ ડીગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૧૦.૮ ડીગ્રી નોંધાયું હતું. સમગ્ર દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ઠંડી નવસારીમાં થઈ રહી છે. રાજ્યના હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં ઉત્તર દિશાથી ઠંડો પવન ફુંકાવાથી ઠંડીનો ચમકારો વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. શીત લહેરના પગલે આગામી દિવસોમાં ફુલગુલાબી ઠંડી યથાવત રહેશે.

નવસારી આરટીઓમાં પસંદગીના નંબરો ફાળવવા ઈ-હરાજી કરાશે

નવસારી

એ.આર.ટી.ઓ.કચેરી નવસારી ધ્વારા મોટરીંગ પબ્લીકના સગવડતા માટે સિલ્વર અને ગોલ્ડન નંબરની ફાળવણી માટે ઓનલાઈન ઈ-ઓકશન શરૂ કરવામાં આવ્યુંહતું કચેરીમાં મોટર સાયકલના નંબરો માટેની સીરીઝ GJ21-BJ/BK/BL/BM-0001થી GJ21-BJ/ BK/ BL/ BM-9999 બાકી રહેલા નંબરો ઈ-ઓકશન માટે શરૂ કરવામાં આવ્યું છે. ઈચ્છા ધરાવનાર વાહન માલિકો તેમનાં વાહનનું રજીસ્ટ્રેશન કરાવી ઓનલાઈન http://parivahan.gov.in/fancy પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી ઈ-ઓકશન માં ભાગ લઈ શકશે. તાત્કાલિક અસરથી આગામી તા.૦૮/૦૧/૨૦૨૦ સુધીના રોજ ઈ-ઓકશન ઓનલાઈન માટે ફોર્મ રજીસ્ટ્રેશન અને ઓક્શીક્શન કરવાની રહેશે. તા.૦૯/૦૧/૨૦૨૦ ના રોજ ઈ-ઓકશનનું બીડીંગ કરવાનું રહેશે. તા.૧૦/૦૧/૨૦૨૦ના રોજ ફોર્મ કચેરીએ જમા કરાવવાના રહેશે. ફેન્સી નંબર મેળવવા ઇચ્છુક અરજદારોએ ઉપર દર્શાવેલ વેબસાઈટ ઉપર જઈને સી. એન. એ.ફોર્મ વાહન ખરીદીના સાત દિવસમાં અચૂક ઓનલાઈન ભરી દેવાનુંરહેશે. વાહનનાં સેલ લેટરમાં સેલ તારીખથી ૬૦ દિવસના અંદરના જ અરજદારોએ હરાજીમાં ભાગ લેવા અરજી કરી શકાશે. સમય બહારની અરજીઓ રદ કરવામાં આવશે.

જાહેર સ્થળો , કોમર્શીયલ બિલ્ડિંગોમાં સીસી કેમેરા લગાવવા જાહેરનામુ

બેઝમેન્ટ, પાર્કિંગના સ્થળે પણ સીસીટીવી કેમેરા ફરજીયાત

વ્યારા

જિલ્લામાં સુલેહ અને શાંતિનું વાતાવરણ જળવાઈ રહે અને લોકોની માલ મિલકતને નુકશાન ન થાય તે માટે તકેદારીના ભાગરૂપે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બી.બી.વહોનીયાએ એક જાહેરનામું પ્રસિદ્ધ કરી તાપી જિલ્લામાં આવેલી તમામ બેંકો, તમામ એટીએમ સેન્ટરો, સોના- ચાંદી તથા કિંમતી ઝવેરાતની દુકાનો તથા શો રૂમ તથા શોપીગ મોલ, મલ્ટીપ્લેક્સ, થિયેટર, શોપીગ સેન્ટરો, કોમર્શિયલ સેન્ટર, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડિંગ, ધર્મશાળા, અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ, હાઈવે પરના તોલ નાકા, સોનગઢ આર.ટી.ઓ. ચેકપોસ્ટ તથા જ્યાં બહારના માણસોને રહેવાની સુવિધા પુરી પડાતી હોય તેવા સ્થળો તથા સ્થળો તથા બહુમાળી બિલ્ડીગો, મોટા ઔધોગિક એકમો, મોટા ધાર્મિક સ્થળોના માલિકો/ ઉપભોકતાઓ/ વહીવટકર્તાઓએ તેમના ધંધાના સ્થળોએ પ્રવેશ દ્વાર પ્રવેશ દ્વાર ઉપર તથા બહાર નિકળવાના દ્વાર, રિશેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કિંગની જગ્યા તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓ આવરી લે તેટલી સંખ્યામાં સીસીટીવી કેમેરાની વ્યવસ્થા ગોઠવવાની રહેશે. સીસીટીવી કેમેરા સારી ગુણવત્તાવાળા, વધુ રેન્જના(માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહનના નંબર વાંચી શકાય તેવા) ગોઠવવાના રહેશે. સીસીટીવીના રેકોડ'ગના ડેટા ઓછામાં ઓછા ૧૫ દિવસ સુધી સંગ્રહ કરવાના રહેશે. કેમેરા સતત ૨૪ કલાક કાર્યરત રહે તે જોવાની જવાબદારી માલિકો/ ઉપભોકતાઓ/ વહીવટકર્તાઓની રહેશે. કેમેરા તથા સીક્યુરીટી ગાર્ડની વ્યવસ્થા હાલ હયાત તમામ ઉપરોક્ત એકમોએ સાત દિનમાં ઉભી કરી દેવાની રહેશે. આ જાહેરનામું તા.૦૪/૦૩/૨૦૨૦ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.

બરોડા બેંકમાંથી બોલું છુ જણાવી મહિલાના ૨૪ હજાર ઉપાડી લીધા

મહિલા પાસેથી ઓટીપી અને પીન નંબર મેળવી છેતરપીંડી

સુરત

અઠવાગેટ બેન્ક ઓફ બરોડાના એક ગ્રાહકને બેન્ક ઓફ બરોડામાંથી બોલું છું તેમ જણાવી ઓટીપી નંબર મેળવી ૨૪ હજાર રૂપિયા ઉપાડી લઈ વિશ્વાસઘાત કરી અજાણ્યો મો.ફોન ધારક ફરાર થઈ ગયો હતો. ઉમરા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર પીપલોદ ભાગ્યલક્ષમી સોસાયટી વિભાગ૧માં સ્વાતી બેન પટેલ રહે છે. ગત તા. ૧૧મી જુલાઈના રોજ એક મોબાઈલ ધારકે તેમના મોબાઈલ ફોન પર ફોન કરીને તમારૂ એટીએમ કાર્ડ અપડેટ કરવલાનું છે. તેમ જણાવી એટીએમ કાર્ડનો નંબર મેળવી તથા ઓટીબી નંબર મેળવી બેન્ક ઓફ બરોડાના ખાતામાંથી ૨૪ હજાર રૂ. ઉપાડી લઈ વિશ્વાસઘાત કર્યો હતો. ઉમરા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ભાઈ-બહેને પુણા પોલીસ ચોકી માથે લેતા ગુનો દાખલ કરાયો

પોલીસનો કોલર પકડી ગાળો ભાંડી ધમકી આપી

સુરત

પુણા ગામ પોલીસ ચોકીને માથે લેનાર ભાઈ-બહેન સામે પુણા પોલીસે ગુનો દાખલ કર્યો હતો.

પુણા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પુણા પોલીસ ચોકીમાં આરોપી ભાઈ-બહેન ભાવનાબેન નાનજીભાઈ, વિનયભાઈ નાનજીભાઈ ઉમરાળીયા (રહે. રંગઅવધુત સોસાયટી, પુણાગામનાએ) ફરિયાદી લોકરક્ષક હાર્દિક જયરામનો કોલર પકડી લઈ ખભાના ભાગે ઈજા પહોંચાડી ફરિયાદી તથા અન્ય પોલીસના માણસોને ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. પુણા પોલીસે આ ભાઈ બહેન વિરૂદ્ધ ઈપીકો કલમ ૩૩૨, ૧૮૬, ૩૨૩, ૫૦૬ (૨), ૨૯૪ (ખ), ૧૧૪ મુજબનો ગુનો દાખલ કરી ધરપકડ કરી હતી.



સ્ટેચ્યુ ઓફ યુનિટના કોન્ટ્રાકટ સફાઈ કર્મચારીઓને ૩ મહિના બાદ છૂટા કરાતાં રોષ



કર્મચારીઓએ એવો પણ આક્ષેપ કર્યો કે સુપરવાઈઝર અમારી પાસેથી શરૂઆતમા કંપનીમાં નોકરી માટે વ્યક્તિ દીઠ ૧૫૦૦/- રૂપિયા ઉઘરાવ્યા હતા, અને ૩ મહિના થી પગાર ચૂકવાયો નથી.

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

કેવડિયા ખાતે આવેલા સ્ટેચ્યુ ઓફ યુનિટીમા કામ કરતા સફાઈ કર્મેચારીઓને ત્રણ મહિના બાદ અચાનક ૧ લી જાન્યુઆરી થી કોઈ પણ જાણકારી આપ્યા વિના છૂટા કરી દેવાતા BVG કોન્ટ્રકકટ હેઠળ કામ કરતા સફાઈ કર્મચારીઓ માં ભારે રોષ જોવા મળ્યો છે.

મળતી માહિતી મુજબ કેવડિયા ખાતે નિર્માણ પામેલ સ્ટેચ્યુ ઓફ યુનિટ અવાર નવાર કોઈ ને કોઈ બાબતે વિવાદ ઉભો થાય જ છે ત્યારે હાલ સ્ટેચ્યુ ઓફ યુનિટીમા પર કોન્ટ્રાકટ હેઠળ કામ કરતા કર્મચારીઓ ને અચાનક છુટા કરતા ઓહાપોહ થયો છે.સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે BVG કંપનીના માં કામ કરતા સફાઈ કામદારોને ત્રણ મહિના ની કામગીરી બાદ અચાનક જ કોઈ પણ જાણ વિના છૂટા કરી દેતા આ કમેંચારીઓમાં ભારે રોષ ફેલાયો છે.

છુટા કરાયેલા કમેંચારીઓએ આ બાબતે જણાવ્યું કે અમને આજે સવારે કામ પર જતાજ સુપર વાયઝરે જણાવ્યું હતું કે તમને નોકરી પર થી છુટા કરવામાં આવ્યા છે.તમારે નોકરી પર આવુ નહિ તેમ કહી અચાનક નોકરી પર થી છુટા કરવાનું જણાવતા અમે અચંબા માં પડી ગયા હતા.

આ કર્મચારીઓએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે સુપરવાઈઝર અમારી પાસેથી શરૂઆતમા કંપનીમાં નોકરી માટે વ્યક્તિ દીઠ ૧૫૦૦/- રૂપિયા લેવામાં આવ્યા હતા અમે તારીખ ૨૦ -૧૦ -૨૦૧૯ થી આ કોન્ટ્રાકટ માં કામે લાગ્યા હતા પરંતુ આજદિન સુધી ત્રણ મહિનાનો પગાર ચૂકવવામાં પણ આવ્યો નથી BVG ના લાગતા વળગતા અધિકારી કે સુપરવાઈઝર ને પગાર માટે રજૂઆત કરતા અધિકારી ૨૦ તારીખ સુધીમા તમારો પગાર થઈ જશે તેમ કહેતા હતા પરંતુ આજે ત્રણ મહિના થવા છતાં કંપનીના અધિકારીઓ પગાર બાબતે કોઈ સંતોષકારક જવાબ આપતા નથી અને આજે કોઈ પણ જાણકારી વિના છૂટા કરી દેવામાં આવ્યા છે.

રાજપીપળા શહેરમાં ૨ દિવસથી ધુમ્મસ સાથે ઠંડી પડતા ઠેર ઠેર તાપણું કરતા લોકો



સવારે ગાઢ ધુમ્મસ સાથે થથરાવતી ઠંડી વચ્ચે જનજીવન અસ્તવ્યસ્ત, વહેલી સવારે દૂધ,પેપર સહિતના ધંધા સાથે સંકળાયેલા લોકોને મુશ્કેલી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા માં છેલ્લા ૨ દિવસ થી દાઢ થિજાવતી ઠંડી સાથે ગાઢ ધુમ્મસ પડતા લોકો ના કામ ધંધા પર માઠી અસર પડી રહી છે. જેમાં ખાસ કરીને દુધ, અખબાર સાથે સંકડાયેલા વ્યક્તિઓ ને વહેલી સવારે ભારે તકલીફ પડે છે.સાથે સવારે ટ્યુશન કલસો માં અભ્યાસ અર્થે જતા વિદ્યાર્થીઓ ની હાલત પણ કફોડી જોવા મળી રહી છે.રાજપીપળા એસટી ડેપો સહિત અનેક વિસ્તરો માં સવારે લોકો તાપણું સળગાવી ઠંડી થી રાહત મેળવતા જોવા મળ્યાં હતાં.

નર્મદા પોલીસે છેલ્લા ૬ મહિનામાં ઈ-મેમો દ્વારા વાહન ચાલકોને ૬ લાખથી વધુનો દંડ ફટકાર્યો

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા શહેર માં લાગેલા સીસીટીવી કેમેરા તો પોતાનું કામ કરે જ છે પરંતુ તેની ઉપર બાઝ નજર રાખતા નર્મદા કમાન્ડ કન્ટ્રોલ દ્વારા છેલ્લા ૬ મહિના એટલે કે જુલાઈ-૨૦૧૯ થી ડિસેમ્બર-૨૦૧૯ દરમિયાન વાહન ચાલકો ને ૬૧૫૨ ચલણ (ઈ-મેમો)અપાયા જેમાં ખાસ બાઈક પર ત્રણ સવારી અને ચાલુ બાઈકે મોબાઈલ પર વાત કરનાર વિરુદ્ધ ખાસ કાર્યવાહી કરી કુલ-૬,૩૧, ૮૦૦/- રૂપિયા દંડ ફટકાર્યો પરંતુ એ પૈકી ૨૭૫૮ પાસે વસુલાત કરી કુલ-૩,૪૪,૬૦૦/- રૂપિયા વસુલાત કરવામાં આવી જ્યારે ૩૩૯૪ ચલણ નો દંડ હજુ બાકી હોય એ તમામ વાહન માલિકો જો દંડ ની રકમ નહિ ભરે તો તેમની સામે કાયદેસર કાર્યવાહી અથવા RTO માં બોજ નંખાશે તેમ જાણવા મળ્યું છે.માટે ઈ-મેમો લઈ ને બેઠેલા અને દંડ ભરવામાં આળસ કરતા વાહન માલિકો એ હવે ચેતવું પડશે નહિ તો તકલીફ પડશે.



- **નર્મદા કમાન્ડ કંટ્રોલન ની બાઝ નજર હેઠળ ૬૧૫૨ વાહન ચાલકો ને ઈ-મેમો ફટકારાયા**
- **૨૦૧૯ ના છેલ્લા ૬ મહિના દરમિયાન કુલ -૬૧૫૨ ચલણ પૈકી ૨૭૫૮ ની વસુલાત કરાઈ જ્યારે અન્ય બાકી ના ૩૩૯૪ વાહન માલિકો પાસે દંડ વસુલાત બાકી છે.**
- **ચલણ મળ્યા બાદ આળસ કરતા વાહન માલિકો આળસ ખંખરે નહિ તો RTO માં દંડ ની રકમ નો બોજ નંખાશે.**
- **સૌથી વધુ ત્રણ સવારી અને ચાલુ બાઈકે મોબાઈલ પર વાત કરનાર વિરુદ્ધ કાર્યવાહી**

કેટલાક વાહન ચાલકો પણ ચાલાક બની ગયા હોય કાયદાના ચક્કર માં ભેરવાશે. રાજપીપળા શહેર માં ચર્ચાતી વાત મુજબ કેટલાક બાઈક ચાલકો કેમેરા ની નજર થી બચવા આગલી નંબર પ્લેટ બેન્ડ વાળી દેતા હોય જેથી સ્પષ્ટ નંબર કેમેરા માં જણાય નહિ માટે ઈ મેમો થી બચી શકાય જયારે કેટલાક હજુ એવું પણ વિચારે છે કે જૂની બાઈક ખરીદી હોય નામ ટ્રાન્સફર ન કરાવીએ તો મુખ્ય વાહન માલિક ને ત્યાં ઈ- ચલણ જશે અને પોતે બચી જશે...પરંતુ આવી છટક બારી કરનારા તત્વો પણ કાયદાના ચક્કર માંથી કેટલું બચશે..?ગમે ત્યારે તો ભાંડો ફૂટશે અને ભેરવાશે એ વાત ચોક્કસ છે.

તિલકવાડાના કંથરપુરાની આધેડ મહિલા એ ઝેરી દવા પિતા મોત

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લા ના તિલકવાડા ના કંથરપુરા ની આધેડ મહિલા એ ઝેરી દવા પિતા મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર કંથરપુરા ગામના ચંદાબેન કંચનભાઈ બારીયા (ઉ.વ.૫૧) ગત તા.૨૯/૧૨/૧૯ ના રોજ પોતાના ખેતરમાં કોઈ કારણોસર જંતુનાશક દવા પી જતા પ્રથમ સારવાર પ્રમુખસ્વામી હોસ્પીટલમાં કરાવ્યા બાદ વધુ સારવાર માટે વડોદરા એસ.એસ.જી મોકલતા ત્યાં તેમનું મોત થયું હતું.તિલકવાડા પોલીસે અ. મોત દાખલ કરી તપાસ હાથ ધરી છે.

ચૌટાબજારમાં બીજા દિવસે પણ પોલીસ સાથે દબાણ વિભાગ ત્રાટકતા નાસભાગ



ગઈકાલે ફેરીયાઓએ હુમલો કરતા કર્મચારીને માતામાં ઈજા થઈ હતી : સવાર પડતા જ ફેરીયાઓ ગોઠવાયા અને દબાણખાતુ પહોંચી ગયું

સુરત

ગતરોજ ચૌટાબજારમાં સેન્ટ્રલ ઝોન દ્વારા દબાણ હટાઓ ઝુંબેશ શરૂ કરાઈ હતી. તે દરમ્યાન એક ઈજનેર પથ્થરમારામાં ઘાયલ થયો હતો. ત્યારબાદ આજે ચાંપતા પોલીસ બંદોબસ્ત હેઠળ સતત બીજા દિવસે પણ દબાણ હટાવવાની કામગીરી યથાવત રાખવામાં આવી છે.

સેન્ટ્રલ ઝોનના સ્ટાફે ગુરૂવારે બપોર બાદ ચૌટાબજારમાંથી ગેરકાયદે પાથરણાનું દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધરી હતી. કેટલાક દુકાનદારોએ બોર્ડ બહાર કાઢતા તેને ઉતારવાની કામગીરી વખત વેલિંગના તણાખલાથી બાજુની દુકાનમાં આગ લાગી હતી. જેનાથી ઉશ્કેરાયેલા અન્ય દુકાનદારોએ પાલિકાના સ્ટાફ ઉપર પથ્થરમારો કર્યો હતો. ડેપ્યુટી ઈજનેર સુખડીયા પથ્થરમારામાં ઘવાયા હતા. તેમ છતાં પાલિકાએ ૧૧ ટ્રક ભરીને માલ સામાન જમ કર્યો હતો. ગતરાત્રે પોલીસ ફરિયાદ પણ નોંધવામાં આવી હતી. આજે સવારથી ફરી સેન્ટ્રલ ઝોનનો સ્ટાફ ચાંપતા પોલીસ બંદોબસ્ત વચ્ચે ચૌટાબજારમાં ખડકી દેવામાં આવ્યો હતો. આજે સવારથી ચૌટાબજારમાં ગેરકાયદે પાથરણાવાળાઓ અને ગેરકાયદે દબાણો દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

જય જલારામ જ્વેલર્સમાં બે કરોડની ચોરી સંદર્ભે દેવામાં ડૂબેલા ઝવેરીની ધરપકડ

વીમો પકવવા માટે દુકાનદારે જ ચોરીનું તરકટ ઉભુ કર્યું હતું : વલસાડ પોલીસે રહસ્યનો પર્દાફાશ કર્યો

સુરત

વલસાડ જિલ્લાના પારડી પોલીસ મથકે જય જલારામ જ્વેલર્સમાં દોઢથી બે કરોડના દાગીનાની ચોરી થઈ હોવાની ફરિયાદ નોંધાઈ હતી. આ ચકચારીત પ્રકરણમાં પોલીસે ઉંડાણપૂર્વક તપાસ કરતા જ્વેલર્સે આર્થિક ભીંસ અને દેવાથી બચવા વીમો પકાવવા જાતે ચોરી કરાવી હોવાનો ખુલાસો વલસાડ પોલીસ દ્વારા કરવામાં આવ્યો.

વલસાડ પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ પારડી ખાતે પારસી સ્ટ્રીટમાં આવેલ જય જલારામ જ્વેલર્સના માલિક દિલીપભાઈ બળવંત પારેખે ૩૦મી ડિસેમ્બરના રોજ ફરિયાદ નોંધાવી હતી કે તેમની દુકાનમાં ચોરી થઈ છે. તેઓ પરિવાર સાથે ૨૬-૧૨ થી ૩૦-૧૨-૨૦૧૯ સુધી બહાર ગામ હતા. તે દરમ્યાન કોઈ ચોર ઈસમ તેમની દુકાનના ટેરેસની બારી તોડી અંદર પ્રવેશી લોખંડની તિજોરી અને કબાટમાંથી દોઢથી બે કરોડના દાગીના ચોરી કરી ગયો હતો. આ ફરિયાદના આધારે ડીએસપી સુનિલ જોષીના માર્ગદર્શનમાં ડીવાયએપી એમ.એન. ચાવડાએ સ્થળ મુલાકાત લીધી હતી. તપાસ કરનાર પારડી પી.આઈ. ઝાલાની તપાસમાં ફરિયાદી પર શંકા જતા તેની જીણવટભરી તપાસમાં તે પડી ભાંગ્યો હતો. દિલીપભાઈએ જણાવ્યું કે છેલ્લા એક દોઢ વર્ષથી ધંધો બરાબર ચાલતો ન હતો. બેંક લોન, પર્સનલ લોન, કારલેન તથા અન્ય ઉછીના રૂપિયા લીધેલ તેના વ્યાજ અને માસિક હપ્તા પેટે માસિક લાખથી સવા લાખનું ચૂકવણું બારે પડ્યું હતું. આર્થિક સંકળામણ દરમ્યાન આત્મહત્યાનો વિચાર આવતા પત્ની અને બાળકોના ભવિષ્યને લઈ આત્મહત્યા ન કરી આત્મહત્યા કરવાના બદલે દુકાનમાં જ્વેલરીનો ૧.૩૦ કરોડનો વીમો ઉતારાવ્યો હતો અને દુકાનમાં ચોરી થાય તો વીમો પાકી જાય તેવી યોજના બનાવી હતી. દિલીપભાઈએ જૂના સેલ્સમેનને વિશ્વાસમાં લઈ ચોરીનું તરકટ રચાવ્યું હતું. વલસાડ પોલીસે ચોરીનો મુદ્દામાલ કબજે લઈ વધુ તપાસ હાથ ધરી છે.

બ્રાન્ડેડ કંપનીના નામે નકલી માલના ગોડાઉન પર દરોડા

મસાલાના નકલી ૧૦ હજારથી વધુ પેકેટ જપ્ત કરાયા

સુરત

બ્રાન્ડ કંપનીના ડુપ્લીકેટ મસાલા વેચનારની સામે ડીંડોલી પોલીસ સ્ટેશને કોપી રાઈટ એક્ટ સહિતની કલમો અન્વયે ગુનો દર્જ થયો હતો. ડીંડોલી પોલીસે રૂપિયા ૭,૬૧,૦૨૯ની કિંમતની ચીજ વસ્તુ કબજે કરી હતી.

આ અંગે ચૌટાબજારના ધર્મેશ બાબુભાઈ પાનવાળાએ આરોપી પુખરાજ ઉર્ફે પ્રકાશ કાળુજી કલાલ (ડીંડોલી રાજદીપ સોસાયટી) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદીના એવરેસ્ટ બ્રાન્ડના ચીકન-મટન મસાલા પેકેટોમાં ડુપ્લીકેટ મસાલાના બનાવી બ્રાન્ડ તરીકે વેચાણ કરી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. ફરિયાદના આધારે ડીંડોલી પોલીસે દરોડા પાડી રૂપિયા ૭,૬૧,૦૨૯ની કિંમતના ૧૦,૩૨૦ નંગ મસાલાના પેકેટ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

વાંસદામાં ટેમ્પાની અડફેટે ચઢતા માસુમ બાળકનું મોત

નવસારી

વાંસદાના પ્રતાપનગરમાં ગોળાના કોલાના કંપાઉન્ડમાં રમતા માસુમ બાળક પર ટેમ્પાનું વ્હીલ ફરી વળતા અરેરાટી ભર્યું મોત નીપજ્યું હતું.

પોલીસ દ્વારા પ્રાપ્ત વિગત મુજબ વાંસદા તાલુકાના પ્રતાપ નગર ખાતે આવેલ વિજયસિંહ નટવરસિંહ પરમારના ગોળના કોલાના કંપાઉન્ડમાં ગત તા.૩૧-૧૨-૨૦૧૯ના રોજ એક ટેમ્પો નં.જીજે-૦૫-વાયવાય-૬૭૦૦ ગોળ ભરવા માટે આવ્યો હતો. આ ટેમ્પોના ડ્રાઈવરે પોતાનો ટેમ્પો કંપાઉન્ડમાં પૂરપાટ ઝડપે હંકારી લઈ જઈ કંપાઉન્ડમાં રમતાં બે વર્ષના માસુમ બાળક આર્યન ગેલસિંગ જમરાને અડફેટમાં લઈ ટેમ્પાનું વ્હીલ ફરી વળતા ગંભીર હાલતમાં આર્યનને ચીખલીની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કર્યો હતો. જ્યાં તેનું સારવાર દરમ્યાન કરૂણ મોત નીપજ્યું હતું.

સુરતના સાડીના વેપારી સાથે સાત વેપારીઓ દ્વારા ૪૨.૬૬ લાખની ઠગાઈ

સુરત

સુરતના કાપડ દલાલ સાથે મળીને બેંગ્લોરના ૬ અને હૈદરાબાદના એક વેપારી સુરતના નવરતન સાડીના વેપારી સાથે રૂપિયા ૪૨,૬૬,૯૨૩ની ઠગાઈ કરી હતી. સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ રિંગરોડ સિલ્કસિટી માર્કેટમાં નવરતન સાડીની દુકાન ધરાવતા જીવારામ રૂઘનાથ પટેલે આરોપી ઉદારામ દેવાશી (મહાદેવ સાડી), સીતારામ ધનારામજી અગલેચા (નયના-દિપીકા હાઈફેશન), કૈલાશ સીરવી (ચારભૂજા ટેક્ષ્ટાઈલ્સ), કુસુમ સુરેશદાસ (મોનીકા સારીઝ), ભુંડારામ ઉર્ફે મુન્ના સીરવી (મોહિત ઈન્ટરપ્રાઈઝ), મહેન્દ્રકુમાર વૈષ્ણવ (પદમાવતી સાડી), અબ્દુલ રિયાઝ (એસ.આર. ટેક્ષ્ટાઈલ્સ) તમામ બેંગ્લોર અને હૈદરાબાદના વેપારી તથા સુરતના અંબેશ્રી એજન્સીના નામથી કાપડ દલાલી કરતા મદનલાલ ઘાંચી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં ફરિયાદી પાસેથી રૂપિયા ૪૨,૬૬,૯૨૩ની કિંમતની સાડીનો જથ્થો ખરીદી પેમેન્ટ નહીં ચૂકવી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

હીરા દલાલ પાસેથી લીધેલુ હીરાનું પેકેટ બદલી ૨૬.૩૨ લાખની ઠગાઈ

સુરત

હીરા દલાલ સાથે વેપારીએ રૂપિયા ૨૬.૩૨ લાખની ઠગાઈ કરી હતી. હીરા ખરીદવાના બહાને મેળવી હીરા બદલી ખોટા હીરા પેકેટ આપી ઠગાઈ કરવામાં આવી હતી.

વરાછા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વરાછા ઉમિયાધામ, અમરજયોત એપાર્ટમેન્ટમાં રહેતાં હીરાદલાલ અશ્વિન મહેન્દ્ર પટેલે વરાછા મીનીબજાર, ડાયમંડ વર્લ્ડમાં હીરાની ઓફિસ ધરાવતા અનિલ નકલેશ પાઘડાળ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપી અનિલે ફરિયાદ હીરા દલાલ અશ્વિનભાઈને પોતે મોટા હીરાના વેપારી હોવાનું જણાવી હીરાનો માલ લઈને પોતાની ઓફિસે બોલાવી હીરા ખરીદવાના બહાને હીરા મેળવી ફરિયાદીએ આપેલા હીરાના પેકેટ બદલી રૂપિયા ૨૬,૩૨,૪૩૦ની ઠગાઈ કરી હતી. વરાછા પોલીસે ફરિયાદ નોંધી પો..ઈ. ડી.એસ કોરાટે તપાસ હાથ ધરી છે.